સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11





# અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઈરાન પર ભયાનક હુમલા

## યુદ્ધના ૪૮ કલાકમાં ઈરાનના ૧૦૦૦ સ્થળો પર હુમલા, ૨૦૦૦ બોમ્બ અને હજારો મિસાઈલો ઝીંકાઈ



## ઈરાનની સેનાને શરણાગતિ સ્વીકારવા ટ્રમ્પની ચેતવણી

### ઈરાન પર ભયાનક હુમલા ચાલુ જ રહેશે : ટ્રમ્પનો હુંકાર

નવી દિલ્હી, તા. ૨

અમેરિકા અને ઈઝરાયેલ શનિવારથી ઈરાન સામે શરૂ કરેલા યુદ્ધમાં પ્રથમ ૨૪ કલાકમાં જ ઈરાનના સર્વોચ્ચ વડા આયાતુલ્લાહ અલી ખામેનેઈ સહિત ઈરાની સેના તથા સરકારના ૪૮ જેટલા ટોચના નેતૃત્વના ખાત્મા અને આ યુદ્ધમાં ઈરાને હવે પુરા મધ્યપુર્વમાં અમેરિકી મથકો અને ઈઝરાયેલ પરના હુમલા આગામી સમયમાં ચાલું જ રહેશે તેવા સંકેત છે.એક તરફ ઈરાને તેના સર્વોચ્ચ વડા અને સેંકડો ઈરાનીઓના મોતનો બદલો લેવાની જાહેરાત કરી છે તો અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યુ છે કે જયાં સુધી અમારા લક્ષ્યોને હાંસલ કરી લેવાશે નહી ત્યાં સુધી ઈરાન પર હુમલા ચાલુ રહેશે. ટ્રમ્પે ઈરાનના હુમલામાં ત્રણ અમેરિકન સૈનિકોના મોત થયાનું સ્વીકાર કરવાની સાથે તે પણ વાસ્તવિકતા સ્વીકારી કે હજું વધુ સૈનિકોના બલીદાન લેવાઈ શકે છે.ટ્રમ્પે ઈરાનીયન સૈન્ય અને પોલીસને શરણે આવવા અપીલ કરતા કહ્યું કે જો તમો તેમ કરશો તો પુરી માફી અપાશે. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનના નવ યુદ્ધ જહાજોને ડુબાડી દેવાયા છે તેનું નૌકાદળ સારકામ કરે છે પણ અમોએ તેના નૌકાદળ મથકને ખત્મ કર્યુ છે અને હજુ વધુ જહાજોને તોડી પડાશે.અમોએ ઈરાનમાં રીવોલ્યુશનથી ગાર્ડ અને તેના હવાઈ સુરક્ષાની પ્રણાલી સહિત સેંકડો ટાર્ગેટને ધ્વંશ કર્યા છે. ટ્રમ્પે કહ્યું કે અમો ત્રાસવાદી સેનાને દુનિયાને ડરાવી શકે તેવા શસ્ત્રો હાંસલ કરવા દઈ શકીએ નહી. અમો તેને અણુ શસ્ત્રો હાંસલ કરવા દઈ શકીએ નહી.

અનુસંધાન પાના ૭ પર

## વળતા પ્રહારમાં ઈરાને ૯ દેશોના અમેરિકી મથકોને નિશાન બનાવ્યા

નવી દિલ્હી, તા. ૨

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ત્રીજો દિવસ છે. શનિવારે શરૂ થયેલા આ જંગના પહેલા જ દિવસે ઈરાની સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીનું મૃત્યુ થયું હતું. રવિવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં ઈરાનના ૪૮ 'નેતાઓ' માર્યા ગયા છે.ઈઝરાયલી સેનાના જણાવ્યા અનુસાર, યુદ્ધના પ્રથમ ૩૦ કલાકમાં ૨,૦૦૦થી વધુ બોમ્બ ફેંકવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન ફાઈટર જેટ્સે ૭૦૦થી વધુ ઉડાન ભરી છે. ઈરાને વળતા જવાબમાં ઈઝરાયલ સહિત ૯ દેશોમાં આવેલા અમેરિકી બેઝ પર હુમલા કર્યા છે. ઈરાનમાં ખામેનીના મોત પર ઈરાનમાં ૪૦ દિવસનો રાજકીય શોક અને સાત દિવસની રજા જાહેર કરવામાં આવી છે. ઈરાનમાં સત્તા સંભાળવા માટે હાલમાં ત્રણ સભ્યોની એક કામચલાઉ (અસ્થાયી) સમિતિ બનાવવામાં આવી છે. જેમાં દેશના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, ન્યાયતંત્રના વડા મોહસેની એજેઈ અને ધર્મગુરૂ અલીરઝા અરાફી સામેલ છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈઝરાયલે એક નવો વીડિયો જાહેર કર્યો છે જેમાં તેની વાયુસેના દ્વારા ઈરાની બેલિસ્ટિક મિસાઈલ લોન્ચર લઈ જઈ રહેલા ટ્રકને નષ્ટ કરતા દર્શાવવામાં આવ્યું છે. આ ઘટના ત્યારે સામે આવી છે જ્યારે અમેરિકા અને ઈઝરાયલ મળીને ઈરાનના સૈન્ય ઠેકાણાઓ અને મિસાઈલ ક્ષમતાને નબળી પાડવા માટે સતત હુમલા કરી રહ્યા છે.ઈરાયલી સેના અનુસાર, તેમના ડ્રોન અને ગુપ્તચર દેખરેખ પ્રણાલીએ એક એવા ટ્રકની ઓળખ કરી જે બેલિસ્સિટક મિસાઈલ લોન્ચર લઈને જઈ રહ્યો હતો અને સંભવતઃ ઈઝરાયલ તરફ મિસાઈલ છોડવાની તૈયારી કરી રહ્યો હતો.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે અમેરિકા અને

અનુસંધાન પાના ૭ પર

## ઈરાન વિરુદ્ધ યુદ્ધમાં નાટો ઝંપલાવશે

### સાપપ્રસ બ્રિટીશ એરબેઝ પર ઈરાનનો ડ્રોન હુમલો

નવી દિલ્હી, તા. ૨

અમેરિકા અને ઈઝરાયેલ એ ઈરાનને ધમરોળવાનું ચાલુ રાખ્યા બાદ અને ઈરાને વળતા હુમલામાં યુએઈ- સાઉદી અરેબીયા સહિત પુરા મધ્યપુર્વમાં અમેરિકી મથકો પર હુમલા શરૂ કરતા જ યુદ્ધ વધુ ભીષણ બની રહ્યું છે.

ઈરાન એક સાથે અનેક મોરચે લડી રહ્યું છે તે વચ્ચે ગઈકાલે સાયપ્રસમાં બ્રિટીશ એરબેઝ પર પણ ઈરાનનો ડ્રોન હુમલો થતા પુરૂ નાટો એલર્ટ થઈ ગયું છે અને હવે બ્રિટન ફ્રાન્સ પણ ઈરાન વિરુદ્ધ જંગમાં સામેલ થશે તો યુદ્ધ વધુ ભયાનક બનશે.બ્રિટનના વડાપ્રધાન કિર સ્ટામરે જાહેરાત કરી છે કે ઈરાન પરના હુમલા માટે અમેરિકાને બ્રિટીશ સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજુરી અપાઈ છે. ઈરાનના મિસાઈલ મથકો જેમાં લોન્ચર સ્થળો પણ સામેલ છે. તેમાં અમેરિકી દળો ઉપયોગ કરી શકે છે.ઉપરાંત સાયપ્રસ પર હુમલા અંગે કહ્યું કે આ ક્ષેત્રમાં બ્રિટીશ હીતોથી સુરક્ષા માટે આવશ્યક તમામ પગલા લેવાશે. ઈરાન દ્વારા એરપોર્ટને હોટેલ પર હુમલામાં બ્રિટીશ નાગરિકો પણ નિશાન બન્યા છે. બ્રિટીશ ફાઈટર જેટ હાલ ઈરાની મિસાઈલ તોડી પાડવા માટે સક્રીય છે તો ફ્રાન્સ-જર્મનીને પણ હવે આ યુદ્ધમાં અમેરિકાને સાથ આપવા જાહેરાત કરી છે.

## ૫૬૦ અમેરિકી સૈનિકો મરાયા હોવાનો ઈરાનનો દાવો અમેરિકાએ ફગાવ્યો

### સોમવારે રાત્રે ઇઝરાયલે બૈરુતમાં તબાહી મચાવી

નવી દિલ્હી, તા. ૨

મધ્ય પૂર્વમાં મહાયુદ્ધ ફાટી નીકળ્યું છે. અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પરના હુમલાનો આજે બીજો દિવસ છે અને સ્થિતિ પળેપળે વધુ ભયાનક બની રહી છે. ઈરાને વળતા પ્રહારમાં કુવૈત અને બહેરીન જેવા દેશોમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ ઈરાન વિરુદ્ધ એર સ્ટ્રાઈકનો વીડિયો શેર કર્યો હતો. જેમાં ઈરાની એરબેઝ, મિસાઈલ લોન્ચ સાઈટ, ડ્રોન સાઈટ અને અન્ય સૈન્ય ઈમારતો પર હુમલો બતાવાયો છે.

ઉલ્લેખનીય છે કે ખામેનેઈના મોત બાદ લેબેનોનના હિઝબુલ્લાહ સંગઠને પણ ઈઝરાયલ અને અમેરિકાના ઠેકાણાઓને નિશાન બનાવતા રોકેટ અને મિસાઈલ હુમલા કરવાનું શ કરી દીધું છે જેના લીધે ઈઝરાયલની મુશ્કેલી વધી ગઈ હતી. જોકે હવે ઈઝરાયલે તેમના હુમલાનો જવાબ આપતા લેબેનોનની રાજધાની બેરુતમાં પ્રચંડ હુમલો કર્યો હતો જેના દશ્યો સામે આવ્યા છે.

ઈઝરાયલી સેનાએ રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ તેહરાન પર મોટો હુમલો કર્યો છે. ૫૬૦ અમેરિકન સૈનિકોના મોતનો ઈરાનનો દાવોઈરાનના IRGC એ દાવો કર્યો છે કે તેમના મિસાઈલ અને ડ્રોન હુમલામાં અત્યાર સુધીમાં ૫૬૦ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે. તેમણે અમેરિકન યુદ્ધ જહાજ 'USS અબ્રાહમ લિંકન' પર ચાર બેલેસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હોવાનું પણ જણાવ્યું છે, જોકે અમેરિકાએ આ દાવાને નકારી કાઢ્યો છે.

## કુવૈતમાં અમેરિકાનું ફાઈટર જેટ ક્રેશ ઈરાનનો દુબઈ-અબુ ધાબીમાં બોમ્બમારો

### યુદ્ધમાં ઈઝરાયલ વિરુદ્ધ હિઝબુલ્લાહ પણ સામેલ

નવી દિલ્હી, તા. ૨

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન યુદ્ધનો આજે ત્રીજો દિવસ છે. આ દરમિયાન કુવૈતમાં અમેરિકાનું એક ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું છે. જ્યારે, દુબઈમાં ફરીથી વિસ્ફોટોના સમાચાર સામે આવ્યા છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, એર ડિફેન્સ સિસ્ટમે કેટલાક શંકાસ્પદ ડ્રોન અને મિસાઈલોને હવામાં જ તોડી પાડ્યા. અહીં સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે. આના લગભગ ૧૬ કલાક પહેલા દુબઈના પોર્ટ અને બુર્જ ખલીફા પાસે હુમલો થયો હતો.આ યુદ્ધમાં લેબનોનનું ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહ પણ સામેલ થઈ ગયું છે. તેણે ઈઝરાયલમાં ઘણી જગ્યાએ બોમ્બમારો કર્યો છે. બીજી તરફ ઈઝરાયલે સરહદને અડીને આવેલા લેબનોન, દહિયાહ અને રાજધાની બેરૂતના ૫૦ ગામો ખાલી કરાવ્યા છે.દહિયાહને હિઝબુલ્લાહનો ગઢ માનવામાં આવે છે. ૨૦૨૪માં આ વિસ્તાર પર ઘણી વખત હુમલો થયો હતો અને તે પછી પણ ઘણી વખત હુમલા થયા. તે વર્ષે નવેમ્બરમાં યુદ્ધવિરામ થયું હતું.ઈઝરાયલ પર આરોપ છે કે તેણે કરારનું પાલન કર્યું નથી અને હુમલા ચાલુ રાખ્યા. ઈઝરાયલનું કહેવું છે કે હિઝબુલ્લાહ ફરીથી હથિયારો એકઠા કરી રહ્યું છે અને લેબનોની સરકાર તેને રોકવા માટે પગલાં લઈ રહી નથી.ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનની રાજધાની તેહરાન સહિત ૧૦ મોટા શહેરોને નિશાન બનાવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૭૪૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. એક શાળા પર મિસાઈલ પડવાથી ૧૮૦ વિદ્યાર્થીનીઓના મોત થયા છે અને ૪૫ ઘાયલ છે

## ઈરાન પર હુમલાના વિરોધમાં પીઓકેમાં હિંસક વિરોધ પ્રદર્શન

### કરાંચીમાં વિરોધ પ્રદર્શનમાં કુલ ૨૩નાં મોત

નવી દિલ્હી, તા. ૨

પાકિસ્તાનના કરાચીમાં આવેલા યુએસ એમ્બેસીમાં ખામેનીના મોતના વિરોધમાં રવિવારે હિસા ફાટી નીકળી હતી. કોન્સ્યુલેટમાં ઘૂસેલા પ્રદર્શનકારીઓ પર એમ્બેસીની અંદરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં ૨૩ લોકો માર્યા ગયા છે અને ૧૦થી વધુ ઘાયલ થયા છે. આ પ્રદર્શન ઈમામિયા વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું. Pokના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ખામેનીના મોત મામલે વિરોધ પ્રદર્શન ચાલુ છે. હોસ્પિટલમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન કર્ણાટકના ૧૦૦ લોકો દુબઈ અને બહેરીનમાં ફસાયા છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે, મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઘણી ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. સેંકડો મુસાફરો એરપોર્ટ પર ફસાયા છે. આ તરફ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના લાલ ચોક પર બેરિકેડ લગાવવામાં આવ્યા છે. ત્યાં ભારે સુરક્ષા દળો તહેનાત છે. ખામેનીના મોતના વિરોધમાં રવિવારે શિયા સમુદાયના સભ્યોએ લાલ ચોક પર વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સતત બે દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. મિડલ ઈસ્ટના દેશોમાં ફસાયેલા ભારતીયો અને ભારતમાં સુરક્ષાને લઈને પીએમ મોદીના નિવાસસ્થાને રવિવારે રાત્રે ૯.૩૦ વાગે સુરક્ષા સમિતિની બેઠક મળી હતી. બેઠકમાં શાહ, રાજનાથ, CDS ચૌહાણ નાણામંત્રી પણ હાજર રહ્યા હતા.

મીટિંગમાં વેસ્ટ એશિયામાં રહેતા ભારતીયો અને ત્યાં ફસાયેલા લોકોની સુરક્ષા, પરિસ્થિતિ બગડે તો તેનો કેવી રીતે સામનો કરવો, તેના પર ચર્ચા થઈ. હાલમાં, વેસ્ટ એશિયાનું એરસ્પેસ લગભગ બંધ છે. પીએમએ ઠ પોસ્ટમાં જણાવ્યું કે તેમણેં છઈના પ્રેસિડેન્ટ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી.પીએમએ લખ્યું- 'ભારત આ મુશ્કેલ સમયમાં UAE સાથે ઊભું છે. ત્યાં રહેતા ભારતીય સમુદાયનું ધ્યાન રાખવા બદલ તેમનો આભાર માન્યો. અમે તણાવ ઓછો કરવા, શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને સમર્થન આપીએ છીએ.' તેમણે UAE પર થયેલા હુમલાઓની નિંદા કરી.

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાએ ઈરાનમાં બંકર બસ્ટર બી-૨ બોમ્બ ઝિંક્યા

### ઈરાની હુમાલમાં ૩ અમેરિકન અને ૮ ઈઝરાયેલી સૈનિકોના મોત

નવી દિલ્હી, તા. ૨

અમેરિકા-ઈઝરાયલે ભેગા મળીને ઈરાન પર ભયાનક હુમલાઓ કર્યા બાદ હવે અમેરિકાએ પોતાના શક્તિશાળી હથિયાર ચાર બી-૨ બોમ્બરથી ઈરાન પર હુમલો કર્યો છે. અમેરિકાએ આ બોમ્બરથી ૨૦૦૦ પાઉન્ડના ડઝનથી વધુ પેનેટ્રેટર બોંબ ઈરાન પર ઝિંક્યા છે. પેનેટ્રેટર બોંબ એક વિશેષ પ્રકારના બંકર બસ્ટર હથિયાર છે, જે જમીનની અંદર ઊંડાઈમાં બનેલા મજબૂત બંકરો, પરમાણુ સુવિધાઓ અથવા કિલ્લા જેવા સ્થળોને નષ્ટ કરી નાખવા માટે ડિઝાઈન કરાઈ છે.મીડિયા રિપોર્ટ, અમેરિકા અને ઈઝરાયલે શનિવારથી ડ્રોન અને મિસાઈલોથી હુમલાઓ કર્યા બાદ આજે હવે ઈ-૨ બોમ્બરનો ઉપયોગ કર્યો છે. અમેરિકાએ ઈરાનની અંડરગ્રાઉન્ડ સુવિધાઓને નષ્ટ કરવા માટે આ બોમ્બને ડિઝાઈન કર્યો છે.

અનુસંધાન પાના ૭ પર

## અફઘાને હુમલો કરી પાક.નું નૂરખાન એરબેઝ ફૂંકી માર્યું

### ૪૦૦ તાલીબાનો મરાયા હોવાનો પાક.નો દાવો

નવી દિલ્હી, તા. ૨

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર છેલ્લા ચાર દિવસથી સતત હવાઈ હુમલા અને ગોળીબાર ચાલુ છે. તાલિબાન સરકારનું કહેવું છે કે અમે પાકિસ્તાનના અત્યંત સંવેદનશીલ નૂર ખાન એરબેઝ પર હુમલો કર્યો છે. આ એરબેઝ રાવલપિંડીમાં છે.આ સાથે જ તાલિબાનના એક મંત્રીએ દાવો કર્યો કે તેમના તાલીબાનીઓ ડ્યુરન્ડ લાઇન પાર કરીને પાકિસ્તાનની જમીનમાં ઘૂસી ગયા છે. તાલિબાન અનુસાર, ક્વેટા અને ખૈબર પખ્તુનખ્વાના કેટલાક સૈન્ય ઠેકાણાઓ પર પણ હુમલા કરવામાં આવ્યા છે.આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કાબુલ, બાગ્રામ અને અન્ય વિસ્તારોમાં કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. બીજી તરફ પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ અફઘાન તાલીબાની માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે.

અનુસંધાન પાના ૭ પર

## ભારત સહિત વિશ્વ શેર બજારો તૂટતા સોનુ-ચાંદી અને ક્રૂડના ભાવમાં ભડકો

### વૈશ્વીક અર્થતંત્ર પર અમેરિકા ઈઝરાયેલ-ઈરાન યુદ્ધની કારમી થપાટ

નવી દિલ્હી, તા. ૨

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના કારણે શેરબજારમાં આજે એટલે કે ૨ માર્ચના રોજ ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ ૧૧૦૦ પોઈન્ટ (૧.૪૦%) થી વધુના ઘટાડા સાથે ૮૦,૧૦૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ અંદાજે ૩૫૦ પોઈન્ટ (૧.૪૦%)નો ઘટાડો છે, તે ૨૪,૮૫૦ના સ્તર પર છે.ભૌગોલિક રાજકીય તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિમાં મોંઘવારી વધવાનો ખતરો રહે છે. આનાથી કંપનીઓનો



નફો ઓછો થઈ શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારો તેમના શેર વેચવાનું શરૂ કરી દે છે અને તેને સોના-ચાંદી જેવી સુરક્ષિત જગ્યાએ રોકાણ કરે છે. આનાથી બજારમાં ઘટાડો આવે છે.ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજીના કારણે આજે એનર્જી અને ઓટો શેરોમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૦% વધીને ૭૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ તણાવ વધુ વધશે, તો તેલની કિંમતો ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.

અનુસંધાન પાના ૭ પર



# ગોડાદરા રાધેશ્યામ ઈંગ્લિશ સ્કૂલમાં વિજ્ઞાન-કલાનું પ્રદર્શન

## વિદ્યાર્થીઓએ રજૂ કરેલા પ્રયોગથી વાલીઓ આશ્ચર્યચકિત

સુરત, તા.૨

સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા રાધેશ્યામ ઈંગ્લિશ સ્કૂલ દ્વારા તારીખ ૧..૩..૨૦૨૬ ને રવિવારનાં રોજ વિજ્ઞાન અને કળા પ્રદર્શનીનું આયોજનમા ૮૦૦ થી પણ વધુ વિદ્યાર્થિયોએ ભાગ લીધો હતો અને ૨૦૦૦ કરતા વધારે વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા આ વિજ્ઞાન અને કળા પ્રદર્શમાં વિદ્યાર્થીઓએ ફાયર અલાર્મ, રોડ સેફટી અલાર્મ, ગુરુત્વાકર્ષણ બળ તેમજ વિજ્ઞાન પ્રમાણે અનેક પ્રકારના જુદા જુદા એક્સ્પેરીમેન્ટ કરી બધા વાલિયોને આશ્ચર્યચકિત કરી દીધા હતા વધુમાં વિદ્યાર્થીઓ દ્વારા સૌરમંડળની અદ્ભુત કળા-કૃતિયો કતેમજ .આર્ટ ગેલેરી .સોલાર સિસ્ટમ. નાના બાળકો દ્વારા અલગ અલગ ફ્રૂટમાંથી બનાવેલી વસ્તુવો તેમજ સ્કૂલમાં પ્રવેશ કરતાને સાથે જે ભક્તિમય દ્રષ્યો જોઈને બધા વાલિયોએ અભિનંદન પાઠવ્યા હતા અને એની સાથે લોકોને મનોરંજન માટે લોક જાગૃતિ ના દ્રશિયો તેમજ કૈલાશ પર્વત તેમજ આયોધમાં રામ મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું તેની થીમશ પર મંદિર ની થીમ્સ બનાવામાં આવી હતી આ કળા જોય ને સ્કૂલ પર આવનારા વાલિયો ખુબ જ આનંદિત થયા હતા આ ભવ્ય આયોજન જોય ને વાલિયોએ તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા વિદ્યાલય પરિવારને ખૂબ-ખૂભ અભિનંદન પાઠવ્યા હતા અને બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય વિદ્યાલયમાં જોવાથી બધાજ વાલિયોએ આનંદની અનુભૂતિ કરી હતી આ ભવ્ય વિજ્ઞાન પ્રદર્શમાં ગોડાદરા પોલીસ સ્ટેશન વિસ્તારનાૈ જૈ જે આર તિવારી તેમજ વિદ્યાલયનાં ટ્રસ્ટીશ્રી આલોક પટેલ સર સાગર પટેલ સર દ્વારા બાળકોની કળા-કૃતિ અને એમની મેહનતને ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને છોકરાઓનાં ઉજ્જવળ ભવિષ્ય માટે એવા પ્રોગ્રામની જરૂરીયાત મહસૂસ કરી અને એમના ઉજ્જવળ ભવિષ્ય માટે સદૈવ રહેવા માટે નું આશ્વાસન પાઠવ્યા હતા.

# તબલા વાદનમાં સુરતનો હર્ષલ ત્રિભુવન સમગ્ર રાજ્યમાં પ્રથમ

## સંગીત અકાદમીની સ્પર્ધામાં પાંડેસરાના યુવકે સુરતનું ગૌરવ વધાર્યું

સુરત, તા.૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય ગાયન-વાદન સ્પર્ધા'માં સુરતના યુવા કલાકાર હર્ષલ કૈલાશ ત્રિભુવનએ ઝળહળતી સફળતા મેળવી છે. ગત ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલી રાજ્ય સ્તરની તબલા વાદક સ્પર્ધામાં હર્ષલે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સુરત શહેર અને સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે.



હર્ષલ હાલ મ્મ્છ ના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ સંગીત પ્રત્યેનો તેમનો લગાવ બાળપણથી જ રહ્યો છે. વર્ષ ૨૦૧૮થી તેઓ નવસારીના જાણીતા ગુરુજી શ્રી નંદુભાઈ ક્ષીરસાગર પાસે તબલાની સઘન તાલીમ લઈ રહ્યા છે.અજોડ લગન અને શિસ્તબદ્ધ રિયાઝને કારણે આજે તેઓ ગુજરાતના શ્રેષ્ઠ ઉભરતા તબલા વાદક તરીકે ઉભરી આવ્યા છે.? સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા હર્ષલે આ સિદ્ધિ મેળવીને પોતાના માતા-પિતા અને ગુરુજીનું નામ રોશન કર્યું છે. એક સામાન્ય પરિવારમાંથી આવતા અને અભ્યાસની સાથે શાસ્ત્રીય સંગીતમાં આટલી મોટી સિદ્ધિ મેળવવી એ આજના યુવાનો માટે પ્રેરણારૂપ છે. હર્ષલની આ સિદ્ધિ તેની વર્ષોની તપસ્યાનું ફળ છે. શાસ્ત્રીય સંગીત પ્રત્યેની તેની શિસ્ત તેને ખૂબ આગળ લઈ જશે. આ સફળતા બદલ તેના પરિવારજનો, મિત્રો અને સંગીત પ્રેમીઓએ હર્ષલ તથા તેના ગુરુજી નંદુભાઈને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. સૌ કોઈ હર્ષલ આગામી સમયમાં સંગીત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.





# બિહાર વિકાસ પરિષદ દ્વારા હોળી સ્નેહ મિલન સમારંભ

## હોળી ઉત્સવમાં ગુજરાત અને બિહારની સંસ્કૃતિનું પ્રદર્શન

સુરત, તા.૨

હોલી સ્નેહ મિલન સમારોહ - ૨૦૨૬ શનિવાર, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બિહાર વિકાસ પરિષદ, સુરત અને બિહાર ફાઉન્ડેશન, ગુજરાત ચેટરના સંયુક્ત આશ્રય હેઠળ યોજવામાં આવ્યો હતો. હોલી સ્નેહ મિલન સમારોહમાં ગુજરાત અને બિહારની સાંસ્કૃતિક ચેતના અને સામાજિક સંવાદિતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

બિહાર વિકાસ પરિષદ અને બિહાર ફાઉન્ડેશન ગુજરાત ચેપ્ટર (બિહાર સરકારનો નિગ્રન્ટ સેલ) દ્વારા આયોજિત હોલી સ્નેહ મિલન સમારોહ શનિવાર, ૨૮.૦૨.૨૦૨૬ ના રોજ સાંજે ૭ થી ૧૧ વાગ્યા સુધી સંજીવ કુમાર ઓડિટોરિયમ, પાર્ટી પ્લોટ, રાજહંસ સિનેમા પાસે, પાલ, સુરત ખાતે યોજાયો હતો. બિહાર વિકાસ પરિષદ અને બિહાર ફાઉન્ડેશન ગુજરાત ચેપ્ટર (બિહાર સરકારનો નિગ્રન્ટ સેલ) દ્વારા આયોજિત હોળી સ્નેહ મિલન સમારોહ એક સફળ કાર્યક્રમ હતો. બિહાર વિકાસ પરિષદ હંમેશા ધાર્મિક વારસાને પ્રોત્સાહન આપવા અને બિહારના તમામ ૩૮ જિલ્લાઓ અને ઝારખંડના કેટલાક જિલ્લાઓમાંથી આવેલા તમામ સ્થળાંતરિતોના સમાજને જોડવા માટે કાર્ય કરી રહ્યું છે. આ સમારોહમાં ઉત્તર ભારતીય સમાજના અગ્રણી મહાનુભાવો હાજર રહ્યા હતા અને હોળી મિલન સમારોહમાં ભાગ લીધો હતો. એકબીજા પર અબીર ગુલાલ લગાવીને અને એકબીજાને ગળે લગાવીને ભાઈચારો અને પ્રેમનો સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપરોક્ત હોળી મિલન સમારોહના સાંસ્કૃતિક કાર્યક્રમમાં, ગાયક વિજય શુક્લાએ સૂરસંગ્રામ ગાયિકા સુશ્રી કિરણ કશ્યપની ટીમ સાથે હોળીના લોકગીતો રજૂ કરીને મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા, ઉપસ્થિત મહેમાનો માટે સ્વાદિષ્ટ સાત્વિક (પરંપરાગત) ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# એલએન્ડટીના કામદારોના હિતમાં સુરત કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન



## કામદારોની હેલમેટ પહેરીને આગાવનોએ કરેલા દેખાવો

સુરત, તા.૨

સુરત હજીરામાં L&T કંપનીમાં કામદારો દ્વારા તાજેતરમાં થયેલા વિરોધ પ્રદર્શન બાદ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. પોલીસે આશરે ૨,૦૦૦ કામદારોના જૂથ સામે કેસ નોંધ્યો છે, જેમાંથી ૪૦ કામદારોની ધરપકડ કરીને રિમાન્ડ માટે કોર્ટમાં લઈ જવામાં આવ્યા છે. સુરત શહેર કોંગ્રેસ સમિતિએ ન્ન્ મેનેજમેન્ટ અને પોલીસ વહીવટીતંત્ર પર કામદારોને હેરાન કરવાના ગંભીર આરોપો લગાવ્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે તેમના અધિકારોની માંગ કરી રહેલા નિર્દોષ કામદારોને ષડયંત્રના ભાગ રૂપે ફસાવવામાં આવી રહ્યા છે.

શુક્રવારે શહેર કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે હજીરા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને પોલીસ અધિક્ષક સાથે વાત કરી હતી, કામદારોને મુક્ત કરવા અને તેમનું શોષણ કરનાર કોન્ટ્રાક્ટર સામે કેસ દાખલ કરવાની માંગ કરી હતી. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે હજીરાના સિંગોતર માતાજી મંદિરની પણ મુલાકાત લીધી હતી, ધરપકડ કરાયેલા તમામ કામદારોને ઝડપથી મુક્ત કરવા અને કામદારોના હિતમાં પોલીસ અને વહીવટીતંત્ર સામે લડવા માટે

અનુસંધાન પાના ૭ પર

# કામરેજ વિધાનસભા મંડળમાં યુવા મોરચા ભાજપની ટિફિન બેઠક મળી

## કાર્યક્રમાં વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઇ જોષીની વિશેષ ઉપસ્થિતિ

કડોદરા, તા.૨

૧૫૮-કામરેજ વિધાનસભાના આંગણે આજે યુવા શક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના કર્મઠ પ્રમુખ અને વડોદરાના લોકપ્રિય સાંસદ ડૉ. હેમાંગભાઈ જોષી ના પ્રેરક માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ 'ટિફિન બેઠક' કાર્યકર્તાઓ માટે ઉર્જાનો સ્ત્રોત બની રહી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી ડૉ. ભાવિનભાઈ શિરોયા, પૂર્વ ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલાવાડિયાજી, સુરત જિલ્લા યુવા મોરચા પ્રમુખ શ્રી દર્શનભાઈ પટેલ (ઉંભેળ), સુરત મહાનગર યુવા મોરચા પ્રમુખ શ્રી બિપિનભાઈ તળાવીયા, મહામંત્રીશ્રીઓ તેમજ પ્રદેશ અને સ્થાનિક યુવા મોરચાના પૂર્વ અને વર્તમાન હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણાના પવિત્ર પરિસરમાં યોજાયેલા આ સ્નેહમિલનમાં ટિફિન ભોજનની સાથે-સાથે સંગઠનાત્મક મજબૂતી, છેવાડાના માનવી સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાના સંકલ્પ અને આગામી કાર્યક્રમોની રૂપરેખા અંગે સઘન પરામર્શ કરવામાં આવ્યો. જ્યારે નેતૃત્વ અને કાર્યકર્તા એક જ પંગતમાં બેસીને ભોજન લે છે, ત્યારે સંગઠન એક પરિવાર બને છે. રાષ્ટ્રપ્રથમના લક્ષ્ય સાથે, આ યુવા શક્તિ આવનારા સમયમાં ગુજરાતના વિકાસ પથને વધુ વેગવંતો બનાવશે.

# નગર પ્રા. શાળા ક્રમાંક ૩૪૮ તથા ૩૪૯ દ્વારા સ્વચ્છતા અભિયાન



## 'શાળા એજ મારી માળા' સૂત્રને વાલીઓઓએ સાર્થક કર્યું

સુરત, તા.૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પી એમ શ્રી ગુજરાત શાળા નંબર-૩૪૮ મહાત્મા ગાંધી શાળા અને શાળા નંબર-૩૪૯ પૂ. હરિપ્રસાદ સ્વામી મહારાજ યોગી ચોક ખાતે શાળામાં વાલી શ્રીઓ અને શિક્ષકો દ્વારા મહાસફાઈ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું, વિશાળ સંખ્યામાં વાલી બહેનો ઉપસ્થિત રહી ને '' શાળા એજ મારી માળા '' ના સૂત્ર ને સાર્થક કર્યું હતું.

શાળામાં વાલી મિત્રો પોતા, સાવરણી, સાવરણા, ડોલ અને પોતાનું લિક્વિડ લઈને આવ્યા હતા અને શાળાના રૂમ, લોબી અને શાળા ની દિવાલો, બેન્ચીસ ચકચકિત કરી દીધી હતી, જાણે પોતાનું ઘર હોય એ રીતે સફાઈ કરી વાલીમિત્રો એ સાબિત કરી દીધું કે આ શાળા સમિતિની, આચાર્ય ની કે શિક્ષક મિત્રો ની ન બની રહેતા પોતાની શાળા બની ગઈ તે રીતે સફાઈ યજ્ઞ માં આહુતિ આપી હતી.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત બાળકો માં નાનપણ થી સ્વચ્છતા ના ગુણો ખીલે અને પોતાના ઘરની સાથે પોતાની આસપાસની જગ્યા એ પણ સ્વચ્છ રાખવી એવા નૈતિક ગુણો એમનામાં વિકાસ પામે એવા શુભ આશય થી આ મહાસફાઈ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું, બંને શાળા ના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રો, એસએમસી કમીટી ના આ સામૂહિક પ્રયાસથી સફાઈ અભિયાન એક ઉત્સવ બની ગયો હતો, આચાર્ય શ્રી અને શાળાપરિવારે નારી શક્તિ નો આભાર વ્યક્ત કર્યો હતો.



# હીરાબાનો ખમકાર ફાઉન્ડેશન દ્વારા દિકરીઓને શિક્ષણ સહાય

## ૫૧૧ દિકરીઓને રૂા.૭૫૦૦ની સહાયનું વિતરણ કરાયું

અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વરમાં હીરાબાનો ખમકાર ફાઉન્ડેશન દ્વારા ૫૧૧ દીકરીઓને પ્રતિ દીકરી રૂપિયા ૭૫૦૦ની શૈક્ષણિક સહાયનો વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન દ્વારા અંકલેશ્વરના મા શારદાભવન ટાઉન હોલ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંકલેશ્વર પંથકની ૫૧૧ દીકરીઓને પ્રતિ દીકરી રૂ. ૭,૫૦૦ની શૈક્ષણિક સહાયરૂપે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શહેર તથા જિલ્લામાંથી મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને આગેવાનો હાજર રહ્યા.આ અભિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ કરવામાં આવ્યુ હતું. ફાઉન્ડેશનનો ઉદ્દેશ આર્થિક રીતે પછાત વર્ગની દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન અને મજબૂત આધાર પૂરો પાડવાનો છે.કાર્યક્રમમાં મંત્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ ભાવેશ કાયસ્થ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કરણા, ફાઉન્ડેશનના પિયુષ મિસ્ત્રી, ઉદ્યોગપતિ સહિતના આગેવાનો અને આમંત્રીતો ઉપસ્થિત રહ્યા હતા.

# છેલ્લા દિવસોમાં રાષ્ટ્રીય પુસ્તક મેળામાં જનમેદની

સુરત, તા.૨

સુરત મહાનગરપાલિકા ધ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઉધના મગદલ્લા રોડ, સુરત ખાતે આયોજિત ૨૦મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬-સુરત ,૧૮મા બાગાયત મેળો અને ફલાવર શો, ૧૦મા શિલ્પગ્રામ મેળો તથા ફૂડ ફેસ્ટીવલની અંદાજિત ૨૨,૦૦૦ વ્યકિતઓએ મુલાકાત લીધી હતી અને આકર્ષણનું કેંદ્ર તેમજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન- Visionary's Vault, Wrods That Build a Nation તથા તેઓ દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો, સુશાસન અને તેમની વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન નિહાળી વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુક માટે પ્રખ્યાત લેખકો દ્વારા લિખિત કલેકશનના પુસ્તકો નિહાળ્યા હતા.

# પશ્ચિમ એશિયામાં યુદ્ધથી સુરતના ઉદ્યોગો પર માઠી અસરની ભીતિ

## ઉદ્યોગકારોને સાવચેતી દાખવવા ચેમ્બરની સલાહ

સુરત, તા.૨

સુરત પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધસમાન પરિસ્થિતિના કારણે વૈશ્વિક આર્થિક અસ્થિરતા સર્જાઈ છે, જેના પ્રાથમિક પ્રભાવ સુરત તથા દક્ષિણ ગુજરાતના મુખ્ય ઉદ્યોગોમાં જોવા મળી રહ્યા છે. આ અંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને ઉદ્યોગકારોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો હીરા ઉદ્યોગ હાલમાં કટોકટીના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. ઇઝરાયેલ હીરા વેપારનું મહત્વપૂર્ણ વૈશ્વિક કેન્દ્ર હોવાથી ત્યાંની અસ્થિરતા સુરત આવતા રફ હીરાના સપ્લાય પર સીધી અસર કરી રહી છે. ઉપરાંત, અમેરિકા આ સંઘર્ષમાં સામેલ હોવાથી ત્યાંના બજારમાં લકઝરી ચીજવસ્તુઓની માંગ ઘટવાની શક્યતા ઊભી થઈ છે, જે હીરા અને જ્વેલરી નિકાસને અસર કરી શકે છે. રશિયન રફ હીરા પરના પ્રતિબંધો અને રેડ સીના માર્ગે વધતા નૂર ભાડા અને વીમા ખર્ચના કારણે ડાયમંડ યુનિટોના ઉત્પાદન ખર્ચમાં વધારો નોંધાઈ રહ્યો છે. જો પરિસ્થિતિ લાંબી ચાલે તો રત્નકલાકારોની રોજગારી પર પણ તેની નકારાત્મક અસર પડી શકે છે. સાથે સાથે વૈશ્વિક અનિશ્ચિતતા અને ડોલર-રૂપિયા વિનિમય દરમાં આવતી અસ્થિરતા નિકાસકારો માટે વધારાનો પડકાર બની શકે છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ટેક્સટાઈલ ઉદ્યોગ અંગે જણાવ્યું હતું કે, સુરતનું ટેક્સટાઈલ હબ મુખ્યત્વે પોલિએસ્ટર અને મેન-મેડ ફાઈબર (MMF) પર આધારિત છે, જે પેટ્રોલિયમ ઉત્પાદનો છે. મધ્ય પૂર્વમાં તણાવ વધતા કાચા તેલના ભાવમાં તેજી આવવાની સંભાવના છે, જેના પરિણામે યાર્ન અને કાચા માલના ભાવમાં ટૂંકા ગાળામાં ૧૫થી ૨૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. દુબઈ અને ખાડી દેશો સુરતના કાપડ માટે મુખ્ય ગેટવે તરીકે કાર્ય કરે છે; હાલની પરિસ્થિતિને કારણે શિપમેન્ટમાં વિલંબ અને પેમેન્ટ સુરક્ષાનો

અનુસંધાન પાના ૭ પર



# યુપીએલ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૬ ઉજવાયો

## વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો આપી સન્માનીત કરાયા

સુરત, તા.૨

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી ખાતે SRICT-ISR દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન સપ્તાહ - ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી મુખ્ય મહેમાન શ્રી આશિષ પાંડે, બેન્ઝોકેમ ઇન્ડસ્ટ્રી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર અને ઈહ. અંગીરસ શુક્લા - માનનીય સેક્રેટરી, અંકલેશ્વર રોટરી એજ્યુકેશન સોસાયટી ની હાજરીમાં યોજાઈ હતી, જેમણે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક શિક્ષણને ઔદ્યોગિક નવીનતા સાથે જોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોવોસ્ટ ડૉ. શ્રીકાંત વાઘ, ડીન સાયન્સ એન્ડ સસ્ટેનેબિલિટી ડૉ. સ્નેહલ લોખંડવાલા, રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડૉ. નિખિલ પારેખ, માઈક્રોબાયોલોજી

અનુસંધાન પાના ૭ પર

# નેશનલ કાઉન્સિલ ફોર હ્યુમન રાઇટ્સ કોન્સ્ટીટયુશનના રાષ્ટ્રીય પ્રમુખ પદે ફરોખ રૂવાલા તથા મંત્રી પદે અમિષા રૂવાલા વરાયા

## રાષ્ટ્રીય મહિલા વિગનું નેતૃત્વ પણ અમિષા ફરોખ રૂવાલા (માયા કુમાર) સંભાળશે

પ્રતિનિધિ દ્વારા, સુરત, તા.૨

નેશનલ કાઉન્સિલ ફોર હ્યુમન રાઈટ્સ એન્ડ કોન્સ્ટીટયુશન રાઇટ્સના રાષ્ટ્રીય પ્રમુખપદે સુરતના સામાજિક શૈક્ષણિક રાજકીય આગેવાન એરવદ ફરોખભાઈ કેરસી રૂવાલા દસ્તુર (કુમાર બાવાજી) અને



રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને મંત્રી પદે શ્રીમતી અમિષા ફરોખ રૂવાલા ની વરણી થવા પામી છે આ? ૨૦૨૬-૨૭ નું સમગ્ર વર્ષ રાષ્ટ્રીય પ્રજાની સેવા કાજે શૈક્ષણિક ક્ષેત્રે સામાજિક ક્ષેત્રે ધાર્મિક ક્ષેત્રે આરોગ્ય ક્ષેત્રે વિવિધ સેવાકીય કેમ્પોના આયોજન કરી સફળ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવશે જેમાં ખાસ કરીને વુદ્ધો મહિલાઓને ધાર્મિક પ્રવાસ તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ કરાવી ધાર્મિક અને શૈક્ષણિક જ્ઞાનનો સ્ત્રોત વધારવા ઉત્તમ પ્રયાસો હાથ

અનુસંધાન પાના ૭ પર

# વેડરોડ સ્વામિનારાયણ મંદિરે '૧૧મા યુવા અધિવેશન મહોત્સવ'નો આરંભ

સુરત, તા.૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ દ્વારા આયોજિત ૧૧મા યુવા અધિવેશન મહોત્સવપૂજ્ય પ્રભુચરણદાસજી સ્વામીની પ્રેરણાથી શનિવાર તા.૨૮-૦૨-૨૦૨૬થી ઉત્સાહભેર પ્રારંભ થયો છે. આ મહોત્સવ આગામી ત્રણ દિવસ દરમિયાન ચાલશે, પ્રથમ દિવસે સફર ઉદ્યોગ સાહસિકો યુવાનોને માર્ગદર્શન કર્યું ,રાયઝોન સોલારના ચિરાગ નકરાણી અને હાર્દિક કોઠીયા દ્વારા 'સફળતાની સૂર્યગાથા' વિષય પર યુવાનો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વક્તાઓએ જણાવ્યું હતું કે, સંઘર્ષ અને પુરુષાર્થ દ્વારા જ સફળતાના શિખરો સર કરી શકાય છે. પ્રથમ દિવસે રાત્રે ૯ થી ૧૧:૩૦ દરમિયાન યોજાયેલા આ સત્રમાં હજારોની સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને જીવનમાં આગળ વધવાની પ્રેરણા મેળવી હતી.







# સુરત થી ધરમપુર જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઇવરે ખેરગામ ખાતે ટ્રક સાથે અકસ્માત સર્જ્યો

ખેરગામ: સુરત થી ધરમપુર ખાતે આવેલું રાજચંદ્ર આશ્રમ ખાતે પ્રવાસીઓને લઈને જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઈવરનું મોબાઈલ માં ધ્યાન હોવાથી સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ખેરગામ શામળા ફળિયા ધરમપુર રોડ ઉપર વણાંકમાં ધરમપુર તરફથી આવી રહેલી ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. બસમાં સવાર ડ્રાઈવર સહિત ૧૧ ને નાની મોટી ઉર્જા થતા તેમને નજીકમાં આવેલી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે કોઈ જાનહાની નહીં થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતથી ધરમપુર રાજચંદ્ર આશ્રમ ખાતે પ્રવાસીઓને લઈ જઈ રહેલી લક્ઝરી બસના ડ્રાઈવરે ચાલુ બસે મોબાઈલમાં ધ્યાન આપતા જે ગંભીર બેદરકારીના કારણે ખેરગામ શામળા ફળિયા ધરમપુર રોડ ઉપર વણાંકમાં ધરમપુર તરફથી આવી રહેલી ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત થતા ની સાથે જ બસમાં સવાર પ્રવાસીઓમાં ભારે ભાગદોડ મચી હતી. પ્રવાસીઓની ચીક સાંભળીને આજુબાજુના સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવી પ્રવાસીઓને બસની બહાર કાઢ્યા હતા.

જોકે બસ ડ્રાઈવર નો પગ સ્ટેરીંગ ના ભાગે દબાઈ ગયો હતો.સ્થાનિક લોકોની ભારે જેહેમત બાદ ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો.નાની મોટી ઉર્જા પામેલા ૧૧ જેટલા પ્રવાસીઓને ૧૦૮ મારફતે નજીકમાં આવેલી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે તાત્કાલિક ધોરણે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૬ મહિલા ૨ પુરુષ અને ૩ બાળકોના સમાવેશ થયો હતો.જોકે અકસ્માતમાં કોઈ જાનહની નહીં થતા અને માત્ર નાની મોટી ઈર્જા થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ અકસ્માત અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી ન હોવાનું જાણવા મળ્યું હતું.વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવો એ કાયદાકીય ગુનો હોવા છતાં, આવા કિસ્સાઓ મુસાફરોની સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કરે છે.

મોબાઈલ ફોન બન્યો અકસ્માતનું કારણ

આ ઘટનાની સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, આ અકસ્માત લક્ઝરી બસના ચાલકની ગંભીર બેદરકારીના કારણે સર્જાયો હતો. બસમાં સવાર પાંચાભાઈ સાવલિયાએ જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે બસનો ડ્રાઈવર ચાલુ બસે મોબાઈલ ફોન પર વાત કરી રહ્યો હતો. ફોન પર વાત કરવામાં મશગૂલ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ હતી.

નાની મોટી ઈર્જા પામનાર

૧)મોહનભાઈ મગનભાઈ પટેલ.ઊં.વ.૬૫ રહે . સુરત કતારગામ લક્ષ્મીકાંત સોસાયટી, ૨)ધ્યાન રવિ શંકર ઉં.વ.૦૭ રહે સુરત, ૩)ગ્રંથ પરેશભાઈ ઉં.વ.૦૯ રહે સુરત , ૪)હંસાબેન ભોળા જાદવ ઉ.વ.૫૯ રહે સુરત , ૫)અંકિતા શૈલેષ ઉ.વ.૩૩ રહે સુરત , ૬) કમુ અમરત ઉ.વ.૭૦ રહે સુરત ,૭)શારદા ઈશ્વર ઉ.વ.૫૩ રહે સુરત , ૮)હંસા મોહન ઉ.વ.૬૨ રહે સુરત , ૯)લાભુબેન ડાયાભાઈ ઉ.વ.૬૬ રહે સુરત , ૧૦)વેદ મુકેશભાઈ શિંગાળા ઉ.વ.૦૬ રહે સુરત




# જલ્દી ઉઠવાથી ઘણા લાભ છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સવારે વહેલી તકે ઉઠી જવાથી ડિપ્રેશનનો ખતરો ઓછો રહે છે. જે લોકો સવારે વહેલી તકે ઉઠી જવાની ટેવ ધરાવે છે તેમનામાં અનેક બિમારીનો ખતરો તો પહેલાથી જ ઘટી જાય છે. તેમની માનસિક સ્થિતી પણ સારી રહે છે. વહેલી તકે ઉઠી જતા લોકોમાં સિજોફ્રેનિયા અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીનો ખતરો ખુબ ઓછો રહે છે. આ અભ્યાસમાં અને તબીબો પણ માને છે કે માનસિક સ્વાસ્થને જાળવી રાખવા માટે પણ કેટલીક પહેલ જરૂરી હોય છે. સવારમાં વહેલી તકે ઉઠવાથી ડાયાબિટીસ અને સ્થુળતાનો ખતરો પણ ઓછો રહે છે. નવા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ડાયાબિટીસ અને સ્થુળતા હોવા સાથે કોઇ સંબંધ નથી. વહેલી સવારે ઉઠી જવાના જે ફાયદા રહેલા છે તેમાં સાફ અને શુદ્ધ ઓક્સીજન ફેફસાને મળે છે. જેના કારણે શ્વાસની તકલીફને દુર કરવામાં મદદ મળે છે. ફેફસા સ્વસ્થ રહે છે. કસરત કરવાથી બ્લડ સરક્યુકેશનમાં વધારો થાય છે. જેના કારણે હાર્ટ મજબુત રહે છે. હાર્ટની બિમારી ઓછી થાય છે. કેટલીક માનસિક બિમારી પણ દુર થાય છે. સવારે ઉઠીને યોગ અને પ્રાણાયામ કરવાથી પણ લાભ થાય છે. દિવસભર તાજગી રહે છે. કામ પર સારી અસર થાય છે. કેટલાક નિષ્ણાંતોએ એમ પણકહ્યુ છે કે જ્યારે કોઇને બળજબરીપૂર્વક તેની બોડી ક્લોકની સામે ઉઠવા માટે કહેવામાં આવે છે ત્યારે તેની પણ માઠી અસર થાય છે. ાાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે.

## પુરૂષોમાં પ્રોસ્ટેટ કેન્સર રોગ સર્જી શકે છે...

# ફોલ્ટી જીન ખતરનાક હોય છે




તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારવામાં ભુમિકા ભજવનાર ફોલ્ટી જીન અથવા તો ખામીવાળા જનીનથી પુરુષોમાં પણ પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. આ સંશોધન હાથ ધરનાર લંડનમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોફેસર રોશ ઈલેસે કહ્યું છે કે હજુ સુધી કેટલી શંકાઓ હતી. પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો ફોલ્ટી જીન વધારે છે કે કેમ તેને લઈને શંકા હતી પરંતુ હવે આ શંકા દુર થઈ રહી છે. તેમણે કહ્યું છે કે અમારા અભ્યાસમાં સાબિતી મળે છે કે પ્રોસ્ટેટ કેન્સર સાથે ગ્રસ્ત પુરુષોમાં ખામીવાળા જીન રહેલા છે. ખામીવાળા જીનના લીધે જ પુરુષોમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ફોલ્ટી અથવા તો ખામીવાળા બીઆરસીએ-૧ જીનથી પ્રોસ્ટેટ કેન્સર થવાનો ખતરો ૧૧ પૈકી ૧માં રહેલો હોય છે. અભ્યાસ મુજબ ફોલ્ટી જીનના સીધા સંબંધ જુદા જુદા રોગ સાથે હોય છે. બીઆરસીએ -૧ પ્રોસ્ટેટ કેન્સરના ખતરાને ૫ ગણો વધારવામાં ભુમિકા ભજવે છે. મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારે છે. ૧૦ પૈકીની ૬ મહિલાઓમાં આના લીધે ખતરો વધી જાય છે. જ્યારે સ્વસ્થ મહિલાઓમાં ૮ પૈકી ૧ મહિલામાં આ રોગનો ખતરો રહે છે. ફોલ્ટી જીન ધરાવતી કેટલીક મહિલાઓમાં સ્તન કેન્સરનો જોખમ સૌથી ઉંચો છે. ચેરિટી પ્રોસ્ટેટ એક્શનના મુખ્ય કારોબારી એમ્મા માલ્કને કહ્યું છે કે વહેલીતકે પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો મળી આવવાથી સફળ સારવારની તકો વધી જાય છે. પરંતુ વિલંબ થવાની સ્થિતિમાં સારવાર મુશ્કેલ બની જાય છે.

# ઉપેક્ષાની ઉપેક્ષા કરતાં શીખો

એકલતા એક અભિશાપ ગણાય છે. માણસ સામાજિક પ્રાણી છે. સમાજમાં હળવા-મળવાથી માણસની માનસિક તંદુરસ્તી જળવાઈ રહે છે. ઉપેક્ષા માણસને ભીતરથી તોડી નાખે છે. એકલો પડી જતો માણસ ધીરે-ધીરે હતાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે. ક્યારેક એકલતા જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

હાલ હાથ ધરાયેલા અભ્યાસ મુજબ ચોંકાવનારું તારણ એ નીકળ્યું છે કે તરુણ વયની એકલતા વધુ ઘાતક પુરવાર થાય છે. ખાસ કરીને પુરુષવર્ગને આ વાત વિશેષ લાગુ પડે છે. અત્યારના તરુણો પણ તેમની ઉપેક્ષાને વધુ પડતી ગંભીરતાથી લેતા થઈ ગયા છે. હકીકતમાં એકલતા અને ઉપેક્ષાની થોડી ઉપેક્ષા કરતા આવડી જાય તો ઘણી બધી તકલીફોમાંથી બચી જઈ શકાય છે. એકલતા માત્ર માનસિક સ્વાસ્થ્ય પર જ નહીં પરંતુ શારીરિક સ્વાસ્થ્ય પર પણ અસર કરે છે. એક તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે એવી જ રીતે તંદુરસ્ત મન પણ તંદુરસ્ત સ્વાસ્થ્યનું પ્રદાન કરે છે. એકલતા વ્યક્તિને માનસિક રીતે હચમચાવી નાખે છે. જનરલ ઓફ પર્સનાલિટી એન્ડ સોશિયલ સાયકોલોજીના તારણ મુજબ એક વાર વ્યક્તિ એકલતાના ચક્રમાં સપડાય છે પછી એને તોડવું બહુ જ અઘરું છે. એકલતાની સ્પષ્ટ વ્યાખ્યા એટલે કોઈ વ્યક્તિ ઈમોશનલી તથા



સોશિયલી તેની આસપાસના લોકોથી તદ્દન વિખૂટી પડી જાય એટલે એકલતામાં ઘેરાયેલી કહેવાય. વ્યક્તિ વ્યક્તિથી જુદા થવું, સમાજથી જુદા થવું જેવી બાબતો માણસને અંદરથી હચમચાવી નાખે છે. ઘણી વાર વ્યક્તિ મિત્રો સાથે કે કલીગ સાથે રહેતી હોય છે પરંતુ આંતરિક રીતે તો એકલતા અનુભવતી હોય છે. એકલતા ખાલીપો લઈને આવે છે. આવા લોકો ભીતરથી ડરપોક બની જાય છે અને અસલામતીથી પીડાય છે. સંશોધન અંતર્ગત એકલતાના ઈતિહાસ મુજબ ટીનેજર્સનું વર્ગીકરણ કરવામાં આવ્યું. તેમના ચાર વર્ષના સમયગાળાને અભ્યાસ માટે ધ્યાનમાં લેવામાં આવ્યો. અભ્યાસના છેલ્લા તબક્કામાં સહભાગીઓને તેમની લાગણી વ્યક્ત કરવા માટે કહેવામાં આવ્યું હતું. એમાં સામાજિક સમાધાન અને સામાજિક નકારની પરિસ્થિતિઓનો ચિતાર સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. તરુણોને તેમની સ્વીકૃતિ અને ઉપેક્ષાની લાગણીઓ વિશે જણાવવાનું કહેવામાં આવ્યું હતું.

અન્ય જૂથોની તુલનામાં એકલતા અનુભવતા અને કાલ્પનિક દુનિયામાં રાચતા તરુણોએ વધુ નકારાત્મક ભાવ દર્શાવ્યા હતા. તેમની સ્વીકૃતિની ભાવના તુલનાત્મક રીતે નબળી જણાઈ આવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો સાથીદારો સાથે હોવા છતાં પણ ઉપેક્ષિત અને એકલતા અનુભવતા તરુણોએ તેમની દુ:ખી અને ઉદાસ પ્રતિક્રિયા વધુ વ્યક્ત કરી હતી. અન્ય સમૂહની પ્રદર્શિત થયેલી ભાવના સંજોગોને આધીન હતી. સંજોગોવશાત્ એકલા થઈ ગયેલા કે એકલતા અનુભવતા તરુણોએ પણ પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. વાસ્તવમાં આવો સમુદાય એકલતા ઈચ્છતો નથી પરંતુ સંજોગો તેમને એકલતા પ્રદાન કરે છે. કાલ્પનિક સૃષ્ટિમાં રચ્યાપચ્યા રહેનારા તરુણોની એકલતા થોડી વિચિત્ર લાગે એવી હોય છે. સમાજમાં સામેલ હોવા છતાં તેઓ પીડાદાયક એકલતા અનુભવતા લોકો કરતાં થોડા હકારાત્મક હોય છે. એકલતાના ચક્રને તોડવા વિશ્ર્વાસ અને હિંમત જરૂરી પરિબળ છે. અલબત્ત અહીં આજના તરુણોની લાઈફસ્ટાઈલ સમજવી જરૂરી છે. 'હર ફ્રેન્ડ્સ ઝરુરી હોતા હૈ'ના મંત્રને અનુસરીને જીવી રહેલી આ પેઢીની પ્રાથમિકતા ઘણે અંશે બદલાઈ ગઈ છે. સમાજના મેળાવડા કે પ્રસંગોમાં જવાનું ટાળતા અને એનાથી દૂર રહેવાનું પસંદ કરતા આ તરુણોની એકલતા જાતે ઊભી કરેલી હોય છે એવો પણ એક અભિપ્રાય હોય છે. પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવી આ વાત છે એમ કહેવામાં થોડી અતિશયોક્તિ જરૂર હશે, પણ વાત વિચારવા જેવી છે ખરી. આત્મવિશ્ર્વાસ ભયનો સામનો કરવાની હિંમત પ્રદાન કરે છે. નકારાત્મક ભાવનાને મનથી દૂર કરવા ખુલ્લા વાતાવરણમાં લોકોને મળીને મનને પ્રફુલ્લિત કરવું જરૂરી બની રહે છે. લાંબા સમય સુધી લોકો સાથે જોડાઈ રહેવાથી, પ્રવૃત્ત રહેવાથી એકલતાના અભિશાપમાંથી મુક્ત થઈ શકાય છે.



# સાવધાન! સતત રહેતો માનસિક તણાવ શરીરને બનાવી શકે છે બીમારીઓનું ઘર

આજની ફાસ્ટ લાઈફમાં ટ્રેસ અને ટેન્શન જાણે જીવનનો એક ભાગ બની ગયા છે. આપણે ઘણીવાર માનસિક દબાણને અવગણીએ છીએ, પરંતુ શું તમે જાણો છો કે આ દબાણ ધીમે-ધીમે તમારા શરીરના આંતરિક અંગોને નુકસાન પહોંચાડે છે? નિષ્ણાતોના મતે, માનસિક સ્વાસ્થ્ય સીધી રીતે શારીરિક સંતુલન સાથે જોડાયેલું છે. જ્યારે મગજ સતત તણાવમાં રહે છે, ત્યારે શરીરમાં સ્ટ્રેસ હોર્મોન્સનું પ્રમાણ વધે છે, જે લાંબા ગાળે જીવલેણ બીમારીઓ નોંતરી શકે છે.

વધારે પડતો તણાવ લેવાથી શરીરમાં 'કોર્ટિસોલ' નામના સ્ટ્રેસ હોર્મોનનું ઉત્પાદન વધી જાય છે. આ હોર્મોન વધવાને કારણે એસ્ટ્રોજન અને થાઈરોઈડ જેવા અન્ય જરૂરી હોર્મોન્સનું સંતુલન બગડે છે. આટલું જ નહીં, સતત ચિંતામાં રહેવાથી હૃદયના ધબકારા વધે છે અને ધમનીઓ સાંકડી થાય છે, જે હાઈ બ્લડ પ્રેશર (High BP) નું મુખ્ય કારણ બને છે. લાંબા સમયે આ સ્થિતિ હાર્ટ એટેક કે સ્ટ્રોકનું જોખમ અનેકગણું વધારી દે છે.

જો તમારું વજન અચાનક વધી રહ્યું હોય, ખાસ કરીને પેટની આસપાસની ચરબી વધી રહી હોય, તો તેનું કારણ સ્ટ્રેસ હોઈ શકે છે. હોર્મોનલ ગરબડને કારણે વધેલું આ વજન ઘટાડવું ખૂબ મુશ્કેલ હોય છે. આ ઉપરાંત, કોર્ટિસોલનું ઊંચું સ્તર રાતની ઊંઘમાં ખલેલ પહોંચાડે છે. અપૂરતી ઊંઘને કારણે વ્યક્તિ આખો દિવસ થાક અને નબળાઈ અનુભવે છે, જેનાથી તેની કાર્યક્ષમતા અને એકાગ્રતામાં ઘટાડો થાય છે.

માનસિક તણાવ માત્ર શરીરને જ નહીં પણ મગજને પણ નબળું પાડે છે. સતત ચિંતા કરવાથી યાદશક્તિમાં ઘટાડો અને નિર્ણયો લેવામાં મૂંઝવણ જેવી સમસ્યાઓ સર્જાય છે. તેનાથી બચવા માટે નકારાત્મક વિચારોથી દૂર રહેવું અને મનપસંદ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવું જરૂરી છે. તમારી જીવનશૈલીમાં પૌષ્ટિક આહાર, નિયમિત વ્યાયામ, યોગ અને મેડિટેશનનો સમાવેશ કરવાથી સ્ટ્રેસને માત આપી શકાય છે.

ડિસ્કલેમર: આ આર્ટિકલ માત્ર સામાન્ય જાણકારી માટે છે. કોઈપણ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા માટે અથવા જીવનશૈલીમાં ફેરફાર કરતા પહેલા નિષ્ણાત ડોક્ટર કે મનોચિકિત્સકની સલાહ લેવી અનિવાર્ય છે.

તંત્રી લેખ...-

સોમવાર, તા. ૦૨ માર્ચ ૨૦૨૬

# બાળકો - યુવાનોમાં વધતી હિંસા

આધુનિક સમયમાં બાળકો અને યુવાનોમાં વધી રહેલી હિંસક વૃત્તિ સમાજ અને પરિવાર માટે ભારે જોખમી બની ચૂકી છે. નાની એવી બાબતમાં પોતાનો આપવામાં કે અન્યો કોઈનો જીવ લઈ લેવામાં જરા પણ ખચકાટ ન અનુભવતી આ નવી પેઢીને વાળવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે. સૌ કોઈ જાણે છે કે, હિંસક ફિલ્મોથી માંડીને સોશિયલ મીડિયાના સડાથી પ્રભાવિત થતાં યુવાધનમાં ઝડપથી ઘર કરી રહેલી હિંસક વૃત્તિનું પ્રતિબિંબ પાડતાં નવા-નવા બનાવો દેશમાં ચોમેર બની રહ્યા છે. તાજેતરમાં લખનઉ, ગાઝિયાબાદ અને હરિયાણામાં બનેલા બનાવો આ માનસિકતાની સાબિતી પૂરી પાડે છે. ગાઝિયાબાદમાં ત્રણ યુવતીએ એક ઓનલાઈન ગેમના રવાડે ચડીને આત્મહત્યા કરી લીધી હતી, તો હરિયાણામાં એક યુવકે તેના મિત્રની હત્યા કરીને લાશનો નિકાલ કરી દીધો હતો, પરંતુ લખનઉનો તાજો મામલો ભારે અરેરાટીભર્યો છે. ૨૧ વર્ષના એક યુવકે તેના લેબમાલિક પિતાની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. તે પછી લાશના કરવત વડે નાના ટુકડા કરીને ડ્રમમાં ભરી નાખ્યા હતા. આ યુવકે સ્થળ પર હાજર પોતાની બહેનને ધમકાવીને મોં બંધ રાખવાની ફરજ પાડી હતી. આ ધૃણાસ્પદ કૃત્યની પાછળ હતભાગી પિતા પોતાના પુત્રને તબીબ બનાવવાનો આગ્રહ રાખી રહ્યા હોવાનું કારણ હતું. આ ત્રણે બનાવોને એકમેક સાથે સીધો કોઈ સંબંધ ન હતો, પણ તેને અપવાદ ગણી શકાય તેમ નથી. યુવાનોને સાંકળતા આ ત્રણે બનાવ આધુનિક સમયમાં નવી પેઢીની આક્રમક માનસિક્તા છતી કરે છે. સામાન્ય રીતે એવી છાપ રહી છે કે, આ યુવાવર્ગ દેશનું અને સમાજનું ભવિષ્છ્ય હોય છે. ઊર્જા અને ઉત્સાહથી ભરપૂર યુવાનોની આ શક્તિને ઉપયોગી કામો તરફ વાળવી ભારે અનિવાર્ય હોય છે, પણ તેમનામાં વધતી જતી હતાશા અને સોશિયલ મીડિયાની લતથી ગેરમાર્ગે દોરાઈ જવાને લીધે આ વર્ગ તરફ હવે ધ્યાન અપાવાની તાતી જરૂરત છે. હાલત એવી છે કે, પોતાની આસપાસ હિંસાના વધી રહેલાં ચલણને લીધે યુવાવર્ગ તેને યોગ્ય માનવા લાગ્યો છે. પરિવારમાં કલેશ અને ખટરાગ પણ આ વર્ગની માનસિક હાલત ડામાડોળ કરી નાખે છે. આવા સંજોગોમાં પરિવાર, સમાજ અને દેશે સામૂહિક રીતે આ વર્ગને માનસિક રીતે રક્ષવાની સાથોસાથ તેમની શક્તિને હિંસાને બદલે હકારાત્મકતા મળે તે માટે મનોવૈજ્ઞાનિક માહોલ ખડો કરવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. હવે સવાલ એ છે કે, આ જરૂરતને કઈ રીતે સ્વીકારીને કેવાં પગલાં લેવાતા થશે તે મહત્ત્વનું છે. કેમ કે, જેટલો વિલંબ થઈ રહ્યો છે જોખમ એટલું વધી રહ્યાંઅ છે.

# નામમાં જ બધું છે!

કેરળ વિધાનસભાએ બેવાર રાજ્યનું નામ બદલીને કેરલમ્ કરવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલ્યો હતો, જેના પર આખરે કેબિનેટે મંજૂરીનું મત્તું માર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ નામ બદલ વિશે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે- આ પગલું રાજ્યના લોકોની ઈચ્છા અને સાંસ્કૃતિક ઓળખને સુદઢ કરવાના પ્રયાસો સાથે સંરેખિત છે. ૧૪૦ સભ્યની કેરળ વિધાનસભાનો કાર્યકાળ આગામી ૨૩મી મેએ પૂરો થાય છે અને રાજ્યમાં આગામી એપ્રિલ મહિનામાં ચૂંટણીઓ યોજાવાની છે, ત્યારે લેવાયેલા આ પગલાંને ચૂંટણીલક્ષી ગણાવવામાં આવી રહ્યું છે. તો, બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર હુમલો કરતાં કહ્યું છે કે, વેસ્ટ બેંગાલનું નામ બાંગલા કરવા માટેનો પ્રસ્તાવ ભાજપની સરકારે દબાવી રાખ્યો છે. મમતાદીદીએ નવો રાગ છેડતાં કહ્યું છે કે, વિધાનસભા ચૂંટણી પહેલાં આ નામ બદલથી સ્પષ્ટ છે કે, ભાજપ અને સીપીઆઇ (એમ) વચ્ચેનું ગઠબંધન વધુ મજબૂત બની રહ્યું છે. કેન્દ્ર સરકાર બંગાળ વિરોધી છે, કેમ કે બેવાર પશ્ચિમ બંગાળ વિધાનસભામાં રાજ્યનું નામ બદલવાનો પ્રસ્તાવ પસાર થયો છે અને મેં જાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ માટે પત્ર લખ્યો હોવા છતાં આ દિશામાં કશું જ આગળ વધ્યું નથી. ભારતમાં બીજું કંઈ બદલાય ન બદલાય, સત્તામાં નવી સરકાર આવે એટલે સૌથી પહેલાં નામ બદલવાનો દાવ શરૂ થતો હોય છે. સ્વતંત્રતા બાદ અનેક રાજ્યોનાં નામ બદલાયાં છે અને વિવિધ રાજ્યોમાં શહેરો, ગામો અને સ્થળોનાં નામમાં પરિવર્તન થયાં છે. જો કે, નામ બદલવાની આ રમત અને મમતને કારણે સરકારી રેકોર્ડમાં ફેરફાર કરવા માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય છે. કોઈ વ્યક્તિ પોતાનું નામ બદલવા માગતી હોય તો એની પ્રક્રિયા પણ ખાસ્સી લાંબીલચક છે, તો રાજ્યનું નામ બદલા માટેની પ્રક્રિયા પણ જટિલ હોવાની જ. મલયાલમમાં રાજ્યનું નામ કેરલમ્ જ છે, પણ બંધારણના આઠમા અનુચ્છેદમાં આ નામ કેરળ હોવાથી અને પહેલી નવેમ્બર, ૧૯૫૬ના ભાષાના આધારે રાજ્યોની આંકણી કરાઈ હોવાથી મલયાલમ ભાષામાં રાજ્યનું નામ છે, એ જ નામ સત્તાવારપણે પણ હોવું જોઈએ. જો કે, કેન્દ્રની કેબિનેટે મંજૂરી આપી હોવા છતાં કેરળનું કેરલમ્ થવામાં વાર લાગશે, કેમ કે રાજ્યનું નામ બદલવા માટેનો ખરડો રાષ્ટ્રપતિ ભલામણ કરે એ પછી જ સંસદમાં તેને રજૂ કરી શકાય છે. ગૃહખાતું અને કાયદા મંત્રાલયે કેરળ વિધાનસભાના પ્રસ્તાવનો અભ્યાસ કરી આ પગલાંને લીલીઝંડી આપી હતી.

**૧૪૦ સભ્યની કેરળ વિધાનસભાનો કાર્યકાળ આગામી ૨૩મી મેએ પૂરો થાય છે અને રાજ્યમાં આગામી એપ્રિલ મહિનામાં ચૂંટણીઓ યોજાવાની છે, ત્યારે લેવાયેલા આ પગલાંને ચૂંટણીલક્ષી ગણાવવામાં આવી રહ્યું છે.**

**ઈરાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ પણ ભારતીય કંપનીઓને મળતા હતા.**

# ખામેનેઈ અમેરિકા માટે વિલન હશે, ભારત માટે નહોતા

## ઈરાને ઈઝરાયલને પરેશાન કરવા હિઝબોલાહ અને હુતી જેવાં શિયા આતંકવાદી સંગઠનોને પોષ્યાં એ સાચી વાત છે.

અમેરિકા અને ઈઝરાયલે કરેલા હુમલામાં સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈનું મોત થતાં આખી દુનિયામાં સ્તબ્ધતા છે. દુનિયાભરના શિયા મુસ્લિમોના સર્વોચ્ચ નેતા મનાતા ૮૬ વર્ષના હતા પણ કડેધડે હતા ને અમેરિકા-ઈઝરાયલ સામેના જંગમાં ઈરાનનું નેતૃત્વ કરતા હતા. ખામેનેઈનો આ રીતે અકાળે અંત આવશે તેની કોઈને કલ્પના પણ નહોતી. ખામેનેઈને પણ ઈઝરાયલ આ રીતે ઘરમાં ઘૂસીને ઠોકી દેશે એવો અંદાજ નહીં હોય તેથી નિરાંતે પોતાની સત્તાવાર ઓફિસમાં બેસીને ખામેનેઈ લશ્કરી કમાન્ડરો સાથે મીટિંગ જ કરી રહ્યા હતા. એ વખતે તેમને ખબર નહીં હોય કે, આ મીટિંગ પતે એ પહેલાં સીધા ઉપર પહોંચી જવાનું છે. એ તો અમેરિકા અને ઈઝરાયલના હુમલાનો કઈ રીતે જવાબ આપવો તેની વ્યૂહરચનામાં વ્યસ્ત હતા પણ ઈઝરાયલે અચાનક સીધો હુમલો કરીને તેમને ઉંઘતા ઝડપી લીધા. ઈઝરાયલે ઈરાનમાં ઘૂસીને ખામેનેઈને મારીને ફરી એક વાર પોતાની ધાકનો પરચો આપ્યો છે. આપણે નયા ભારત ઘર મેં ઘૂસકર મારતા હૈ એવા ફડાકા મારીએ છીએ પણ ખરેખર ઘરમાં ઘૂસીને મારવું આને કહેવાય. ખામેનેઈ બંકર જેવા તેમના ઓફિસ કોમ્પ્લેક્સમાં આખા પરિવાર સાથે રહેતા હતા. આ બંકરને ઈઝરાયલ કે અમેરિકા કશું કરી નહીં શકે એવું મનાતું હતું પણ ઈઝરાયલે ખામેનેઈ જ્યાં બેઠા હતા ત્યાં જ ઉપરાછાપરી ૩૦ મિસાઈલ છોડીને ખામેનેઈને ભૂતકાળ બનાવી દીધા. ઈઝરાયલના હુમલામાં ખામેનેઈની પુત્રી-જમાઈ, પુત્રવધૂ અને પૌત્રી સહિત મોટા ભાગનો પરિવાર પણ મરાયો છે. કોમ્પ્લેક્સમાં હાજર ૪૦ કમાન્ડરો પણ માર્યા ગયા છે. ઈઝરાયલ અને અમેરિકા કેવા ખતરનાક છે તેનો અંદાજ આ વાત પરથી જ આવી જાય. ખામેનેઈના મોતથી આઘાતમાં સરી પડેલા દુનિયાભરના શિયા મુસ્લિમો રસ્તા પર ઊતરીને દેખાવો કરીને આક્રોશ ઠાલવી રહ્યા છે. ભારતમાં પણ કેટલાંક શહેરોમાં દેખાવો થયા છે. પાકિસ્તાનમાં તો લોકોએ યુએસ એમ્બેસી પર હુમલો કરી દીધો. અમેરિકાએ ખામેનેઈના ચાહકોના હુમલાનો જવાબ ગોળીઓથી આપીને ૧૦નાં ઢીમ ઢાળી દીધાં તેથી પાકિસ્તાનમાં પણ તણાવ થઈ ગયો છે. ઈરાનમાં અત્યારે મિશ્ર માહોલ છે. ઈરાનની સરકાર ખામેનેઈના મોતનો બદલો લેવાની કસમો ખાઈ રહી છે જ્યારે વિરોધીએ જશ્ન મનાવી રહ્યા છે. અલબત્ત આ જશ્ન સોશ્યલ મીડિયા પર જ છે કેમ કે ખામેનેઈના મોત પછી પણ ઈરાન હજુય શિયા કટ્ટરવાદીઓના હાથમાં જ છે તેથી જશ્ન મનાવનારાએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખવી પડે. બાકી તેમને પણ ખામેનેઈને કંપની આપવા ઉપર પહોંચાડી દેવાય. ઈઝરાયલ અને અમેરિકાની સાથે સાથે સાઉદી અરેબિયા સહિતના સુન્નીઓના દેશો પણ ખુશ છે. વિશ્વમાં શિયા મુસ્લિમોને પોતાના ગુલામ બનાવવાની સુન્નીઓની મહત્ત્વાકાંક્ષા આડે ઈરાન સૌથી મોટો અવરોધ છે તેથી આરબ દેશોની ખુશી સમજી શકાય એવી છે. અમેરિકા અને ઈઝરાયલ પણ ખામેનેઈને સૌથી મોટો દુશ્મન માનતાં તેથી એ પણ ખુશ થાય જ. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તો ટ્રુથ સોશ્યલ પર લખ્યું છે કે, ઈતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંથી એક ખામેનેઈ માર્યો ગયો છે. ખામેનેઈના મોતથી ઈરાનની જનતાની સાથે-સાથે અમેરિકા અને દુનિયાભરના દેશોને પણ ન્યાય મળ્યો છે. ટ્રમ્પનું નિવેદન અમેરિકાનાં બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. ઈરાને ઈઝરાયલને પરેશાન કરવા હિઝબોલાહ અને હુતી જેવાં શિયા આતંકવાદી સંગઠનોને પોષ્યાં એ સાચી વાત છે. આ ઈરાક, સીરિયા, લેબનોન અને યમન જેવા દેશોમાં સત્તા કબજે કરવા ભારે ખૂનામરકી કરી છે. ઈઝરાયલમાં પણ ઈરાને આતંકવાદ ફેલાવ્યો છે તેથી ખામેનેઈ શાંતિના દૂત નહોતા એ વાત સાચી પણ ઈરાન જેવા ધંધા તો પાકિસ્તાન પણ કરે છે છતાં અમેરિકા પાકિસ્તાનને પંપાળે છે. અમેરિકાએ પોતે આખી દુનિયાની મેથી મારનારા અલ કાયદા અને તાલિબાન જેવાં સંગઠનોને પેદા કરીને આતંકવાદને પોષ્યો છે પણ અમેરિકા કદી પાકિસ્તાનની કે પોતાની વાત નથી કરતું. બીજાં કરે એ છિનાળું ને પોતે કરે એ લીલા એ આનું નામ. ખામેનેઈ અમેરિકા અને ઈઝરાયલ સહિતના તેના સાથી દેશો માટે વિલન હશે પણ ભારત માટે વિલન નહોતા. જમ્મુ અને કાશ્મીર સહિતના મુદ્દે ઈરાન પાકિસ્તાનના પડખે ઊભું રહેતું પણ એ તો આપણે અત્યારે જેમની દોસ્તીની દુહાઈઓ આપીએ છીએ એવા યુએઈ, સાઉદી અરેબિયા, કતાર સહિતના દેશો પણ કરતા જ હતા એ જોતાં ખાલી ખામેનેઈને વિલન ના ગણી શકાય. ઈરાનમાં થયેલી ઈસ્લામિક ક્રાંતિને ભારતે માન્યતા નહોતી આપી પણ પછી ભારત અને ઈરાનના સંબંધો અત્યંત મજબૂત બન્યા. ખોમેનેઇના સમયમાં તેની શરૂઆત થઈ અને ખામેનેઈ ઈરાનના સર્વોચ્ચ નેતા બન્યા પછી આ સંબંધો વધારે ગાઢ બન્યા. એક સમયે ઈરાન ભારતના ટોપ થ્રી ક્રૂડ ઓઈલ સપ્લાયર્સમાંથી એક હતું. ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતમાં ઈરાનનો હિસ્સો લગભગ ૧૭ ટકાની આસપાસ હતી. ભારત ઈરાનનું સૌથી મોટું ક્રૂડ ખરીદદાર હતું તેનો બદલો ઈરાન પણ ઉદારતાથી વાળતું હતું. ઓએનજીસી સહિતની ભારતીય સરકારી ઓઈલ કંપનીઓને ઈરાનમાં ક્રૂડ અને ગેસના કોન્ટ્રાક્ટ મોટા પ્રમાણમાં મળતા હતા. ૨૦૦૯માં ભારતે પાંચ અબજ ડૉલરનું રોકાણ ઈરાનનાં ગેસ ફિલ્ડમાં કરેલું તેના પરથી જ બંને દેશોના ગાઢ સંબંધોનો ખ્યાલ આવે. ઈરાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ પણ ભારતીય કંપનીઓને મળતા હતા. ઈરાને પોતાનું સૌથી મહત્ત્વનું ચાબહાર બંદર વિકસાવવાનો કોન્ટ્રાક્ટ પણ ભારતને આપ્યો હતો તેના પરથી જ ઈરાન માટે ભારત કેટલું મહત્ત્વનું હતું એ સાબિત થાય છે. ભારતે ૨૦૦૮માં અમેરિકા સાથે પરમાણુ કરાર કર્યો પછી અમેરિકાએ ઈરાન સાથેના સંબંધો કાપી નાખવા ભારત પર દબાણ શરૂ કર્યું. ભારતના શાસકો અમેરિકા સામે ઝીક ના ઝીલી શક્યા તેથી ધીરે ધીરે ઈરાન પાસેથી ક્રૂડની ખરીદી અને બીજા આર્થિક વ્યવહારો બંધ કરવા પડ્યા. બાકી ખામેનેઈએ તો ભારત પોતાની પાસેથી ક્રૂડની ખરીદી કરે તેની ચૂકવણી ભારતીય રૂપિયામાં કરવાની અને ક્રૂડના બદલામાં ભારત આપે એટલું અનાજ લેવાની વ્યવસ્થા પણ કરી આપેલી. ભારત અને ઈરાન વચ્ચેના આ વ્યવહારમાં ભારતના બેઉ હાથમાં લાડુ હતા કેમ કે ભારતની નિકાસ પણ વધતી હતી અને ક્રૂડની ખરીદી માટે મોંઘું વિદેશી હૂંડિયામણ પણ નહોતું ખર્ચવું પડતું. અમેરિકાથી ભારત ો આ ફાયદો જોયો ના ગયો તેથી ઘોંચપરોણા કરીને બધું બંધ કરાવી દીધું. ઈરાન પણ ભારતના વલણથી નિરાશ થઈને ચીન તરફ ઢળવા માંડેલું પણ હળાહળ ભારતવિરોધી વલણ નહોતું લીધું. છેલ્લે તો ચાબહાર બંદરનું સંચાલન કરવા માટે કરાર કરીને ઈરાને ભારત તરફ તેને ખાર નથી એ સાબિત કરેલું જ પણ આપણામાં અમેરિકાની ઐસીતૈસી કરીને ઈરાન સાથે ખુલ્લેઆમ સંબંધો રાખવાની ત્રેવડ નથી તેથી સંબંધો સ્થગિત થઈ ગયા.

ખામેનેઈના મોત પછી ઈરાનમાં શું થશે એ ખબર નથી પણ અમેરિકા ઈરાનના ક્રૂડ પર કબજો કરવા મથશે તેમાં બેમત નથી. સામે ખામેનેઈના ચેલકા પણ જલદી હથિયાર હેઠાં મૂકવાના મૂડમાં નથી એ જોતાં જોરદાર જંગ થશે એ નક્કી છે.

**મૈત્રીજૂથ બનાવાયાં છે. આપણો આશય શાંતિ સામેના ખતરા ઊગતા ડામવાનો છે. રાષ્ટ્રહિત માટે ડિપ્લોમસીનો માર્ગ શ્રેષ્ઠ છે.**

# શાંતિ અને સલામતી માટે નવાં સંગઠન

- **આ દરમિયાન સુદાન અને યમનના પ્રશ્ને સાઉદીના સંબંધ યુએઈ સાથે વણસ્યા. યુએઈના શાસકે ભારતની મુલાકાત લીધી અને સંરક્ષણ સમજૂતી થઈ છે. અત્યારે ઈન્ડિયા, ઇઝરાયલ અને યુએઈનો નવો 'મોરચો' છે.**

પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, ટ્રેડ ઓર્ગેનાઈઝેશન WHO - જેવી વૈશ્વિક સંસ્થાઓ નિષ્ક્રિય અને નબળી બનાવી દીધી છે. યુનાઈટેડ નેશન્સને પણ નબળું બનાવીને આપખુદી ચલાવી રહ્યા છે. વિશ્વનો નક્શો જાણે બદલવા માગે છે. 'માઈટ ઈઝ રાઈટ' - જીસકી લાઠી ઉસ કી ભૈંસ જેવો ઘાટ છે. શાંતિ અને સંવાદ એક માત્ર માર્ગ વિશ્વ સમક્ષ છે. અત્યારે પશ્ચિમ એશિયામાં સ્ફોટક સ્થિતિ છે, ત્યારે પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા સાથે ભારતની સલામતી સંકળાયેલી છે, તેથી ઇઝરાયલ અને યુએઈ સાથે હાલ મિલાવ્યા છે. ભારતે દાયકાઓથી ઈરાન અને પર્સિયા વચ્ચે, શિયા-સુન્ની વચ્ચે તથા ઈરાન અને ઇઝરાયલ તથા સાઉદી અરેબિયા વચ્ચે સમતુલા જાળવી છે, પણ હવે સમય - સંજોગ અનુસાર સુધારા થઈ રહ્યા છે. પાકિસ્તાની આતંકનો જવાબ આપવા ભારતે પગલાં ભર્યાં, ત્યારે ચીને પાકિસ્તાનને મદદ કરી - તુર્કી પણ તેની સાથે જોડાયું અને ટ્રમ્પે તો છડેચોક મુનીરને થાબડયા અને ટ્રમ્પની સૂચના મુજબ સાઉદીએ પાકિસ્તાન સાથે સંરક્ષણ કરાર કર્યા. ઇઝરાયલે - કદાચ ભૂલથી - કતાર ઉપર હુમલો કર્યો તેથી સાઉદીએ ભારતના વિરોધમાં પાકિસ્તાન સાથે હાથ મિલાવ્યા છે. હકીકતમાં સાઉદી સાથે આપણા સંબંધ ઘણા સારા રહ્યા છે, પણ પાકિસ્તાનનાં અણુશત્રો માટે નાણાં સાઉદી પૂરાં પાડે છે. આ દરમિયાન સુદાન અને યમનના પ્રશ્ને સાઉદીના સંબંધ યુએઈ સાથે વણસ્યા. યુએઈના શાસકે ભારતની મુલાકાત લીધી અને સંરક્ષણ સમજૂતી થઈ છે. અત્યારે ઈન્ડિયા, ઇઝરાયલ અને યુએઈનો નવો 'મોરચો' છે. અમેરિકા અને ચીન બંને પોતાના વ્યૂહ અજમાવી રહ્યા છે, ત્યારે પશ્ચિમ એશિયામાં ઇઝરાયલ સાથે ભારત સક્રિય છે. ભારતે યુએઈ અને ઇઝરાયલ સાથે સંબંધ વધુ ગાઢ બનાવ્યા છે. દ્વિપક્ષી કરારથી આગળ વધી રહ્યા છે. સાઉદી અરેબિયાને સ્પષ્ટ સંદેશ છે કે, પાકિસ્તાનને અંકુશમાં રાખવાનો અને ચીનની વગ વધે નહી તે જોવાનો અમારો નિર્ધાર છે. વડાપ્રધાન મોદીએ ઇઝરાયલની બે દિવસની મુલાકાતમાં ઘણા મહત્ત્વના કરાર કર્યા છે. સંરક્ષણ, સ્પેસ, ટેક્નોલોજી વગેરે. નોંધપાત્ર છે કે, ભારતે ૨૦૧૪થી ૨૦૨૪ના ગાળામાં સંરક્ષણ જરૂરિયાતોના ૩૮ ટકા શત્ર સામાન આયાત - ઇઝરાયલથી ખરીદ કર્યો છે. ભારત, ઇઝરાયલ, ગ્રીસ, સાયપ્રસ અને કેટલાક આરબ દેશોનું ગ્રુપ બન્યું છે. ભારત મધ્યપૂર્વનો ઈકોનોમિક કોરિડોર બનાવશે. સલામતી ઉપરાંત વ્યાપાર - વિકાસ પણ થશે. પાકિસ્તાની આતંકવાદ અને ચીનની સહાયથી આક્રમણ કરવાની પેરવી સામે ભારતે મજબૂત પાળ બાંધી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાને 'ફરીથી મહાન' બનાવવા માટે ટેરિફ આક્રમણ શરૂ કર્યું. યુક્રેન ઉપર રશિયન આક્રમણ બંધ કરાવવા રશિયન ક્રૂડતેલની ખરીદી બંધ કરવા ભારત ઉપર દબાણ શરૂ કર્યું. આ દરમિયાન ઈરાનમાં સત્તાપલટો કરાવવા અને અણુશક્તિનો વ્યાપ બંધ કરાવવા માટે આક્રમણ તોળાઈ રહ્યું છે. વિશ્વશાંતિ ઉપર ગંભીર જોખમ છે - તેની શરૂઆત 'હમાસ' દ્વારા ઇઝરાયલ ઉપર અચાનક આતંકી આક્રમણ કરીને નાગરિકોની કત્લેઆમ પછી થઈ છે. ઇઝરાયલે આતંકનો જબરદસ્ત જવાબ આપ્યો અને અમેરિકાએ પણ ધાક-ધમકી શરૂ કરી. આ સંજોગોમાં ભારતે આપત્તિને અવસર બનાવીને વિશ્વમાં નવા સંબંધ - શરૂ કર્યા. વ્યાપાર - ક્ષેત્રે તો નવી દિશાઓ ખોલી અને આતંકવાદને ખતમ કરવા માટે આગેવાની લીધી. વિશ્વમાં ભૌગોલિક રાજકારણ બદલાઈ રહ્યું છે તેમાં ભારત અને ઇઝરાયલ અગ્રણી ભાગ ભજવે છે. આતંકવાદ બાબત બેવડાં ધોરણ નહી ચલાવી લેવાય અને સંગ્રામ પહેલાં સંવાદનું મહત્ત્વ શાંતિ અને સલામતી માટે નવાં સંગઠન અને સંબંધ વિકસી રહ્યા છે. આતંકવાદ અને ડાબેરી - માઓવાદી અંતિમવાદનો પ્રતિકાર થઈ શકે છે, થઈ રહ્યો છે. ભારતીય સેના - સુરક્ષા દળો સક્ષમ છે. હિંસા અને અહિંસા બંને ઉપાય અજમાવાયા છે, પણ આતંકવિરોધી સાવધાનીમાં પણ ભારતે પહેલ કરી છે. ઓપરેશન સિંદૂર પછી સંસદીય પ્રતિનિધિમંડળો વિદેશોમાં મોકલીને ભૂમિકા તૈયાર કરી. આ પછી હવે લોકસભાના સ્પીકરે વિશ્વના ૬૪ જેટલા દેશ સાથે 'મૈત્રી ગ્રુપ' બનાવ્યાં છે. સંસદનાં બંને ગૃહના ૧૧ સભ્યનાં એક એવાં ગ્રુપ બનાવ્યાં છે. આ સભ્યો વિદેશોમાં સંપર્ક સાધીને વિશ્વની સમસ્યાઓ બાબત વિચાર વિનિમય કરશે. ભારતનાં દૃષ્ટિબિંદુ સમજાવશે. આતંકવાદ પ્રથમ વિષય છે તે પછી શાંતિ અને વિકાસ ઉપર ભાર મૂકાશે. 'વિશ્વગુરુ' કહો કે ના કહો, પણ આ દિશામાં આવો પ્રયાસ - વસુધૈવ કુટુમ્બકમ્ - કરનારો ભારત પ્રથમ દેશ છે. આ અગાઉ અમેરિકા, યુકે, રશિયા, જર્મની, ફ્રાન્સ, ઇઝરાયલ તથા ઈરાન સાથે આવાં

મૈત્રીજૂથ બનાવાયાં છે. આપણો આશય શાંતિ સામેના ખતરા ઊગતા ડામવાનો છે. રાષ્ટ્રહિત માટે ડિપ્લોમસીનો માર્ગ શ્રેષ્ઠ છે. યુક્રેનનાં સમાધાન માટે પણ ભારતે સંગ્રામ પહેલાં સંવાદની હિમાયત કરી છે. ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળોની આગેવાની વિપક્ષી નેતાઓને પણ સોંપવામાં આવી છે. શશી થરૂર, પી. ચિદમ્બરમ્, કે. સી. વેણુગોપાલન, મનીષ તિવારી, ડીએમકેના કે. કનીમોઝી, અખિલેશ યાદવ, 'આપ'ના સંજયસિંહ તથા ઓવૈસીનો સમાવેશ થાય છે. પ્રિયંકા વડરા ગાંધી અખિલેશ યાદવનાં ગ્રુપમાં નિમાયાં છે! દરમિયાન કેન્દ્ર સરકારે આતંકવાદ વિરોધી નીતિ 'પ્રહાર' જાહેર કરી છે. આ નીતિ સાથે વ્યૂહ - સ્ટ્રેટેજી છે. અત્યાર સુધી આતંકવાદનો શિકાર આપણે એકલા જ હતા અને વિશ્વના દેશો માત્ર નિવેદનો બહાર પાડીને સહાનુભૂતિ વ્યક્ત કરતા હતા. સિંદૂર ઓપરેશન પછી ભારતે વિશ્વના અગ્રણી દેશોમાં ભારતીય સંસદસભ્યોનાં પ્રતિનિધિમંડળો મોકલી અસરકારક રજૂઆત કરીને દુનિયાને જગાડી છે. સાવધાન કર્યા પછી સૌનો સાથ-સહકાર મેળવવાના પ્રયાસ શરૂ થયા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર શરૂ કર્યા પછી વિશ્વમાં એકમાત્ર મહાસત્તા અને પોતે મહાનાયક હોવાનું બતાવી રહ્યા છે, ત્યારથી વિશ્વનું ભૌગોલિક રાજકારણ પલટાઈ ગયું છે. વ્યાપાર ટેરિફના માર્ગ પછી હવે સશત્ર આક્રમણના માર્ગે છે. ભારતે વ્યાપાર માટે વિકલ્પ શોધી લીધા. અનેક દેશો સાથે દ્વિપક્ષી કરાર કરી લીધા છે, પણ ટ્રમ્પે શાંતિ પુરસ્કાર મળવાની આશાએ પાકિસ્તાનના લશ્કરી - ફિલ્ડ માર્શલ મુનીરને મદદ કરીને ભારત સામે પડકાર ઊભો કર્યો, પણ અત્યારે પાકિસ્તાનની દશા છે - અફઘાન અને પઠાણ કોમે આંતરવિગ્રહ શરૂ કર્યો છે, પણ પાકિસ્તાનમાં લોકશાહી અને લોકોને બચાવવાની ચિંતા ટ્રમ્પને નથી! મુનીર તો બાંગ્લાદેશને ઉશ્કેરીને ભારત સામે બદલો લેવા માગે છે, પણ તેની બાજી ઊંધી વળી છે. બાંગ્લાદેશ ભારત સાથે સંબંધ સુધારવા માગે છે. શ્રીલંકા પણ ભારત સાથે મૈત્રીસંબંધ રાખવા માગે છે: પણ પાકિસ્તાન સામે ભારત સાવધાન છે. વિશ્વના ૬૪ દેશ સાથે મૈત્રી જૂથના વ્યૂહ પાકિસ્તાનને 'વૉર્નિંગ' છે.

**કોર્ટના ચુકાદા પછી હવે 'આપ' અને કેજરીવાલ દેશભરમાં યાત્રા કરશે**

# કેજરીવાલને ક્લીનચીટ પછીનું રાષ્ટ્રીય રાજકરણ અલગ હશે

કેજરીવાલ આરોપમુક્ત થયા, પણ સીબીઆઇ અને ઇડી સામે વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ ઉપર ગંભીર આક્ષેપ થયા છે.

દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને ભ્રષ્ટાચાર - વિરોધી - આમ આદમી પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ, એમના સાથી પૂર્વ નાયબ મુખ્યપ્રધાન સિસોદિયા અને અન્ય એકવીસ વ્યક્તિને શરાબની જકાતનીતિના ભ્રષ્ટાચાર કેસમાં દિલ્હીની અદાલતે નિર્દોષ જાહેર કરીને ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપરાંત કોંગ્રેસ નેતાઓને મોટો આઘાત આપ્યો છે! કેજરીવાલ આરોપમુક્ત થયા, પણ સીબીઆઇ અને ઇડી સામે વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ ઉપર ગંભીર આક્ષેપ થયા છે. કેજરીવાલને કાનૂની અદાલતે 'કટ્ટર ઈમાનદાર' ઠરાવ્યા પછી હવે તેઓ જનતાની અદાલતનો ચુકાદો માગવા તત્પર છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી નવેસરથી કરાવવાની માગણી કરી છે, પણ એમની નજર ગુજરાત ઉપર છે: ગુજરાતમાં મોદી અને અમિત શાહને પડકારવા માગે છે. કોંગ્રેસના નેતા કહે છે કે, ભાજપ અને કેજરીવાલનું કાવતરું કોંગ્રેસ સામે છે! સીબીઆઇ હાઈકોર્ટમાં અપીલ કરે અને કદાચ ફાવે તો પણ જનતાની લોકઅદાલતનો ચુકાદો અલગ હોઈ શકે છે. હવે તમામ રાજકીય પક્ષો - વિશેષ કરીને ભાજપ સામે કેજરીવાલના 'ડબલ એન્જિન'નો પડકાર હશે. કાનૂની અદાલત અને લોકઅદાલત. હવે રાષ્ટ્રીય રાજકારણ અલગ હશે. અણ્ણા હઝારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પછી અરવિંદ કેજરીવાલે દેશભરમાં ભ્રષ્ટાચાર વિરોધી નેતાનું સમ્માન મેળવીને સત્તાના રાજકારણમાં સ્થાપિત રાજકીય પક્ષો સામે ગંભીર પડકાર ફેંક્યો હતો. વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની માત્ર ત્રણ બેઠક ભાજપને મળી હતી અને




૨૦૨૦માં માત્ર આઠ બેઠક મળ્યા પછી ભાજપની નેતાગીરી સફાળી ચોંકી ગઈ હતી. આ પડકાર તમામ - ચીલાચાલુ રાજકીય પક્ષોને હતો, પણ ભારતીય જનતા પક્ષે - ૨૦૧૪માં કોંગ્રેસને સત્તાભ્રષ્ટ કરીને દેશભરમાં જબરદસ્ત લોકપ્રિયતા મેળવી હતી અને એક જ વર્ષમાં - ૨૦૧૫માં દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ નામના નવા નિશાળિયાએ ભાજપને કારમો આઘાત આપ્યો. દિલ્હીમાં દાયકાઓ સુધી રાજ કરનાર કોંગ્રેસ માટે તો કોઈ આશા જ રહી નહોતી. ભાજપ સહિત કોંગ્રેસને પણ આશા ન હતી - કેજરીવાલને ચૂંટણીનાં રણમેદાનમાં પરાસ્ત કરવાની! સૌ માટે ભવિષ્યનો સવાલ હતો ત્યારે કોંગ્રેસના પ્રાદેશિક નેતાએ શરાબનીતિમાં હૈદરાબાદના કેટલાક શખ્સો સાથે ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ કર્યો અને ભાજપે આ મુદ્દો ઉઠાવી લીધો. સીબીઆઇ દ્વારા તપાસ શરૂ થઈ અને એક રાજ્યના મુખ્યપ્રધાન જેલવાસ ભોગવતા થયા. જેલમાં રહીને એમણે પત્નીને બોલાવીને સૂચનાઓ આપી અને સરકારી ફાઇલો ઉપર સહી પણ કરી તેથી નવો વિવાદ શરૂ થયો કે એમણે રાજીનામું આપવું જોઈએ. આખરે જેલમાંથી છૂટયા, પણ સરકારી કાર્યાલયમાં નહી જવાની, ફાઇલો ઉપર સહી નહી કરવાની શરત હતી. ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કરનાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ થયા પછી આરોપ થયા અને ભ્રષ્ટાચારનાં નામે ચૂંટણીમાં સત્તાભ્રષ્ટ પણ થયા. આમ છતાં દિલ્હીથી દૂર પંજાબમાં આમ આદમી પાર્ટીએ સત્તા મેળવી અને કોંગ્રેસ ઉપરાંત અકાલી દળને પણ સત્તાથી દૂર રાખ્યા. હવે દિલ્હીની નીચલી અદાલતે એમને માન-મરતબા સાથે મુક્ત કર્યા પછી એમણે કટ્ટર ઈમાનદાર હોવાનો દાવો કર્યો છે. કોર્ટના ચુકાદા પછી હવે 'આપ' અને કેજરીવાલ દેશભરમાં યાત્રા કરશે અને સ્થાપિત રાજકીય પક્ષો સામે 'જેહાદ' જગાવશે. એમને બેવડું બળ મળ્યું છે. રાજકારણને કાનૂની અદાલતનું પીઠબળ મળ્યું છે તેથી હવે તેઓ 'અશ્વમેધ યજ્ઞ' કરવા નીકળે તો આશ્ચર્ય નહી થાય. કેજરીવાલના પ્રથમ નિશાના ઉપર ગુજરાત હશે. ગુજરાતમાં કોંગ્રેસ નબળી હોવાથી ભાજપના વિકલ્પ બનવા માટે એમનું લક્ષ્ય છે.

# વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના શાહી ઘરેણાંનું અનોખું આકર્ષણ

## રશ્મિકા અને વિજયના લગ્નની અફવાઓ જેટલી જ તેમનાં દાગીનાની ચર્ચા થઈ


વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઉદયપુરમાં ભવ્ય લગ્ન સમારંભમાં હાઈ-ફેશન ગોલ્સ સેટ કર્યા છે. ખાસ કરીને તેમના કેટલાંક કિલો સોનાના દાગીનાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમની લગ્નની તસવીરોની જેમ તેમના દાગીના પરની રીલ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

કેટલાક વેબ પોર્ટલના અહેવાલો અનુસાર, હૈદરાબાદના શ્રી જ્વેલર્સ દ્વારા આ દાગીના તૈયાર કરવામાં આવ્યા છે. આ શોરૂમના મેનેજિંગ ડિરેક્ટર્સ અભિષેક અગ્રવાલ અને કૌશિક કુમારે એક પોર્ટલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે બંને માટે દાગીના બનાવવાનો અનુભવ અત્યંત વિશેષ રહ્યો. તેમણે જણાવ્યું કે આ સંપૂર્ણ પ્રક્રિયા — ડિઝાઇનથી લઈને અંતિમ તૈયારીઓ સુધી- કુલ ૧૦ મહિના ચાલી હતી.

### વિજય દેવરકોંડાના દાગીનાઓની ખાસિયત

વિજય દેવરકોંડાએ પોતાના લગ્નમાં મિનિમલિઝમને બદલે મેક્સિમલિસ્ટ સ્ટાઇલ અપનાવી. જ્વેલર્સના જણાવ્યા મુજબ, તેના દાગીનાઓએ પરંપરાગત ગ્રુમ-સ્ટાઇલને નવી દિશા આપી છે.તેના દાગીનામાં હાથીના મોટિફ (જ્ઞાનનું પ્રતિક) અને વાઘના તત્વો (ચપળતા અને શક્તિનું પ્રતિક) સામેલ હતા. ઊંડી નકશી કોતરણી અને રવા ડિટેઇલિંગ દ્વારા દાગીનાઓમાં ભવ્યતા અને પરિમાણ ઉમેરાયું હતું.

વિજયે મોટા કદના ઇયર સ્ટડ્સ પહેર્યા હતા, જે સિક્કાની સાઇઝ જેટલાં હતાં. તેણે લાંબો અને નાનો એમ બે હાર પહેર્યા હતા. ટેમ્પલ નેકલેસની ડિઝાઇન રાજસી હતી. સાથે જ હાથમાં સોનાનાં બલોયા, નાની આંગળીમાં વીંટીઓ અને પગમાં સોનાનાં કડાં પણ પહેર્યા હતાં — જે પરંપરાગત લગ્નોમાં બહુ ઓછું જોવા મળે છે.



### રશ્મિકા મંદાનાના દાગીનાઓની ભવ્યતા


રશ્મિકા મંદાનાના દાગીના દક્ષિણ ભારતીય સ્થાપત્ય શૈલીથી પ્રેરિત હતાં. આ અંગે જ્વેલર્સે જણાવ્યું કે તેમના દાગીનામાં ઉચ્ચ કક્ષાનું બારીક નકશી કામ અને સુક્ષ્મ રવા ગ્રેન્યુલેશનનો સમાવેશ હતો, જે માસ્ટર કારિગરો દ્વારા હાથથી તૈયાર કરવામાં આવ્યા હતાં.રશ્મિકાએ કુલ ૧૧ દાગીના પહેર્યાં હતાં — ચોકર સાથે પરંપરાગત હારમ, કાનમાં સ્ટેટમેન્ટ ઝુમ્મર, જડાઉ બિલ્લા, ચંપાસરાલુ, હાથફૂલ, માથાપટ્ટી, નથ, બાંગડીઓ, બાજુબંદ, કમરપટ્ટો અને પાયલ.

આ દાગીના એન્ટિક મેટ પોલિશમાં તૈયાર કરાયાં હતાં, જેથી પરંપરા અને ભવ્યતા બંનેનું સંયોજન દેખાય. જ્વેલરી બ્રાન્ડના જણાવ્યા મુજબ, આ દાગીના માત્ર શણગાર માટે નહીં પરંતુ પેઢી દર પેઢી વારસામાં આપવામાં આવે તેવાં વારસાગત દાગીના તરીકે ડિઝાઇન કરવામાં આવ્યા હતા.

### ૧૦ મહિના સુધી ચાલી તૈયારીઓ

જ્વેલર્સે જણાવ્યું કે સમગ્ર પ્રક્રિયા — કલ્પના, ડિઝાઇન ચર્ચાઓ, કસ્ટમાઇઝેશન, પ્રોડક્શન, ટ્રાયલ્સ અને ડિલિવરી — કુલ ૧૦ મહિના સુધી ચાલી હતી. બંનેના લૂકમાં દક્ષિણ ભારતીય સંસ્કૃતિની ભવ્યતા દર્શાવવામાં આવી હતી, જેમાં રશ્મિકાને જીવંત દેવી અને વિજયને સમ્રાટ રાજાના વેશમાં કલ્પીને રજૂ કરવામાં આવ્યો હતો.

જ્યારે દાગીનાઓમાં એટલી બારીકી અને કારીગરી હોય, ત્યારે તે સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ બને અને લોકોમાં નવી ફેશનની લહેર જગાવે — એ તો સ્વાભાવિક જ છે.



# ૧૫ વર્ષમાં પહેલી વાર હોળી પર કોઈ નવી ફિલ્મ રિલીઝ થઈ નથી

છેલ્લાં ૧૫ વર્ષમાં પહેલી વખત હોળી પર કોઈ જ નવી ફિલ્મ રિલીઝ થશે નહીં. ૨૦૨૬ની હોળી પર કોઈ નવી હિન્દી ફિલ્મ જોવા મળશે નહીં. બોલિવૂડના પ્રોડ્યુસર્સે આટલાં વર્ષોમાં હંમેશા હોળીના તહેવારોનો લાભ ઉઠાવ્યો છે અને તેમની ફિલ્મ રિલીઝ કરીને સારી કમાણી પણ કરી છે. ૨૦૨૧માં પેન્ડેમિકનો સમય હતો, તેમ છતાં પરિણીતિ ચોપરાની સાઈના નેહવાલની બાયોપિક રિલીઝ થઈ હતી. જો છેલ્લા ૨૬ વર્ષમાં હોળી પર રિલીઝ થયેલી ફિલ્મોની વાત કરવામાં આવે તો, ૨૦૦૦થી હોળી પર 'ચોરી ચોરી ચુપકે ચુપકે', 'માલામાલ વીકલી', 'રેસ', 'બદ્રીનાથ કી દુલ્હનિયાં', 'કેસરી', 'તું જુઠી મેં મક્કાર' જેવી ફિલ્મો હોળી પર રિલીઝ થઈ અને સફળ પણ થઈ હતી. આ વર્ષોમાં માત્ર ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૧૧માં જ હોળી પર કોઈ ફિલ્મ રિલીઝ નહોતી થઈ, ૨૦૦૩ અને ૨૦૧૧માં તો ક્રિકેટ વર્લ્ડ કપના કારણે ફિલ્મ રિલીઝ નહોતી થઈ. હવે ૨૦૨૬માં ફરી ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. હાલ ટી૨૦ વર્લ્ડ કપ ચાલી રહ્યો હોવાથી હોળી પર કોઈ રિલીઝ ન હોવાનું પ્રાથમિક કારણ માનવામાં આવી રહ્યું છે. યશરાજની ફિલ્મ મર્દાનીના ડિરેક્ટર અધિરાજ મીનાવાલાએ કહ્યું હતું કે ક્રિકેટના માહોલમાં ક્લેશ ન કરવા માટે જ તેમની ફિલ્મ ૨૭ ફેબ્રુઆરીના બદલે ૩૦ જાન્યુઆરીએ રિલીઝ કરી હતી. 'પતિ પત્ની ઔર વો દો' અને 'ગબરુ' પહેલાં ૪ માર્ચ અને ૧૩ માર્ચે રિલીઝ થવાની હતી. આ સમયે ક્રિકેટ સિવાય રમઝાન મહિનાને પણ કારણ માનવામાં આવે છે સાથે જ એક તરફ બોર્ડની પરીક્ષાઓ પણ શરૂ થઈ રહી છે. તેથી વિવિધ કારણોસર થિએટરમાં દર્શકોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે. સાથે જ ૧૯ માર્ચે બે મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, 'ટોક્સિક' અને 'ધુરંધર —ધ રિવેન્જ'ની ઈદ પર ધમાકેદાર રિલીઝ થઈ રહી છે. ફિલ્મ એક્ઝિબિટર્સ પણ મુશ્કેલીમાં મુકાયા છે, કારણ કે તેમની પાસે હાલ કોઈ સારી ચાલી રહેલી ફિલ્મ નથી અને નવી ફિલ્મ રિલીઝ થતી નથી, તેથી તેમના માટે થિએટર્સના ખર્ચ ચલાવવા પણ મુશ્કેલ છે. તેથી તેમણે ખર્ચ ઘટાડવા શો પણ ઘટાડી દીધાં છે. સૌથી મોટી તકલીફ તો છેલ્લાં બે અઠવાડિયામાં રિલીઝ થયેલી 'અસ્સી' અને 'દો દિવાનેં સહેર મેં' ખરાબ રહી છે અને દર્શકોને આકર્ષવામાં નિષ્ફળ રહી છે. સાથે જ હમણા કોઈ પ્રાદેશિક ફિલ્મો પણ સારી નથી ચાલી રહી કે કોઈ મોટી હોલિવૂડ રિલીઝ પણ નથી. તેથી એક્ઝિબિટર્સના મનમાં એક જ ડર છે, આ હવે ઈદ આંધી તોફાન જેવી રિલીઝ લઈને આવશે કે નહીં.

# અલ્લુ અર્જુનને મૃણાલ ઠાકુર સાથે કામ કરવાની ઈચ્છા



સાઉથ સેન્સેશન અલ્લુ અર્જુને ભવિષ્યમાં મૃણાલ ઠાકુર સાથે પ્રોજેક્ટ કરવા અંગે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે. ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ સાઉથમાં બ્લોકબસ્ટર હિટ "પુષ્પા ૨: ધ રૂલ"માં તેના મજબુત અભિનય માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યા બાદ મૃણાલ ઠાકુરે તેને ખાસ શુભેચ્છા સંદેશ સાથે સુંદર ફૂલોના બુકે મોકલ્યા હતા.

જેમાં મૃણાલે મેસેજ લખ્યો હતો, "સર, બેસ્ટ એક્ટર માટે ફિલ્મફેર જીતવા બદલ હાર્દિક અભિનંદન. આ સન્માન સંપૂર્ણપણે લાયક છે. તમે દરેક રોલ માટે જે સમર્પણ, ઈન્ટેન્સિટી અને અદભુત પ્રતિભાનો પરિચય આપો છો તે ખરેખર પ્રેરણાદાયી છે."

અલ્લુ અર્જુને પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર બુકે અને નોટની તસવીર શેર કરતાં લખ્યું, "થેંક યુ સો મચ મૃણાલ ઠાકુર. સો સ્વીટ ઓફ યુ. આશા છે કે ક્યારેક સાથે કામ કરી શકીએ."

ઉલ્લેખનીય છે કે અલ્લુ અર્જુન અને મૃણાલ ઠાકુરે અત્યાર સુધી સ્ક્રીન શેર કરી નથી. આગામી સમયમાં અલ્લુ અર્જુન ફરી એકવાર "પુષ્પા" ફ્રેન્ચાઈઝીની ત્રીજી કડીમાં પુષ્પા રાજની ભૂમિકા ભજવતો જોવા મળશે. ગુરુવારે અટલીએ પણ ઓફિશિયલી ફિલ્મમાં દીપિકા પાદુકોણની એન્ટ્રીની જાહેરાત કરી દીધી છે. અલ્લુ અર્જૂન, દીપિકા પાદુકોણ અને અટલી પણ પહેલી વકત સાથે કામ કરી રહ્યાં છે.

તેની આગામી ફિલ્મોની યાદીમાં લોકેશ કાનાગરાજ સાથે છછ૨૩ અને અટલી સાથે AA22xA6 પણ સામેલ છે.બીજી તરફ, મૃણાલ ઠાકુર અદિવી શેષ સાથેની ફિલ્મ ડકોઈટની રિલીઝની રાહ જોઈ રહી છે.

## ફોર્મ્યુલા રિયુનિયન હાજીર હો! ૨૦૨૬માં જૂના જોગીઓની નવી કેમિસ્ટ્રી

# કમલ હસન, રજનીકાંત, વિશાલ ભારદ્વાજ, શાહિદ કપૂર, પ્રિયદર્શન , સની દેઓલ

આજે બોલિવૂડમાં હવા એવી ફૂંકાઈ રહી છે કે જાણે આપણે ટાઈમ મશીનમાં બેસીને ૨૦૦૦ના દાયકાના એ સુવર્ણ કાળમાં પાછા પહોંચી ગયા હોઈએ. અત્યારે થિયેટરના દરવાજે ઊભા રહીને જુઓ તો એવું લાગે કે મુંબઈની ફિલ્મ નગરીમાં જાણે કોઈ બહુ મોટું 'ગેટ ટુ-ગેધર' ચાલી રહ્યું છે. ૨૦૨૬માં કંઈક આવું જ થઈ રહ્યું છે. કલાકારો અને ડિરેક્ટર્સની જોડી અત્યારે ફરીથી હાથ મિલાવી રહી છે.સૌથી પહેલા વાત કરીએ એ જોડીની જેણે હંમેશાં રૂપેરી પડદા પર લોહી અને પરસેવાની સાથે કવિતા વણી છે એટલે કે શાહિદ કપૂર અને વિશાલ ભારદ્વાજ. 'કમીને' એ તોતડો ગુડ્ડુ હોય કે 'હૈદર' નું પાગલપન, વિશાલે હંમેશાં શાહિદની અંદરના અસલી એક્ટરને ઢંઢોળીને બહાર કાઢ્યો છે. હવે ૨૦૨૬માં 'ઓ' રોમિયો' સાથે એવો જ માહોલ ગરમાયો હતો.હુસૈન ઝૈદીની ડાર્ક અંડરવર્લ્ડ દુનિયા અને એમાં શાહિદનો પેલો ઉસ્તરાવાળો રફ અંદાજ! વિશાલ ભારદ્વાજનીફિલ્મ્સમાં જે દેશી માટીની સુગંધ અને અંધારી ગલીઓનો રોમાંચ હોય છે, તે આ રિયુનિયનમાં સાફ દેખાય છે. શાહિદ માટે પણ આ એક રીતે પોતાની ચોકલેટી બોયની છાપ પર ફરીથી રગ્ડ (ઈંક્ષ-ક્ષીદ્બ) અવતારનું રિયુનિયન હતું.પછી આવે છે સિરિયલ કિસરથી સિરિયસ એક્ટર બનેલો ઈમરાન હાશ્મી. ૨૦૦૭માં 'આવારાપન' જોઈને કોણ એવું હતું, જેણે શિવમના પ્રેમ અને પસ્તાવા માટે આંસુ નહીં સાર્યાં હોય? આજે વર્ષો પછી જ્યારે 'આવારાપન'ની વાત નીકળે છે, ત્યારે દિલમાં એ જ જૂની યાદો તાજી થાય છે. ઈમરાન હાશ્મી અને વિશેષ ફિલ્મ્સનું આ 'આવારાપન' સાથે રિયુનિયન છે. ઈમરાનનો એ ટ્રેડમાર્ક અંદાજ, લાંબા વાળ, આંખોમાં ગમ અને પાછળ વાગતું સૂરીલું મ્યુઝિક, આ બધું જ ફરી પાછું આવી રહ્યું છે.અક્ષય કુમાર અત્યારે જે રીતે બેક-ટુ-બેક રિયુનિયન કરી રહ્યો છે, તે જોઈને લાગે છે કે એને પોતાની જૂની લય સમજાઈ ગઈ છે. અક્ષય અને પ્રિયદર્શન એટલે હાસ્યનો ગેરંટીડ ડોઝ! 'ભૂત બંગલા'ની જાહેરાત થઈ ત્યારથી ફેન્સ ઉત્સુક થઈ ગયા છે. ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરીને જ્યારે આ જોડી પાછી આવે અને સાથે પરેશ રાવલ તથા રાજપાલ યાદવ જેવા કલાકારો હોય ત્યારે ટિકિટબારી પર લાઈનો લાગવાની આશા બંધાય... પણ અક્ષય અહીં જ નથી અટકતો. પ્રિયદર્શન સાથેની જ તેની બીજી ફિલ્મ 'હૈવાન' માં એ ફરીથી સૈફ અલી ખાન સાથે દેખાશે. યાદ છે 'મેં ખિલાડી તુ અનાડી', 'ટશન' અને તેમની જોડીની અન્ય ફિલ્મ્સ? સૈફ અને અક્ષયની એ જુગલબંદી ૨૦૨૬માં ફરી જીવંત થઈ રહી છે, પણ આ વખતે પ્રિયદર્શન એમને થોડા સિરિયસ થ્રિલર મોડમાં લાવ્યા છે.

# એકલા-એકલા જોવા જેવી વેબસિરીઝ 'અપહરણ' ને 'અનદેખી' કરવા જેવી નથી!

અખબારોની પૂર્તિમાં આવતી 'સેક્સ-સમસ્યા'ઓની કોલમ જેમ ચર્ચ્યા વગર, ઉડતી નજરે વંચાતી હોય છે. આમ જુઓ તો આ પણ એવી જ વાત છે. આવી કોલમને કારણે કંઈ આપણે અખબાર બંધ કરાવી દેતાં નથી તેમ ઓટીટી પ્લેટફોર્મ પર એવી કેટલીય વેબસિરીઝ છે કે જે સપરિવાર તો નહીં, સજોડે બેસીને જોવામાં પણ કદાચ, રુચિ ન જાગે. એને એકલાં-એકલાં જ વધુ 'એન્જોય' કરી શકાય.

ફરી એકવાર તમારી ધારણા ખોટી પાડવાની કે આપણે કોઈ ડ- રેટેડ વેબસિરીઝની વાત કરતાં નથી અને કરવાના નથી. આ એકદમ રિયાલિસ્ટીક એપ્રોચ અને તળપદા અને રિઅલ ટોનમાં જ ફિલ્માવાતી ગેંગસ્ટરો અને ગેંગવોરની વેબસિરીઝની વાત થઈ રહી છે. સેક્રેડ ગેમ્સ, બિચ્છુ કા ખેલ, જામતારા, ભૌકાલ, ક્રિમીનલ જસ્ટિસ, રંગબાઝ... જેવી અનેક વેબસિરીઝની એક નહીં, બે-બે અને અભય જેવી સિરીઝની ત્રણ-ત્રણ સિઝન ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થઈ ચૂકી છે. તેમાં ક્યાંક જુગુપ્સા જગાવે તેવાં સેક્સ દશ્યોનો સમાવેશ થયો છે પણ વાસ્તવિક દશ્યો બનાવવા અને પાત્રોનું સાચુકલાપણું બયાન કરવા માટે તેમાં અપશબ્દો (ભુંડા બોલી- ગાળો)નો ય ભરપૂર ઉપયોગ થતો હોય છે, જે યાર દોસ્તો કે સમવયસ્ક અને સમ-મિજાજ બહેનપણીઓ સિવાય અન્ય સાથે જોવામાં અનકમ્ફર્ટેબલ થઈ જવાય.

બેબાક જબાન અને મિજાજને છલકાવતી છતાં જોયા પછી કે જોતાં દરમિયાન મનોરંજનનો તડકો બરાબર લાગે, એવી બે વેબિસિરીઝની આજે અહીં હાઈલાઈટસ આપવી છે. અનદેખી (બે સિઝન) અને અપહરણ (બન્ને સિરિઝ)નામની આ બન્ને સિરિઝને પ્રતિષ્ઠિત ગણાતી આઈએમડીબી (ઈન્ટરનેટ મૂવી ડાટા બેઈઝ) પર તેને (દશમાંથી) સાડા આઠથી વધુ પોઈન્ટના રેટિંગ્ઝ દર્શકો તરફથી અપાયા છે, એટલે યાદ રાખવું કે, એ વેબસિરિઝને ફાલતુ ગણી લેવામાં આપણી જ ના-સમજી છે!

અનદેખી:

મનાલીના માથાભારે અટવાલ ફેમિલીના લગ્ન પ્રસંગમાં એક ડાન્સરનું, દારૂના નશામાં પરિવારના મુખિયા પાપાજીથી હત્યા થઈ જાય છે, લગ્નનું વીડિયો રેકોર્ડિંગ કરી રહેલાં કેમેરામાં એ ફુટેજ શૂટ થઈ જાય છે અને પછી...

સોની લીવ પર સ્ટ્રીમ થયેલી 'અનદેખી' સિરીઝની બન્ને સિઝનમાં આ એક જ હત્યાની ઘટના પછીના પડછાયાંનો ઘટનાક્રમ દર્શાવાયો છે અને એ એટલો ઈન્ટરેસ્ટિંગ છે કે બન્ને સિઝન જોઈ ચૂકેલાં તેની નેકસ્ટ સિઝનની રાહ જોઈ રહ્યાં છે. હિંસા, ગાળાગાળી, ટ્વિસ્ટ એન્ડ ટર્ન્સ અને નિર્દય અટવાલ ફેમિલી, જીવ બચાવવા મથતી વીડિયો કેમેરાની ટીમ, બદલો લેવા આતુર મૃતક ડાન્સરની બહેન, બંગાલી પોલીસ અધિકારીની તપાસ અને અટવાલ ફેમિલીને ધિક્કારતી નવપરિણીત પુત્રવધૂ (જેના વિવાહમાં જ મર્ડર થયેલું)ના દાવપેચ... પુખ્ત લેવલનું કહી શકાય એવા મનોરંજનનું આ વેબસિરીઝમાં નશીલું કોકટેલ છે, પણ આ બધામાં શિરમોર આપણા ગુજરાતી એક્ટર હર્ષ છાયાએ પંજાબી પિયક્કડ પાપાજીનું ભજવેલું પાત્ર છે. હર્ષ છાયાએ ભજવેલું આ કિરદાર ખરેખર એવોર્ડ વિનર ગણી શકાય એવું સશક્ત છે. 'અનદેખી' હર્ષ છાયા માટે પણ જોવું રહ્યું.

અપહરણ:

'વુટ સિલેક્ટ' પર સ્ટ્રીમ થયેલી અપહરણ (સબ કા કટેગા)ની બન્ને સિઝનમાં થીમ અપહરણની છે, પણ બન્નેમાં કિસ્સા અને લોકલ અલગ છે. પહેલી સિઝનમાં હરિદ્વારનો અપહરણ સ્પેશ્યાલિસ્ટ રૂદ્ર શ્રીવાસ્તવ એક શ્રીમંતની પુત્રીનું અપહરણ કરે છે, પરંતુ ડગલે ને પગલે તેમાં ઊંધુંચતું થતું રહે છે. અપહરણના એ કિસ્સાની પૂર્ણાહુતિ પછી રૂદ્ર શ્રીવાસ્તવ અને તેની પત્ની રંજના વચ્ચેના સંબંધમાં ખટાશ આવી ગઈ છે અને રંજના ડ્રગ્ઝના રવાડે ચડી જાય છે અને અહીંથી શરૂ થતી બીજી સિઝનમાં રો-ઓફિસર બ્લેકમેઈલ કરીને, પરાણે રૂદ્ર શ્રીવાસ્તવને એક અન્ય ગેંગસ્ટરનું અપહરણ કરવા માટે સર્બિયા મોકલે છે, જ્યાં તેની સાથે નવી ઓળખ માટે નકલી પત્ની પણ હોય છે અને... 'અપહરણ' સિરિઝની બન્ને સિઝન રૂદ્ર શ્રીવાસ્તવના નેરેશન સાથે આગળ વધે છે. અંગ્રેજીમાં શૂન્ય એવા રૂદ્ર (અભિમન્યુ સિંહ)ના મિજાજ હંમેશાં ગરમ તાવડા જેવો રહે છે, જેમાં ધાણી ફૂટે તેમ અવિરત ગાળોની બૌછાર વહેતી રહે છે. અપશબ્દોનું આ લઝીઝ આવરણ 'અપહરણ'ની એવી સ્ટ્રોંગ ઓળખ છે કે એપિસોડના અંતે આવતાં ટાઈટલ્સ વખતના ગીતમાં પણ તેની જ રમઝટ છે. બેશક, અપશબ્દોમાંથી પણ રમૂજનો ધોરિયો કેમ ફૂટે, એ ડાયલોગ રાઈટર વરુણ બડોલાએ 'અપહરણ'માં દેખાડ્યું છે. માત્ર આ ડાયલોગ અને અપશબ્દોસભર નેરેશન માટે પણ 'અપહરણ' જોવી પડે એટલી રસપ્રદ છે જ, જો કે આ ઉપરાંત અભિમન્યુ સિંહ ઉપરાંત દુબેજી બનતા સાનંદ વર્મા (જે હવે નપુંસક બની ગયો છે) અને હસી પડાય તેવી રીતે ગાળો બોલતી ગિલ્લોરી (સ્નેહીલ દીક્ષિત મહેરા) માટે પણ 'અપહરણ' જોઈ લેશો તો સરપ્રાઈઝ પેકેટ તરીકે જમ્પિંગ જેક જીતેન્દ્રય બોનસમાં જોવા મળશે!







અપહરણ' સિરિઝની બન્ને સિઝન રૂદ્ર શ્રીવાસ્તવના નેરેશન સાથે આગળ વધે છે. અંગ્રેજીમાં શૂન્ય એવા રૂદ્ર (અભિમન્યુ સિંહ)ના મિજાજ હંમેશાં ગરમ તાવડા જેવો રહે છે, જેમાં ધાણી ફૂટે તેમ અવિરત ગાળોની બૌછાર વહેતી રહે છે.

# સંજુ સેમસનની યાદગાર બેટિંગ, ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે સેમિફાઇનલ

## ટીર૦ વર્લ્ડ કપની અંતિમ લીગ મેચમાં વિન્ડિઝ સામે ભારતનો પાંચ વિકેટે વિજય, સેમસનના અણનમ ૯૭ રન

ઓપનર સંજુ સેમસને તેની કારકિર્દીની સૌથી યાદગાર બેટિંગ કરતાં ભારતે રવિવારે રમાયેલી આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ તબક્કાની અંતિમ મેચમાં વેટ ઈન્ડિઝને પાંચ વિકેટથી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. પાંચમી માર્ચે મુંબઈ ખાતે રમાનારી સેમિફાઈનલમાં ભારતનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે.

અહીંના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો. ભારતે ૧૯.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૯ રન કરીને મેચ જીતી લીધી હતી. આ સાથે ભારત તેના ગ્રૂપમાં સાઉથ આફ્રિકા બાદ બીજા ક્રમે રહ્યું હતું.

મેચ જીતવા માટે ૧૯૬ રનના ટારગેટ સામે રમતા ભારતે અભિષેક શર્માની વિકેટ તો ટૂંક સમયમાં જ ગુમાવી દીધી હતી પરંતુ તેનો સાથી ઓપનર સંજુ સેમસન ટકી ગયો હતો. સંજુએ તેની કારકિર્દીની યાદગાર પૈકીની એક ઈનિંગ્સ રમી હતી. સામે છેડે ઈશાન કિશન, કેપ્ટન સૂર્યકુમાર યાદવ કે તિલક વર્મા તેને લાંબા સમય સુધી સાથ આપી શક્યા ન હતા પરંતુ સંજુએ બીજે છેડે શાનદાર બેટિંગ કરી હતી. સંજુએ અણનમ ૯૭ રન ફટકાર્યા હતા. ૫૦ બોલની ઈનિંગ્સમાં તેણે ૧૨ ચોગ્ગા અને ચાર સિક્સર ફટકારી હતી. ઈશાન કિશન માત્ર દસ રન કરી શક્યો હતો તો સૂર્યકુમાર યાદવ ૧૬ બોલમાં એક સિક્સર સાથે ૧૮ રન કરીને આઉટ થયો હતો. તિલક વર્માએ ૧૩મી ઓવરમાં શામર જોસેફ સામે ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. અંતે તે ૧૫ બોલમાં ૨૭ રન ફટકારીને આઉટ થયો હતો.





અગાઉ વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. તેના બેટર્સે મક્કમ બેટિંગ કરી હતી. લગભગ કવાર્ટર ફાઈનલ બની ગયેલી આ મેચમાં તેણે યોજનાબદ્ધ રમત દાખવી હતી. રોસ્ટન ચેઝે ૨૫ બોલમાં ૪૦ રન ફટકારવા ઉપરાંત કેપ્ટન શાઈ હોપ સાથે મળીને પહેલી વિકેટ માટે ૬૮ રન ઉમેરી દીધા હતા. શાઈ હોપે ૩૩ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. આ જોડીએ ટીમને સારી શરૂઆતની ખાતરી અપાવી દીધી હતી. ૧૨મી ઓવરમાં ભારતે વળતો પ્રહાર કર્યો હતો જ્યારે જસપ્રિત બુમરાહે એક જ ઓવરમાં શિમરોન હેતમાયર અને બે બોલ બાદ રોસ્ટન ચેઝને આઉટ કરી દીધા હતા. આ સિઝનમાં સારું ફોર્મ દાખવનારા હેતમાયરે ૧૨ બોલમાં બે સિક્સર સાથે ૨૭ રન ફટકાર્યા હતા.

બુમરાહે ઉપરા ઉપરી બે વિકેટ લીધા બાદ ૧૫મી ઓવરમાં હાર્દિક પંડ્યાએ આક્રમક બની રહેલા શેરફેન રૂધરફોર્ડને આઉટ કર્યો હતો. જોકે ભારત માટે આ બાબત રાહત લાવનારી રહી ન હતી કેમ કે ત્યાર બાદ રોવમેન પોવેલ અને જેસન હોલ્ડરે મળીને આક્રમક બેટિંગ કરી હતી. ૧૫મી ઓવરના પહેલા બોલે વિકેટ ખેરવ્યા બાદ ભારતને છેક સુધી સફળતા મળી ન હતી. આ સમયે પણ અભિષેક શર્મા સહિત કેટલાક ફિલ્ડરે કેચ ગુમાવ્યા હતા.

પોવેલે ૧૯ બોલમાં ૩૪ અને હોલ્ડરે ૨૨ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. બંનેએ અનુક્રમે બે અને ત્રણ સિક્સર પણ ફટકારી હતી. આ ભાગીદારી દરમિયાન ભારતીય બોલર્સ લાચાર બની ગયા હતા.

ભારત માટે જસપ્રિત બુમરાહે ચાર ઓવરમાં ૩૬ રન આપીને બે વિકેટ લીધી હતી પરંતુ તે પ્રમાણમાં થોડો મોંઘો પુરવાર થયો હતો. સામાન્ય રીતે બુમરાહ ઓવરદીઠ નવ રન આપતો નથી. અર્શદીપ સિંઘ અને હાર્દિક પંડ્યાએ ચાર ચાર ઓવરમાં અનુક્રમે ૪૩ અને ૪૦ રન આપ્યા હતા તો વરુણ ચક્રવર્તીએ પણ ૪૦ રન આપ્યા હતા.

# શાનદાર સદી સાથે એલિસા હિલીની વન-ડે ક્રિકેટને અલવિદા

## ત્રીજી વિમેન્સ વન-ડેમાં ઓસી. સામે ભારતનો ૧૮૫ રનથી કારમો પરાજય, ઓસી.ના ૪૦૯ રન

ઓસ્ટ્રેલિયાની મહાન વિમેન્સ ક્રિકેટર એલિસા હિલીએ રવિવારે ભારત સામેની ત્રીજી અને અંતિમ વન-ડે ક્રિકેટ મેચમાં ૧૫૮ રનની જંગી ઈનિંગ્સ રમીને વિમેન્સ વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. આ સાથે એક સફળ કારકિર્દીની પૂર્ણાહૂતિ થઈ હતી. જોકે ભારતીય વિમેન્સ ટીમ માટે આ મેચ ખાસ યાદગાર રહી ન હતી કેમ કે આ મેચમાં તેનો ૧૮૫ રનના કપરાં માર્જીનથી પરાજય થયો હતો અને સાથે સાથે તેનો ત્રણ મેચની આ સિરીઝમાં વ્હાઈટવોશ થયો હતો. રવિવારે અહીં રમાયેલી ત્રીજી વન-ડે ક્રિકેટ મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ઓસ્ટ્રેલિયા વિમેન્સે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૪૦૯ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ભારતીય વિમેન્સ ટીમ ૪૫.૧ ઓવરમાં ૨૨૪ રનના સ્કોર સુધીમાં આઉટ ગઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયાની ૩૫ વર્ષીય એલિસા હિલી અને બેથ મૂની માટે આ મેચ યાદાર રહી હતી. હિલીએ ૯૮ બોલમાં ૨૭ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૧૫૮ રન ફટકાર્યા હતા તો બેથ મૂનીએ ૮૪ બોલમાં અણનમ ૧૦૬ રન ફટકાર્યા હતા જેમાં સાત ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી જ્યોર્જિયા વોલે બાવન બોલમાં ૬૨ રનનું યોગદાન આપ્યું હતું. હકીકતમાં એલિસા હિલી અને બેથ મૂનીએ ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૪૦૦ ઉપર પહોંચાડવામાં આક્રમક બેટિંગ કરીને ત્રીજી વિકેટ માટે ૯૨ બોલમાં ૧૪૫ રનની ભાગીદારી નોંધાવી હતી. આ ઉપરાંત હિલી અને વોલે મળીને બીજી વિકેટ માટે ૧૦૪ રન ઉમેર્યા હતા. આમ એક તબક્કે ઓસ્ટ્રેલિયાએ ૩૬ ઓવર સુધીમાં જ ૨૮૧ રન કરી નાખ્યા હતા. ત્યાર બાદ એનાબેલ સધરલેન્ડે ૨૩ અને નિકોલા કેરીએ માત્ર ૧૫ બોલમાં અણનમ ૩૪ રન ફટકારી દીધા હતા.૪૧૦ રનના વિશાળ ટારગેટ સામે ભારતીય વિમેન્સ ટીમખાસ પ્રતિકાર કરી શકી ન હતી. તેના તરફથી એક પણ ખેલાડી અડધી સદી સુધી પણ પહોંચી શકી ન હતી જ્યારે કમસે કમ એકાદ સદીની અપેક્ષા રખાતી હતી. ભારત માટે નવમા ક્રમની સ્નેહ રાણાએ ૭૪ બોલ રમીને લડાયક ૪૪ રન ફટકાર્યા હતા તો પ્રતિકા રાવલે ૨૭ અને જેમિમાહ રોડ્રિગ્સે ૨૯ બોલમાં ૪૨ રન ફટકાર્યા હતા. સ્મૃતિ મંધાના માત્ર ચાર બોલ રમી શકી હતી. તે ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગઈ હતી. કેપ્ટન હરમનપ્રિત કૌરે ૨૫ અને દિપ્તી શર્માએ ૨૯ રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયા માટે એલાના કિંગે ચાર વિકેટ લીધી હતી તો બોલિંગમાં ભારત માટે શ્રી ચરણી અને સ્નેહ રાણાએ બે બે વિકેટ લીધી હતી.




એલિસા હિલીએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. તે હવે છઠ્ઠી માર્ચથી ભારત સામે રમાનારી સિરીઝની એક માત્ર ટેસ્ટમાં રમશે અને ત્યાર બાદ ક્રિકેટને અલવિદા કહી દેશે.

# મેચ પછી ગૌતમ ગંભીરે સંજુ સેમસનને ગળે લગાડ્યો : કહ્યું, વર્લ્ડ ક્લાસ ખેલાડી

કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે માર્ચ રાત્રે સંજુ સેમસનની ઈનિંગ પ્રશંસાને પાત્ર છે. તેણે એકલા હાથે ભારતને સેમિફાઈનલમાં સ્થાન અપાવ્યું હતું. વેસ્ટ ઈન્ડીઝે ભારતને ૧૯૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. સંજુ સેમસનના અણનમ ૯૭ રનની મદદથી ભારતે ૧૯.૨ ઓવરમાં ૫ વિકેટે મેચ જીતી લીધી. ૧૯૪ ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા, સેમસને ૧૨ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો વાયરલ થઈ રહ્યો છે, જેમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર મેચ પછી સંજુ સેમસનને ભેટી રહ્યા છે. સંજુ વર્લ્ડ કપ પહેલા શાનદાર ફોર્મમાં હતો. વર્લ્ડ કપ દરમિયાન પણ, તેણે બે મેચમાં સારી શરૂઆત કરી હતી પરંતુ તે વહેલા આઉટ થઈ ગયો હતો. જોકે, વિકેટકીપર-બેટ્સમેને વેસ્ટ ઈન્ડીઝ સામે ઐતિહાસિક ઈનિંગ રમી હતી. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં ગૌતમ ગંભીરે કહ્યું, "તે એક વર્લ્ડ ક્લાસ ખેલાડી છે. આપણે બધા જાણીએ છીએ કે સંજુ કેટલો તેજસ્વી છે. જ્યારે ટીમને તેની સૌથી વધુ જરૂર હતી ત્યારે તેના પર આધાર રાખવાની વાત હતી. આજે તે દિવસે તેણે પોતાની ક્ષમતા બતાવી. આશા છે કે, આ તેનો શરૂઆત કરવાનો સમય છે. આશા છે કે, હજુ બે મેચ બાકી છે."



તેમણે આગળ કહ્યું, "અમે હંમેશા સંજુની પ્રતિભા વિશે જાણતા હતા. તેની પાસે ત્રણ T20 સદી છે. ઘણા લોકો તે કરી શકતા નથી. ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી તેના માટે મુશ્કેલ હતી. ક્યારેક તેને દબાણની પરિસ્થિતિઓમાંથી આરામ આપવો જરૂરી હતો. અમે જાણતા હતા કે વર્લ્ડ કપમાં જ્યારે પણ અમને સંજુની જરૂર પડશે, ત્યારે તે સારું પ્રદર્શન કરશે

**સોશ્યલ મીડિયાની તાકાત : વધતા ફોલોઅર્સ - વધતી લોકપ્રિયતા**

# ઇન્સ્ટ્રા પર છવાયેલા છે રોનાલ્ડો -મેસી અને કોહલી !




નવી દિલ્હી : નરેન્દ્ર મોદીના ઈન્સ્ટાગ્રામ પર ૧૦૦ મિલિયન ફોલોઅર્સનો આંકડો પાર થઈ ગયો છે. તેઓ આ ઉપલબ્ધિ મેળવતાં વિશ્વનાં પ્રથમ નેતા બન્યાં છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ઈન્સ્ટાગ્રામ પર વિશ્વમાં સૌથી વધુ ફોલો કરવામાં આવતાં લોકોમાં પ્રખ્યાત ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિઓનેલ મેસીનો સમાવેશ થાય છે.

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી પણ પાછળ નથી. તેમને ભારતમાં ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફોલો કરવામાં આવે છે.

ફોલોઅર્સના મામલે ઈન્સ્ટાગ્રામ પોતે પણ પાછળ નથી. ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ઈન્સ્ટાગ્રામના સત્તાવાર અકાઉન્ટના ફોલોઅર્સની સંખ્યા ૭૦૦ મિલિયન (૭૦ કરોડ)થી વધુ છે.આ તેને ઈન્સ્ટા પર સૌથી વધુ ફોલો કરવામાં આવતું અકાઉન્ટ બનાવે છે. આ અકાઉન્ટ વિશ્વભરમાં સૌથી લોકપ્રિય બ્રાન્ડ પેજ છે અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જેવા પ્રસિદ્ધ વ્યક્તિઓથી પણ આગળ છે.

# ધોની સીએસકેના પ્રી-સીઝન કેમ્પમાં ભાગ લેશે



ચેન્નાઈ સુપર કિંગ્સ રવિવાર (૧ માર્ચ) થી તેમની IPL તૈયારીઓ શરૂ કરી દીધી છે. મેનેજમેન્ટે પુષ્ટિ આપી છે કે ૨૪ કલાકમાં એક કેમ્પ શરૂ થશે અને બધા ભારતીય ખેલાડીઓ તેના માટે ભેગા થશે. CSK સ્ટાર એમએસ ધોની પણ કેમ્પનો ભાગ બનશે.

ફ્રેન્ચાઇઝના સીઈઓ કાસી વિશ્વનાથને શનિવારે (૨૮ ફેબ્રુઆરી) ક્રિકબઝને જણાવ્યું હતું કે, "હા, હું સ્વીકાં છું કે અમારો કેમ્પ આવતીકાલે શરૂ થશે અને એમએસ તેનો ભાગ બનશે." તેમણે અગાઉ આ વેબસાઈટને જણાવ્યું હતું કે ધોની આગામી સિઝનમાં રમશે.ચેન્નાઈમાં ફ્રેન્ચાઇઝના હાઈ-પર્ફોર્મન્સ સેન્ટર ખાતે યોજાનારી તૈયારી કેમ્પમાં લગભગ ૧૫ ખેલાડીઓ, બધા ભારતીયો જોડાશે તેવી અપેક્ષા છે. સંજુ સેમસન અને શિવમ દુબે જેવા ભારતીય આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ, જેઓ હાલમાં્ ૨૦ વર્લ્ડ કપમાં રમી રહેલી ભારતીય ટીમનો ભાગ છે, તેઓ મુખ્ય ઈવેન્ટ પૂર્ણ થયા પછી કેમ્પમાં જોડાશે. શ્રેયસ ગોપાલ, જે તાજેતરમાં સમાપ્ત થયેલી રણજી ટ્રોફી ફાઈનલમાં રમનાર કર્ણાટક ટીમનો ભાગ હતો.

# વિમેન્સ હોકી ક્વોલિફાયર ટીમમાંથી સવિતા પૂનિયા બહાર

અનુભવી ગોલકીપર અને ભૂતપૂર્વ સુકાની સવિતા પૂનિયાએ વ્યક્તિગત કારણોસર મહિલા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાંથી બહાર રહેવાનો નિર્ણય લીધો છે કારણ કે હોકી ઈન્ડિયાએ રવિવારે મિડ-ફિલ્ડર સલીમા ટેટેના નેતૃત્વમાં ૨૦ સદસ્યની ભારતીય વિમેન્સ હોકી ટીમની જાહેરાત કરી હતી.

FIH હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ ક્વોલિફાયરનું આયોજન આઠથી ૧૪મી માર્ચ દરમિયાન હૈદરાબાદ ખાતે થનારું છે.

બેલ્જિયમ અને નેધરલેન્ડમાં ઓગસ્ટમાં યોજાનારા FIH હોકી વર્લ્ડ કપ ૨૦૨૬માં ત્રણ ક્વોલિફિકેશન સ્થાનો માટે ભારતીય ટીમ સ્પર્ધા કરી રહી છે.



ટીમોને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે, જેમાં પૂલ-એમાં ઈંગ્લેન્ડ, કોરિયા, ઈટાલી અને ઓસ્ટ્રિયા છે, જ્યારે પૂલ-બી માં યજમાન ભારત, સ્કોટલેન્ડ, ઉરુગ્વે અને વેલ્સ છે. આ ઈવેન્ટમાંથી સવિતા પૂનિયાએ કૌટુંબિક કારણોસર વિરામ લીધો છે. "સવિતાએ ટુર્નામેન્ટ અગાઉ નેશનલ કેમ્પમાં ભાગ લીધો ન હતો કેમ કે તેણે પારિવારિક કારણોસર બહાર રહેવાનો નિર્ણય લીધો હતો. તેથી જ તેના પર વિચાર કરવાનું કોઈ કારણ નથી તેમ હોકી ઈન્ડિયાના સૂત્રોએ જણાવ્યું હતું.

અનુભવી સલીમા ટીમનું નેતૃત્વ જારી રાખશે. ટીમમાં બંસરી સોલંકી અને બિચ્છુ દેવી ખારીબામનો સમાવેશ થાય છે જે ગોલકીપિંગની જવાબદારીઓ સંભાળશે.

સુશીલા ચાનુ પુખરામબમ, નિક્કી પ્રધાન, મનીષા ચૌહાણ, ઉદિતા અને ઈશિકા ચૌધરી ડિફેન્સિવ યુનિટ બનાવે છે જ્યારે કેપ્ટન ટેટે, નેહા, સુનેલિતા ટોપો, સાક્ષી રાણા, વૈષ્ણવી વિઠ્ઠલ ફાળકે, રૂતજા દાદાસો પિસલ અને દીપિકા સોરેંગ મિડફિલ્ડ પર કબજો કરશે .ફોરવર્ડઃ નવનિત કૌર, ઈશિકા, લાલરેમસિયામી, બ્યુટી ડુંગડુંગ, બલજીત કૌર, અન્નુ.

# કોહલી અને રોહિત પાસેથી મેચ ફિનિશ કરવાનું શીખ્યો : સંજુ સેમસન

;ભારતે કોલકાતામાં વેસ્ટ ઈન્ડીઝને ૫ વિકેટે હરાવ્યું. આ જીતના હીરો સંજુ સેમસન રહ્યો, જેણે ૫૦ બોલમાં અણનમ ૯૭ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી અને પ્લેયર ઓફ ધ મેચ બન્યો.મેચ બાદ સેમસને કહ્યું કે તેમણે મેચ ફિનિશ કરવાનું વિરાટ કોહલી અને રોહિત શર્મા પાસેથી શીખ્યું છે. જ્યારે કોચ ગૌતમ ગંભીરે તેને વર્લ્ડ ક્લાસ પ્લેયર ગણાવ્યો. જસપ્રીત બુમરાહની પ્રશંસા કરતા સેમસને કહ્યું કે બુમરાહે હંમેશા ટીમનો સાથ આપ્યો છે.સંજુ સેમસને પોતાની સફળતાનો શ્રેય ટીમના સિનિયર ખેલાડીઓને આપ્યો. તેણે કહ્યું, હું લાંબા સમયથી આ ફોર્મેટમાં રમી રહ્યો છું. મારી પાસે લગભગ ૧૨ વર્ષનો IPL અનુભવ છે અને છેલ્લા ૧૦ વર્ષથી હું નેશનલ ટીમના સેટઅપનો ભાગ છું.ભલે મેં વધુ આંતરરાષ્ટ્રીય મેચ (લગભગ ૫૦-૬૦) ન રમી હોય, પરંતુ ડગઆઉટમાં બેસીને મેં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજોને નજીકથી જોયા છે. મેં લગભગ ૧૦૦ મેચ ફક્ત તેને અવલોકન કરવામાં વિતાવી છે કે તેઓ કેવી રીતે મેચ પૂરી કરે છે અને પરિસ્થિતિઓ અનુસાર પોતાની રમત બદલે છે.પોતાની યાત્રાને યાદ કરતા સંજુએ કહ્યું કે, દેશ માટે રમવાનું સપનું મેં બાળપણથી જોયું હતું. આજનો દિવસ મારા માટે ખૂબ જ ખાસ છે. મારી કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. ઘણી વાર મારા પર પણ શંકા થઈ, પરંતુ મેં વિશ્વાસ જાળવી રાખ્યો. ભગવાનનો આભાર કે આજે મને આ તક મળી. આ મારા જીવનના સૌથી મોટા દિવસોમાંનો એક છે.મેચ પછી સૂર્યકુમારે કહ્યું કે, આ જીત અમારા માટે ખૂબ જ ખાસ છે. આ મુકાબલો ક્વાર્ટરફાઈનલ જેવો હતો. જે રીતે ખેલાડીઓએ દબાણમાં રમત બતાવી, તે પ્રશંસનીય છે. ટુર્નામેન્ટની શરૂઆતથી અમે જેવી રમત બતાવી છે, તેના આધારે અમે સેમિફાઈનલમાં પહોંચવાને લાયક હતા.સંજુ સેમસનની મેચ વિજેતા ઈનિંગ્સ પર કેપ્ટને કહ્યું, હું હંમેશા કહું છું કે જે લોકો રાહ જુએ છે અને મહેનત કરે છે, તેની સાથે સારું જ થાય છે. સંજુ જ્યારે ટીમની બહાર હતો, ત્યારે પણ તે સતત પોતાની સ્કિલ્સ પર કામ કરી રહ્યો હતો. આજે તેને તે જ સખત મહેનતનું ફળ મળ્યું છે. તેણે જે રીતે ઈનિંગ્સ સંભાળી, તેણે મેચને અમારા પક્ષમાં વાળી દીધી.ભારતીય કેપ્ટને જણાવ્યું કે ટીમે ૧૯૬ રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે ઝાકળની અસરને ધ્યાનમાં રાખીને રણનીતિ બનાવી હતી. તેણે કહ્યું, અમે જાણતા હતા કે ઝાકળને કારણે બોલ બેટ પર સારી રીતે આવશે અને ૨૦૦ રનનો ટાર્ગેટ પણ ચેઝ કરી શકાય છે. તેથી અમારો પ્લાન મેચને અંત સુધી લઈ જવાનો હતો. બોલરોએ પણ તેમની યોજના મુજબ સારું પ્રદર્શન કર્યું.હાર બાદ વેસ્ટ ઈન્ડીઝના કેપ્ટન શાઈ હોપે સ્વીકાર્યું કે તેમની ટીમ અપેક્ષા મુજબનો સ્કોર બનાવી શકી નહીં. હોપે કહ્યું, અમે કેટલાક રન ઓછા રહી ગયા. આ મેદાન પર, જ્યાં રન સરળતાથી બને છે, ત્યાં અમને છેલ્લી ઓવરોમાં વધુ ઝડપથી રન બનાવવા જોઈતા હતા.સંજુએ શાનદાર ઈનિંગ રમી, તેનો શ્રેય તેમને જાય છે. જોકે અમારા સ્પિનરો અકીલ હોસેન અને ગુડાકેશ મોતીએ આખી ટુર્નામેન્ટમાં સારી બોલિંગ કરી, પરંતુ આજે અમે ફિનિશિંગ લાઈન પાર કરી શક્યા નહીં.



# દુબઈ એરપોર્ટ પર વિસ્ફોટ : બેડમિન્ટન સ્ટાર સિંધુ અને કોચનો આબાદ બચાવ

## ભારતની બેડમિન્ટન સ્ટાર સિંધુ અને તેના કોચ યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે ફસાયા

ખાડી દેશોમાં વધી રહેલા તનાવ અને ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના સંઘર્ષની અસર રમતજગત પર પણ જોવા મળી છે. ભારતીય સ્ટાર બેડમિન્ટન ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા પીવી સિંધુ અને તેના ઈન્ડોનેશિયન કોચ ઈરવાનસ્યાહ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સર્જાયેલી ભયાનક સ્થિતિમાંથી માંડ માંડ બચ્યા હતા.

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ ખાડી વિસ્તારમાં જવાબી મિસાઈલ હુમલા શરૂ થયા હતા. આ દરમિયાન સિંધુ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હતી ત્યારે ત્યાં નજીકમાં જ એક જોરદાર વિસ્ફોટ થયો હતો.

આ અંગે સિંધુએ જણાવ્યું હતું કે "અમે દુબઈ ઉતર્યા તેના થોડા સમય બાદ જ એરસ્પેસ બંધ કરી દેવામાં આવી હતી. અમે મિસાઈલોને તોડી પાડવાના અવાજો સાંભળી શકતા હતા. અમે જ્યાં રોકાયા હતા તેની ખૂબ નજીક વિસ્ફોટ થયો હતો. મારા કોચ વિસ્ફોટના સ્થળથી માત્ર ૧૦૦ મીટર દૂર હતા."



આ અંગે તેના કોચ ઈરવાનસ્યાહે જણાવ્યું હતું કે આ એક ચમત્કારિક બચાવ હતો. હાલ તેમને સુરક્ષિત હોટેલમાં ખસેડવામાં આવ્યા છે પરંતુ ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

પીવી સિંધુ ત્રીજી માર્ચથી ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં શરૂ થઈ રહેલી પ્રતિષ્ઠિત 'ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપ'માં ભાગ લેવા જઈ રહી હતી. પરંતુ ફ્લાઈટ્સ રદ થવાને કારણે તે શનિવારથી દુબઈમાં ફસાયેલી છે.

માત્ર સિંધુ જ નહીં પરંતુ ભારતના અન્ય બેડમિન્ટન ખેલાડીઓ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં સાત્વિકસાઈરાજ રાંકીરેડ્ડી, ચિરાગ શેટ્ટી અને લક્ષ્ય સેનનો સમાવેશ થાય છે અને તેઓ સુરક્ષિત રીતે બર્મિંગહામ પહોંચી ગયા છે. જોકે ભારતની ઉન્નતિ હુડા ભારતથી નીકળી શકી નથી કારણ કે તેની દિલ્હી-બર્મિંગહામ ફ્લાઈટ રદ થઈ હતી.

એર ઈન્ડિયા સહિતની ઘણી એરલાઈન્સે ખાડીના દેશોની તેમની તમામ સેવાઓ હાલ પૂરતી સ્થગિત કરી દીધી છે. સિંધુએ ભારતીય હાઈ કમિશન અને દુબઈ એરપોર્ટ સત્તાવાળાઓનો આભાર માન્યો હતો જેમણે મુશ્કેલ સમયમાં ખેલાડીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં મદદ કરી હતી. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ પણ પરિસ્થિતિ પર નજર રાખી છે અને જરૂર પડ્યે મેચના શિડ્યુલમાં ફેરફાર કરવાની તૈયારી દર્શાવી છે.



# કતારગામ પટેલ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ દ્વારા રક્તદાન શિબિર

**માત્ર ત્રણ કલાકમાં ૨૭૫ યુનિટ રક્તનું દાન**

સુરત, તા.૨

સુરત શહેરમાં રક્ત ની પડતી અછત ને પહોંચી વળવા અને થેલેસેમીયા ગ્રસ્ત બાળકોને, કેન્સર ગ્રસ્ત દર્દીઓને તેમજ જરૂરિયાત મંદ દર્દીઓને લોહી સમયસર મળી તેવા આશય થી કતારગામ ના પટેલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પરીવાર દ્વારા મહા રકતદાન કેમ્પ નું આયોજન કરાયું હતું. આ રકતદાન કેમ્પ કરવાનું મુખ્ય પ્રયોજન તે હતું કે ખાસ સુરત શહેર માં બ્લડ ની અવાર નવાર અછત પડતી હોય છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૦૨૬ ના પ્રારંભે સૌની સુખાકારી અને જરૂરીયાતમંદ ની જીંદગી બચાવવા ના એક ઉમદા વિચાર થી સેવા નો પ્રયાસ કર્યો છે. વધુમાં કતારગામના કોર્પોરેટર શ્રી ઘનશ્યામભાઈ સવાણી એ જણાવ્યું હતું કિરણ હોસ્પિટલ એન્ડ બ્લડ બેન્ક ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ રક્તદાન કેમ્પ ના મુખ્ય આયોજક પટેલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પરીવાર એક સેવા પરિવાર છે જેમાં અગ્રણી હીરા ઉદ્યોગપતિ સાથે વિશાળ સંખ્યામાં રત્નકલાકારો જોડાયેલા હોય તેથી બહોળી સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરે છે તેથી આજરોજ ના કેમ્પ માં અંદાજે ૩ કલાક માં ૨૭૫ થી વધુ રક્ત બોટલ એકત્ર થઈ છે અને હજુ પણ કેમ્પ ના અંત પહેલા અસંખ્ય રક્તદાતાઓ ઉમટી રહ્યા છે તો બ્લડ બેન્ક ને ખાસ્સી એવી રાહત મળી શકે તેમ છે. રીજીયા જેમ્સ ના મેનેજીંગ ડિરેક્ટર નાગજીભાઈ વી. રીજ્યા એ પધારેલ અગ્રણી રાજકીય મહાનુંભાવો અગ્રણી ઉધોગપતિ સમાજ શ્રેષ્ઠીઓ તેમજ શહેર ની વિવિધ સેવાકિય સંસ્થાઓના પ્રમુખશ્રી ઓનું અને રત્નકલાકારો સહિત સેવા ના સાથી નું હાર્દિક ઉષ્મભેર બહુમાન કરી સન્માન કર્યુ હતું. આ તકે સુરતની સેવા સંસ્થાન જય ભગવાન યુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ સહિત સેવકો એ કેમ્પ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સેવા ના ભાવ સાથે ની અખંડતા એકતા અને સેવાસાથી ઓનાં હાથ થી હાથ મિલાવી સાથ સહકાર સહયોગ અને સમર્પણ થી સેવા કેમ્પ સંપુર્ણ પણે સફળ રહ્યો હતો તેથી સમગ્ર સૂરત માં સેવાની સુવાસ પ્રસરાઇ ગઈ હતી.

# શ્રી રામકૃષ્ણ પરમહંસની જન્મ જયંતિ નિમિત્તે ભજન સંધ્યા

**સંગીતવૃંદ દ્વારા આધ્યાત્મિક સંગીતની રજૂઆત**

અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર ખાતે શ્રી રામકૃષ્ણ પરમહંસની જન્મ જયંતી નિમિત્તે ભજન સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. અંકલેશ્વર ખાતે શ્રી શ્રી રામકૃષ્ણ પરમહંસની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી ભજન સંધ્યાએ ભક્તિમય માહોલ સર્જ્યો હતો. રામકૃષ્ણ વિવેકાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ અંકલેશ્વર દ્વારા જીઆઈડીસીમાં આવેલ ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યા હતા.શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા ના સંગીતવૃંદે ભજન અને આધ્યાત્મિક સંગીતની રજૂઆત કરી શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાંતિપૂર્ણ અને આધ્યાત્મિક વાતાવરણ અનુભવાયું હતું.આ પ્રસંગે સ્વામી ઈશમાનંદજી , સ્વામી સુમાનંદજ તેમજ આશુતોષ મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના ચેરમેન ડૉ. હર્ષ શાહ અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# વિધાનસભાના ડે. સ્પીકર પૂર્ણેશભાઈ મોદીનું સન્માન

સુરત, તા.૨

મોઢ વણીક સમાજ ના સપૂત ૧૬૭ પશ્ચિમ વિધાનસભા ના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી હાલમાં જ વિધાનસભા માં ડે.સ્પીકર તરીકે ની નિયુક્તિ બાદ શ્રી પૂર્ણેશભાઈ મોદી પ્રથમ વખત સુરત પધાર્યા ત્યારે ચાહકો ની ભીડ અને તેમના ભરપૂર માન સન્માન વચ્ચે શ્રી સુરતી મોઢ વણીક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા સર્કિટ હાઉસ ખાતે શ્રી પૂર્ણેશ ભાઈ મોદી નું શાલ, મોતી ની માળા અને પુષ્પગુચ્છ થી સન્માન કરતા પ્રમુખ હરીશ પીપવાળા, તત્કાલીન પૂર્વ પ્રમુખ અજય મોદી, સ્થાપક પ્રમુખ પરેશ ભાટિયા, પૂર્વ પ્રમુખો નીતિન ઘાએલ, પંકજ માંજરાવાળા, જતીન મહેતા, મનોજ ગાંધી સાથે મોઢ વણિક સમાજના અગ્રણીઓ એ શ્રી પૂર્ણેશ ભાઈ મોદી નું સન્માન કર્યું હતું.




**ગતરોજ ૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ સુરતમાં સામાજિક કાર્યકરો અને પાંચસો (૫૦૦) મિશનરી સાથીઓને કેડર ડો. સુભાન રામ સાહેબ, ભૂતપૂર્વ IRS, ભૂતપૂર્વ મુખ્ય આવકવેરા કમિશનર, મુંબઈ, વાઇસ ચાન્સેલર અને રાષ્ટ્રીય સંયોજક અને બહુજન મહાપુરુષની વિચારધારાના મુખ્ય માર્ગદર્શક દ્વારા કેડર તાલીમ આપવામાં આવી હતી.**

# શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધિકારીઓ સાથે બેઠક

**શ્રમિકોના પરિશ્રમ અને યોગદાનથી જ રાજ્યનો વિકાસ શક્ય બન્યો છેઃ શ્રમિકોની કાળજી રાખવી એ આપણી સામૂહિક જવાબદારીઃ શ્રમ, રોજગાર મંત્રી**

સુરત, તા.૨

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને સુરત સરકીટ હાઉસ ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ વિભાગની કામગીરીની સમીક્ષા કરી મંત્રીશ્રીએ વિભાગીય કામગીરી વધુ અસરકારક થાય એના માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રોજગાર માટે વિવિધ રાજ્યોમાંથી રોજી રોટી માટે આવેલા શ્રમિકોના કારણે સુરત અને વલસાડ જિલ્લામાં શ્રમિકો બહોળા પ્રમાણમાં વિવિધ એકમોમાં કાર્યરત છે. જેથી સંબંધિત અધિકારીઓ પાસે શ્રમિકોના ડેટા અને રોજગારલક્ષી વિગતો હોવી અત્યંત જરૂરી છે.

તેમણે જણાવ્યું કે, શ્રમિકોના પરિશ્રમ અને યોગદાનથી જ રાજ્યનો વિકાસ શક્ય બન્યો છે, ત્યારે તેમની કાળજી રાખવી એ આપણી સામૂહિક જવાબદારી છે. વસ્તી વધતા રોજગારીની માંગ સતત વધી રહી છે, તેથી દરેક શ્રમિકના હિતોનું રક્ષણ સુનિશ્ચિત કરવું આપણું કર્તવ્ય છે. લેબર પરિવારોની દેખરેખ રાખવી આપણી નૈતિક અને સામાજિક જવાબદારી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, દરેક અધિકારી પોતાની જવાબદારીને બખૂબી નિભાવશે તો જ યોગ્ય પરિણામ મળશે. કેટલીક આઈટીઆઈ સંસ્થાઓમાં કાર્યપદ્ધતિ પરંપરાગત રીતે ચાલી રહી છે, પરંતુ હવે સમય મુજબ નવી ટેકનોલોજી અપનાવી, નવીન પ્રયાસો સાથે કામગીરી કરવાની જરૂર છે.તેમણે વધુમાં કહ્યું કે, બદલાતા સમયમાં જેમ પરિવર્તન આવ્યું છે તેમ કામગીરીમાં પણ પરિવર્તન લાવવું જરૂરી છે. પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાથી તેનું ફળ અવશ્ય મળે છે. આ બેઠકમાં શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ સહિત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સિદ્ધાર્થ લો કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો યોજાયો

સુરત, તા.૨




સિદ્ધાર્થ લો કોલેજ, કામરેજ દ્વારા સંસ્થાના ગૌરવશાળી ૩૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એક વિશેષ સ્નેહમિલન અને સન્માન સમારોહ “યાદોનું ભાથું” નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા કોલેજના ઘડતરમાં પાયાનું યોગદાન આપનાર પ્રતિભાશાળી કાયદાવિદો અને અધિકારીઓને એક મંચ પર લાવી જૂની યાદો તાજી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં મુખ્ય આકર્ષણ તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન ભોગવતા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જસ્ટીસ જયેશ વી. ભૈરવીયા (જ્યુડિશિયલ મેમ્બર એન્ડ HOD, સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ, અમદાવાદ), મુખ્ય અતિથિ વિશેષ તરીકે ડો. વિક્રમ દેસાઈ (ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, સિદ્ધાર્થ લો કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના સ્પોન્સર અને માતૃ સંસ્થા સિદ્ધાર્થ લો કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને બીસીજીની ચૂંટણીના મજબૂત દાવેદાર હરેશ નાકરાણીએ પણ કાર્યક્રમનું સર્જન્ય મળવા બદલ ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમનું સંકલન વકીલ અશ્વિન જોગડીયા, ડોક્ટર કિરણ સોલંકી તથા સિનિયર વકીલ નિલેશ વઘાસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. “ચાલને દોસ્ત, ફરી એકવાર એ જ કોલેજના આંગણે મળીએ" આ સૂત્રને ધ્યાને રાખી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિધાર્થીઓ હાજર રહી જૂની

**અમેરિકા-ઈઝરાયલ**
**પહેલા પાનાનું ચાલુ**

ઈઝરાયલના હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈની હત્યાની સખત નિંદા કરી છે. તેમણે આ ઘટનાને કાયરતાપૂર્ણ આતંકી હુમલો ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે આ પગલું દેશોના મૂલ્યો વિરુદ્ધ છે. આ માત્ર આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન નથી, પરંતુ તેનાથી સમગ્ર વિશ્વની શાંતિ અને દેશોની સમાનતાના સિદ્ધાંતને ખતરો પેદા થઈ શકે છે.

આવું પગલું વૈશ્વિક વ્યવસ્થાને અસ્થિર કરી શકે છે. તેમણે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અને સુરક્ષા પરિષદને અપીલ કરી છે કે તેઓ તેમના અધિકાર અને જવાબદારી નિભાવે.તેમણે માગ કરી છે કે અમેરિકા અને ઈઝરાયલને આ આતંકવાદી હુમલા માટે જવાબદાર ઠેરવવામાં આવે અને તેમની વિરુદ્ધ ઠોસ અને અસરકારક કાર્યવાહી કરવામાં આવે, જેથી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે.

**ઈરાનની સેનાને**
**પહેલા પાનાનું ચાલુ**

અમારુ આ આક્રમક ઓપરેશન પુરી ક્ષમતાથી ચાલુ છે અને અમોએ અનેક સ્થળો પર પુરતી માત્રામાં શસ્ત્રો દારુગોળો સંગ્રહ કર્યા છે અને જો તમો શરણે નહી આવે અથવા અમારા લક્ષ્ય હાંસલ ન થાય ત્યાં સુધી હુમલો ચાલુ રહેશે.

ટ્રમ્પે હુંકાર કરતા કહ્યું કે હું જે ધારૂ તે કરી શકુ છું. અમારા સૈનિકોના મોતનો બદલો લેવાશે અને તેઓને ખુદજ ઘા મારવામાં આવશે. બીજી તરફ ઈઝરાયેલે પણ ઈરાન પર નિર્ણાયક પ્રહાર કરવા જાહેરાત કરી છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુએ જાહેર કર્યુ કે ઈરાનની લડાયક ક્ષમતાને ખત્મ કરાશે. તેઓ ઈઝરાયેલના સંરક્ષણ મથક કીયાના છત પર પહોંચશે. આ જાહેરાત કરી હતી. અમો તહેરાનના મધ્યમાં કરીશું. ઈરાનના મિસાઈલ હુમલામાં ઈઝરાયેલમાં પણ એક મહિલા સહિત અનેકના મોત થયા છે.

**અમેરિકાએ ઈરાનમાં**
**પહેલા પાનાનું ચાલુ**

આ બી-૨ બોમ્બર દ્વારા ઈરાને અંડરગ્રાઉન્ટમાં રાખેલી બેલેસ્ટિક મિસાઈલોને નષ્ટ કરવામાં આવી છે. આ બોંબ એટલા શક્તિશાળી હોય છે કે, તે જમીનની નીચે ૨૦૦ ફૂટ અથવા ૬૦ મીટર અંદરની કોઈપણ વસ્તુનો ખુરદો બોલાવી દે છે.

અમેરિકાએ આ મિશનને અંજામ આપવા માટે ભયાનક આયોજન કરવામાં આવ્યું છે. પ્લાન મુજબ બી-૨ સ્પિરિટ બોમ્બર્સે અમેરિકાથી ઉડાન ભરીને સીધું જ ઈરાન પર ત્રાટક્યું છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે રવિવારે સોશિયલ મીડિયા પર માહિતી આપી છે કે, ઈરાન હુમલામાં ત્રણ સૈનિકોના મોત અને પાંચ ગંભીર ઘાયલ થયા છે. જોક અમેરિકન સેનાએ મૃતક કે ઈજાગ્રસ્ત જવાનોની માહિતી આપી નથી.બીજીતરફ ઈઝરાયલની મૈગન ડેવિડ એડોમ ઈમરજન્સીએ કહ્યું કે, ઈરાને રવિવારે ઈઝરાયલના બેત શેમેસમાં હુમલો કરતા આઠ લોકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની વિગતો સામે આવી છે.

**અફઘાને હુમલો**
**પહેલા પાનાનું ચાલુ**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સંઘર્ષની શરૂઆત ૨૨ ફેબ્રુઆરીએ થઈ હતી. પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનના ઉપ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPના ઠેકાણાઓ પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૭૦ તાલીબાનીઓ માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા ૮૦ સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને ૨૭ ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો.

અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સણસણતો જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોને સતત નકારતી રહી છે.

**ઈરાન પર હુમલાના**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાનમાં લગભગ ૧૦,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે, અભ્યાસ કરે છે અને કામ કરે છે. જ્યારે ૪૦,૦૦૦ થી વધુ ઈઝરાયેલમાં રહે છે. ગલ્ફ અને વેસ્ટ એશિયામાં લગભગ ૯૦ લાખ ભારતીયો છે.સ્એ એમ પણ જણાવ્યું હતું કે તેમણે ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી હતી. તેમણે હાલની સ્થિતિ અંગે ભારતની ચિંતા વ્યક્ત કરી હતી અને ભાર મૂક્યો હતો કે નાગરિકોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારત દુશ્મનાવટનો વહેલાસર અંત લાવવાની જરૂરિયાતનો પર ભાર મુકે છે.ખરેખર, ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીનું ઇઝરાયેલી હુમલામાં મૃત્યુ થયું છે. દેશ-દુનિયાભરમાં આને લઈને પ્રદર્શનો થઈ રહ્યા છે. ભારતમાં પણ શ્રીનગર, લખનઉ, સંભલ, પટના સહિત ૧૫થી વધુ શહેરોમાં પ્રદર્શનની તસવીરો સામે આવી.

**ભારત સહિત વિશ્વ શેર**
**પહેલા પાનાનું ચાલુ**

આની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે. દિલ્હીમાં પેટ્રોલ ૯૫ પ્રતિ લિટરથી વધીને ૧૦૦ સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ ?૮૮ થી વધીને ૯૨ સુધી જઈ શકે છે.

વાયદા બજાર (MCX) પર સોનું ૫ હજાર રૂપિયા (૩%)ના વધારા સાથે ૧.૬૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર કારોબાર કરી રહ્યું છે. જ્યારે ચાંદી ૮ હજાર રૂપિયા (૩%) વધીને ૨.૯૧ લાખ પ્રતિ કિલો પહોંચી ગઈ છે. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સોનું ૧.૯૦ લાખ રૂપિયા અને ચાંદી ૩.૫ લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

**એલએન્ડટીના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

માતાજીના આશીર્વાદ માંગ્યા હતા. સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલભાઈ ઉધનાવાલાએ એક સત્તાવાર પ્રેસ રિલીઝ જારી કરીને સમગ્ર કાર્યવાહીની નિંદા કરી હતી, જેમાં જણાવ્યું હતું કે કામદારોને તેમના અધિકારોની માંગ કરવા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ઉધનાવાલાએ જણાવ્યું હતું કે કામદારોએ તેમના મૂળભૂત અધિકારો અને બંધારણ દ્વારા ખાતરી આપવામાં આવેલી સારી કાર્યકારી પરિસ્થિતિઓની માંગ કરી હતી. બદલામાં, L&T મેનેજમેન્ટે પોલીસ સાથે મળીને તેમના પર ખોટા કેસ દાખલ કર્યા.મોટી સંખ્યામાં કામદારોને અટકાયતમાં રાખીને, તેમનું મનોબળ તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે સંપૂર્ણપણે અલોકતાંત્રિક છે.

કોંગ્રેસની મુખ્ય માંગણીઓ: કામદારો સામે દાખલ કરાયેલા તમામ "બનાવટી" કેસ તાત્કાલિક અસરથી પાછા ખેંચી લેવા જોઈએ. અટકાયતમાં લેવાયેલા કામદારોને સન્માન સાથે મુક્ત કરવા જોઈએ. મેનેજમેન્ટે વેતન વધારા અને સલામતી માટેની કામદારોની કાયદેસર માંગણીઓ તાત્કાલિક સ્વીકારવી જોઈએ.

સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશકુમાર સૂર્યવંશીએ મેનેજમેન્ટને કડક સંદેશ આપતા કહ્યું કે જો પોલીસ અને મેનેજમેન્ટ તેમની દમનકારી નીતિઓ બંધ નહીં કરે, તો સુરત શહેર કોંગ્રેસ ચૂપ નહીં રહે. તેમણે ચેતવણી આપી હતી કે કોંગ્રેસ ટૂંક સમયમાં કામદારોના ગૌરવ અને અધિકારોના રક્ષણ માટે શહેરમાં એક વિશાળ જાહેર આંદોલન શરૂ કરશે. શનિવારે, શહેર કોંગ્રેસ સુરત શહેર પોલીસ કમિશનરને એક આવેદનપત્ર સુપરત કરશે, જેમાં ધરપકડ કરાયેલા તમામ કામદારો સામેની ફરિયાદ રદ કરીને તેમને મુક્ત કરવાની માંગ કરવામાં આવશે. જો પોલીસ કામદારોને મુક્ત નહીં કરે, તો કોંગ્રેસ ફરિયાદ રદ કરવાની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી દાખલ કરશે.ઉલ્લેખનીય છે કે ગયા ગુરુવારે, પાણીપતમાં બનેલી એક ઘટનાનો વાયરલ વીડિયો સામે આવ્યા બાદ હજીરા પ્લાન્ટના કામદારોએ વેતન અને અન્ય સુવિધાઓને લઈને હિંસક વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના પગલે પોલીસે ઘણા લોકો સામે કાર્યવાહી કરી હતી.

**પશ્ચિમ એશિયામાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્રશ્ન ઊભો થયો છે. જોકે, કેટલાક વૈશ્વિક ખરીદદારો વિકલ્પરૂપે ભારત તરફ નજર કરી રહ્યા છે, પરંતુ વધતા ઉત્પાદન ખર્ચ વચ્ચે સ્પર્ધાત્મકતા જાળવી રાખવી એ મોટો પડકાર બની રહેશે.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ભારત પોતાની ઊર્જા જરૂરિયાતનો મોટો હિસ્સો મધ્ય પૂર્વમાંથી આયાત કરે છે. જો સમુદ્રી માર્ગોમાં અવરોધ ઊભો થાય અથવા પરિસ્થિતિ વધુ વિકટ બને, તો કાચા તેલના ભાવમાં વધારો થઈ શકે છે, જેના કારણે પેટ્રોલ, ડીઝલ અને ગેસના દરોમાં વૃદ્ધિ, વીજ ઉત્પાદન ખર્ચમાં વધારો તથા પરિવહન ખર્ચમાં તેજી આવી શકે છે. આ તમામ પરિબળો ટેક્સટાઈલ, કેમિકલ, પ્લાસ્ટિક, પાવરલૂમ અને ડાયમંડ પ્રોસેસિંગ જેવા ઊર્જા આધારિત ઉદ્યોગોની ઉત્પાદન કિંમત વધારી શકે છે અને તેમની સ્પર્ધાત્મકતા પર અસર કરી શકે છે.ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, સુરત એ દક્ષિણ ગુજરાતનું અગત્યનું નિકાસ કેન્દ્ર છે, જ્યાંથી ટેક્સટાઈલ, તૈયાર કપડા, યાર્ન, જરી તેમજ હીરા-જ્વેલરી વિશ્વભરમાં નિકાસ થાય છે. જો મધ્ય પૂર્વના સમુદ્રી માર્ગોમાં અવરોધ ઊભો થાય, તો ફ્રેઈટ ચાર્જ અને વીમા પ્રીમિયમમાં વધારો, કન્ટેનરની અછત અને નિકાસ ઓર્ડરમાં વિલંબ જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે, જેનાથી આંતરરાષ્ટ્રીય બજારમાં સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ શ્રી મિતિશ મોદીએ જણાવ્યું હતું કે, ઈરાન પાસે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (Strait of Hromuz) છે, જે અત્યારે બ્લોક થઈ ગયો છે, આને કારણે ઓઈલ અને ક્રૂડના કન્ટેનર બ્લોક થઈ જશે, જેની વિપરીત અસર ભારતથી થતા એક્સપોર્ટ અને ભારતમાં થતા ઈમ્પોર્ટ એમ બંને પર પડશે. હાલની પરિસ્થિતિ જો લાંબી ચાલશે તો ક્રૂડના ભાવ વધશે અને તેને કારણે ભારતનો ફુગાવો વધશે. અત્યારે ક્રૂડના ભાવ પ્રતિ બેરલ રૂ. ૬૦૦૦ છે, જે રૂ. ૭૦૦૦ હજાર સુધી વધશે તો તેની માઠી અસર ફિસકલ ડેફિસિટ પર પડશે, જેને કારણે ભારતમાં બજેટરી પ્રોબ્લેમ ઊભા થશે અને બેન્કના વ્યાજદરમાં પણ વધારો થઈ શકે છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને કારણે ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ બંને પર વિપરીત અસર પડવાની સંભાવના છે. ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો દ્વારા ઉદ્યોગકારોને અત્યારે ‘વેઈટ એન્ડ વોચ’ની નીતિ અપનાવવા, ખાસ કરીને ગલ્ફ દેશો સાથે નવા ઓર્ડર કરતી વખતે પેમેન્ટની શરતો બાબતે પૂરતી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. ઉદ્યોગોએ કાચા માલનો પૂરતો સ્ટોક સંભાળીને રાખવો, વૈકલ્પિક બજારો શોધવા અને ખર્ચ નિયંત્રણ માટે આંતરિક કાર્યક્ષમતા વધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જો વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ લાંબા સમય સુધી એવી જ રહી તો સુરતના ઉદ્યોગો આ પડકારજનક સમયમાં સ્થિરતા જાળવી શકે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ તરફથી કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ ઉદ્યોગોને આવશ્યક સહાય, વ્યાજદરમાં રાહત, નિકાસ પ્રોત્સાહન તથા લોજિસ્ટિક્સ સુવિધામાં સુધારા માટે રજૂઆત કરવામાં આવશે.

**યુપીએલ યુનિવર્સિટી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વિભાગના વડા ડૉ. તૃપ્તિ પટેલ અને અન્ય અધિકારીઓએ આ પ્રસંગે હાજરી આપી હતી અને સહભાગીઓ અને આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી. યુપીએલ યુનિવર્સિટી ખાતે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં વિજ્ઞાન અને ઈજનેરી પ્રવાહના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો જેમ કે ક્વિઝ સ્પર્ધા, હર્બેરિયમ, સર્જનાત્મક લેખન, પોસ્ટર અને મૌખિક પ્રસ્તુતિઓ "વેસ્ટ ટુ વેલ્થ", એક્ટ ઇટ આઉટ, ટેસ્ટ ઓફ સાયન્સ, સાયટૂન, સાય રીલ અને અન્ય ઘણી આકર્ષક પ્રવૃત્તિઓ. તમામ સ્પર્ધાઓના વિજેતાઓને મહાનુભાવો દ્વારા ઈનામો અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, જિજ્ઞાસા અને વિજ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતી પ્રેરણાદાયક નોંધ પર ઉજવણીનું સમાપન થયું.

**રાષ્ટ્રીય પ્રમુખપદે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ધરવામાં આવશે સાથોસાથ અત્યાધુનિકતાના વાતાવરણમાં વિવિધ પ્રકારના થતાં રોગોથી સામાન્ય માનવ જીવનમાં આરોગ્યમાં ખામી આવતા આરોગ્ય કથળે છે એ સામે વિવિધ પ્રકારના સારવાર કેમ્પો , રક્તદાન કેમ્પ, આંખ -દાત તથા ચેકઅપ ના કેમ્પ , ચામડી કાનના રોગોના કેમ્પો યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે અને તેને સાર્થક કરવા પ્રણ લેવામાં આવ્યું છે સાથોસાથ રાજકીય ગતિવિધિઓ પ્રજાહિતમા બાજ નજર સરકાર શ્રીના પ્રજા લાભાર્થી પ્રજાલક્ષી કાર્યો ક્રમો ને પ્રોત્સાહન આપવાનું અને પ્રજાને જે તે સમયે જે તે પ્રજાકીય લાભ ત્વરિત મળી રહે એવા મોટા પ્રોજેક્ટ બીજા એનજીઓ, અને સાંસ્કૃતિક શિક્ષણ સમાજ સેવા ટ્રસ્ટ જેવી બીજી સંસ્થાઓને સાથે રાખી કરવામાં આવશે અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ ક્ષેત્રે મુંગા પશુઓની સેવા સહિત સતત સક્રિય રોજીંદા સેવાકીય પ્રવૃત્તિ કરતા રૂવાલા દંપતિ ફરીથી ઉચ્ચકક્ષાના સેવાના મર્મ સાથે ૨૦૨૬-૨૭ નું વર્ષ સેવા વર્ષ તરીકે ઉજવશે સાથોસાથ વિધાર્થી કાળને ઉજ્જવળ બનાવવા જે તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જે તે સમયે નોટબુક વગેરે સ્ટેશનરી અને સ્કુલ કોલેજ બેગ આપી સહાય કરવામાં આવશે આ રીતે માનવ જીવનમાં સમગ્ર ક્ષેત્રને વિવિધ પ્રકારે મદદરૂપ બનવવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે આ વખતે વધુ ને વધુ યુવા ભાઈ બહેનો ને ૨૦૨૬-૨૭ ના નવા હોદ્દેદારો તરીકે નિમણૂક આપી સમાજ અને દેશની સેવા કાજે યુવા ધનને સેવાના ભેખધારી બનાવી રાષ્ટ્રની એકતા અને સેવા કાર્યોમાં જોતરવામાં આવશે તમામ પ્રોજેક્ટમાં આ વર્ષે યુવા ધનને વધુ ને વધુ પ્રાધાન્ય આપી દેશ કાજે યુવા શક્તિને કામે લેવાશે ટૂંક સમયમાં સુરત શહેર અને ગુજરાત રાજ્ય સહિત સમસ્ત ભારત દેશના શહેર અને રાજ્યોમાં નવા હોદ્દેદારોની નિમણૂક કરી ૨૦૨૬-૨૭ નું વર્ષ કાર્યસિદ્ધિના વર્ષ તરીકે સિદ્ધ કરવા ઉત્તમ પ્રયાસો કરાશે નવા વર્ષમાં હોદ્દેદાર બનવા રસ ધરાવનાર નવ યુવાનોને પણ નવી ટીમ માં સામેલ કરવામાં આવશે ખાસ પ્રોજેક્ટ તરીકે ૮ માર્ચ મહિલા દિવસની ઉજવણી કરાશે જેમાં આખું વર્ષ વિવિધ ક્ષેત્રોની મહિલાઓનું વિશિષ્ટ પારિતોષિક આપી સન્માન કરવામાં આવશે મહિલાઓ જાતે પગભર બને એવા પ્રોજેક્ટ પણ હાથ ધરાશે અત્રે નોંધનીય છે કે રાષ્ટ્રીય મહિલાવિગનુ નેતૃત્વ પણ અમિષા ફરોખ રૂવાલા (માયા કુમાર)સંભાળશે.

**સમાચાર પત્રની માલિકી અને અન્ય વિષયો સંબંધિત વિવરણ ઘોષણા**
**ફોર્મ-૪**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | સુરત |
| ૨. પ્રકાશનનો સમયગાળો | દૈનિક |
| ૩. મુદ્રકનું નામ | રાજેશ બાલુભાઈ પટેલ |
| શું ભારતના નાગરિક છે | હા |
| સરનામું | એસ-૬, કે.એસ.બી. ઓલોમ્પિયા, કૈલાશ ચોકડી નજીક, પાંડેસરા, સુરત. ૩૯૪૨૨૧ |
| ૪. પ્રકાશકનું નામ | રાજેશ બાલુભાઈ પટેલ |
| શું ભારતના નગિરક છે | હા |
| સરનામું | એસ-૬, કે.એસ.બી. ઓલોમ્પિયા, કૈલાશ ચોકડી નજીક, પાંડેસરા, સુરત. ૩૯૪૨૨૧ |
| ૫. સંપાદકનું નામ | પ્રવિણભાઈ રત્નાભાઈ ગોહિલ |
| શું ભારતના નાગરિક છે | હા |
| સરનામું | એસ-૬, કે.એસ.બી. ઓલોમ્પિયા, કૈલાશ ચોકડી નજીક, પાંડેસરા, સુરત. ૩૯૪૨૨૧ |
| ૬. તે વ્યક્તિઓના નામ અને સરનામા જે સમાચાર પત્રના માલિક હોય તથા જે સમસ્ત મુડીના એક ટકાથી વધુના ભાગીદાર અથવા હિસ્સેદાર હોય | ઈમેજ પબ્લીકેશન ૧. રાજેશ બાલુભાઈ પટેલ ૨. જગદીશકુમાર વાલજીભાઈ ચાવડા |

હું રાજેશ બાલુભાઈ પટેલ અત્રે જાહેર કરુ છું કે મારી વધુમાં વધુ જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપર જણાવેલ વર્ણન સત્ય છે.

સહી/-
રાજેશ બાલુભાઈ પટેલ
(પ્રકાશકની સહી)

તારીખઃ ૦૨-૦૩-૨૦૨૬

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka




હોળી-ધૂળેટી તહેવારોમાં ખજુર, સાકર, હારડા વગેરેનું પરંપરાગત ખૂબ મહત્વ છે. અને રંગ પર્વ માટે રંગોનું ધૂમ વેચાણ થાય છે. સુરતના બજારોમાં રંગબેરંગી સાકર હારડા તથા વિવિધ પ્રકારના રંગોનું વેચાણ થતું હોવાનું તથા શાળામાં આજે સવારે હોળીકાદહન કાર્યક્રમ યોજાયો હોવાનું તસ્વીરોમાં જણાય છે.

# સાંજે હોળીકા દહન, કાલે ચંદ્રગ્રહણ અને બુધવારે રંગ પર્વ ધૂળેટી

## સુરતમાં સાંજે ઠેર ઠેર હોળીકા દહન, બુધવારે ધૂળેટીની ધામધૂમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ફાગણ મહોત્સવ હોળી-ધૂળેટી પર્વ વચ્ચે આ વર્ષે ચંદ્રગ્રહણનો યોગ હોવાથી સાંજે હોળીકા દહન કરાશે જ્યારે આવતીકાલે મંગળવારે ચંદ્રગ્રહણને પગલે મંદિરો બંધ રાખવાની ફરજ પડતા ધૂળેટી પર્વની ઉજવણી તા.૪ માર્ચ બુધવારના રોજ કરાશે. હોળી-ધૂળેટી પર્વ સંદર્ભે લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તતી રહ્યો છે. ત્યારે ચંદ્રગ્રહણના યોગથી હોળી તથા રંગ પર્વમાં એક દિવસ ધોકાનો છે.

હિન્દુ શાસ્ત્રોમાં ભારે મહાત્મ્ય ધરાવતા બે પર્વો હોળી અને ધુળેટીની રોનક શહેરમાં દેખાશે. ચાલુ વર્ષે ગ્રહણના વિચિત્ર સંયોગ વચ્ચે સોમવારે હોળી પ્રાગટ્ય પછી એક દિવસના વિરામ બાદ બુધવારે રંગોત્સવ ધુળેટીની રંગારંગ ઉજવણી થશે. નિર્દયી રાજા હિરણ્યકશિપુ અને ભગવાની ભક્તિ, શ્રદ્ધાને વરેલા ભક્ત પ્રહ્લાદની જીવનગાથા સાથે સંકળાયેલા હોળી પર્વ વેળાએ ૨૦૦૦થી વધારે ઠેકાણે હોળી પ્રાગટ્યના આયોજનો કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ગૌમય કાસ્ટથી બનેલી વૈદિક હોળી પ્રગટાવવા જોવા મળેલી જાગૃતિ ચાલુ વર્ષે પણ જોવા મળશે. દરમિયાન સંધ્યાકાળે લાખો શહેરીજનો હોળી પર્વના ભાગરૂપે વાસ્તવિક જીવનમાં નકારાત્મક ઊર્જાને તિલાંજલી આપી. હોળીની જવાળામાં ભસ્મ કરી સકારાત્મક ઊર્જા મેળવવાનો અવસર મનાવશે.

હોળી-ધૂળેટી પર્વ સંદર્ભે ઠેર ઠેર ભવ્ય આયોજન કરાયો છે. બુધવારના રોજ રંગપર્વની રંગારંગ ઉજવણી કરવા માટે તમામ વયના લોકોમાં ભારે થનગનાટ જોવા મળે છે.

## મંગળવારે ચંદ્રગ્રહણ હોવાથી મંદિરો સવારથી જ બંધ રહેશે

હોળી તથા ચંદ્રગ્રહણ સંદર્ભે ઉમરગામ નજીક નહેરુનગર સ્થિત પૌરાણિક સોમનાથ મહાદેવ મંદિરના ભવનેશ મહારાજ દ્વારા જણાવાયું છે કે, આજે તા.૨ માર્ચ સોમવારના રોજ સાંજે ૭.૧૫ કલાકે હોલીકાદહનનું શ્રેષ્ઠમુહૂર્ત છે. જ્યારે આવતીકાલે તા.૩ માર્ચ મંગળવારે ચંદ્રગ્રહણ હોવાથી મંદિર સાવરથી બંધ રહેશે અને રાત્રે ૮.૧૫ કલાકે દર્શન અર્થે ખુલશે. મંગળવારના રોજ ચંદ્રગ્રહણ સ્પર્શ બપોરે ૨.૧૪ કલાકે થશે. મધ્યગ્રહણ સાંજે ૫.૦૩ કલાકે અને ગૃહણમોક્ષ સાંજે ૭.૫૩ કલાકે થશે.આમ ચંદ્રગ્રહણનો કુલ કાળ ૫ કલાક ૩૯ મીનીટનો રહેશે. આજે હોળીકા દહન અને આવતી કાલે ચંદ્રગ્રહણનો યોગ હોવાથી તા.૪ માર્ચ બુધવારે રંગપર્વ ધૂળેટીની ઉજવણી કરાશે.

# કુવૈતમાં સુરતના એન્જિનિયરની બસ પર ઈરાનની મિસાઈલનો કાટમાળ પડ્યો

## સિંગણપોરમાં રહેતા અને કુવૈતની રિફાઈનરીમાં કામકરતા યુવક પ્રશાંત બાબરિયાએ ભયાનક યુદ્ધનો ચિતાર વર્ણવ્યો

**સુરત, તા.૦૨**

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા હુમલા બાદ ફાટી નીકળેલા યુદ્ધની આગ મિડલ ઈસ્ટના અન્ય દેશો સુધી ફેલાઈ છે. ત્યારે મિડલઈસ્ટમાં કામ કરતા હજારો ભારતીય નાગરિકોની ચિંતા વધી છે. સુરતના સિંગણપોર વિસ્તારના વતની અને હાલ કુવૈતની રિફાઈનરીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતા એક યુવકે આજે ત્યાંની ભયંકર સ્થિતિ 'પ્રતાપ દર્પણ' દૈનિકની વાતચીતમાં વર્ણવી હતી.

### કુવૈતમાં અમેરિકાના અલ સાલેમ એરબેઝ પર ઈરાને મિસાઈલ મારો કર્યો

પ્રશાંત બાબરિયા નામનો યુવક ગઈકાલે સવારે જ્યારે તેની રિફાઈનરી પર જઈ રહ્યો હતો ત્યારે જ તેની બસ પર ઈન્ટરસેપ્ટ કરાયેલી મિસાઈલનો કાટમાળ પડ્યો હતો. સદનસીબે તમામનો બચાવ થયો હતો. પ્રશાંત બાબરિયાએ કહ્યું હતું કે, મધરાતથી જ સતત ધડાકાઓ થઈ રહ્યા છે. તેને કહ્યું હતું કે, હું જ્યારે કંપની પર જઈ રહ્યો હતો ત્યારે મારી નજર સામે જ મિસાઈલનો કાટમાળ પડ્યો.

પ્રશાંતે વધુમાં ચોંકાવનારી વિગત આપતા જણાવ્યું કે, આ મિસાઈલ જ્યારે હવામાં તોડી પાડવામાં આવી ત્યારે તેનો કાટમાળ સીધો જ અમારી બસની ઉપર પડ્યો હતો. બસની ઉપર પછડાયા બાદ કાટમાળ ચારે તરફ વિખરાઈ ગયો હતો. સદનસીબે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ કામદારોમાં ભારે ડરનો માહોલ છે. પહેલા અમને નાની ગાડીઓમાં લઈ જવામાં આવતા હતા, પરંતુ હવે સુરક્ષાના કારણોસર તમામને બસમાં એકસાથે લઈ જવામાં આવે છે.


કુવૈતમાં વર્તમાન સ્થિતિ અંગે જણાવતા તેમણે કહ્યું કે, "છેલ્લા બે-ત્રણ દિવસથી અમે સતત ડ્રોન હુમલા અને મિસાઈલ ઈન્ટરસેપ્ટ થવાના અવાજો સાંભળી રહ્યા છીએ. આજે સવારે ૩ વાગ્યાથી જ સતત મોટા ધડાકાઓ થઈ રહ્યા છે. આખી રાત સાયરન વાગતી રહે છે, જેને કારણે ઊંઘવું પણ મુશ્કેલ બન્યું છે. વાતાવરણ એટલું તણાવપૂર્ણ છે કે ગમે ત્યારે શું થશે તે કહી શકાય તેમ નથી."

પ્રશાંત જે રિફાઈનરીમાં કામ કરે છે તેની બિલકુલ બાજુમાં જ અમેરિકાનું 'અલ-સાલેમ એરબેઝ' આવેલું છે. ઈરાન દ્વારા આ એરબેઝને ટાર્ગેટ બનાવીને મિસાઈલો અને ડ્રોન છોડવામાં આવી રહ્યા છે. ઈન્ડસ્ટ્રીયલ ઝોનની નજીક જ આ મિલિટરી બેઝ હોવાને કારણે રિફાઈનરીમાં કામ કરતા કર્મચારીઓ પર જોખમ વધી ગયું છે. હવામાં જ મિસાઈલો તોડી પાડવામાં આવતી હોવાથી તેના અવશેષો રહેણાંક વિસ્તારોમાં પડી રહ્યા છે.

તણાવ છતાં કંપનીઓ ચાલુ છે, પરંતુ નિયમોમાં ફેરફાર કરાયા છે. પ્રશાંતે જણાવ્યું કે, "અમને હાલ ખૂબ જ સાવચેતી સાથે કામ પર લઈ જવામાં આવે છે. શક્ય છે કે આવતીકાલથી માત્ર ઈમરજન્સી ડ્યુટી જ રાખવામાં આવે અથવા વર્ક ફ્રોમ હોમની એડવાઈઝરી જાહેર કરવામાં આવે. હાલમાં તમામ ભારતીયોને સાવધ રહેવા અને સુરક્ષિત સ્થળોએ રહેવા માટે સૂચના આપવામાં આવી છે."

**મધ્ય-પૂર્વમાં ફાટી નીકળેલા ભયાનક યુદ્ધથી ભારતીય કામદારો ભયભીત અખાતના દેશોની ઘણી ખરી કંપનીઓએ વર્કફ્રોમ હોમની સૂચના આપી**

# સુરતમાં મેટ્રો ટ્રેન રૂટ પર ટ્રેક બીછાવી દેવાયા



સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. સુરતના અત્યંત મહત્વપૂર્ણ મેટ્રોરેલ પ્રોજેક્ટ જુદા જુદા વિસ્તારોમાં અલગ અલગ તબક્કામાં છે. અડાજણ સ્ટાર બજારથી પાલ એલપી સવાણી રોડ પરના મેટ્રો રેલના રૂટ પર ટ્રક બીછાવી દેવામાં આવ્યા છે. જ્યારે સ્ટાર બજાર મેટ્રો સ્ટેશનનું કામ પણ મોટા ભાગે પૂર્ણ થઈ ગયું છે. સુરતના મહત્વપૂર્ણ મેટ્રો ટ્રેન રેલ પ્રોજેક્ટની આ તસ્વીરો 'પ્રતાપ દર્પણ'ના વાચક ફેનિલ ઠક્કર દ્વારા મોકલવામાં આવી છે.

# બીઆરટીએસ કોરીડોરમાં ટેમ્પો અને બસની ટક્કર

## કોરીડોરમાં રોંગ સાઈડથી ઘૂસી આવેલા ટેમ્પાના કારણે સર્જાયેલા અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

શહેરમાં BRTS કોરિડોરમાં પ્રતિબંધ હોવા છતાં ખાનગી વાહનોના પ્રવેશને કારણે અકસ્માતોનો સિલસિલો યથાવત છે. રવિવારે બપોરે જહાંગીરપુરાથી અલથાણ જતી BRTS બસને કૈલાશનગર પાસે અકસ્માત નડ્યો હતો.

કોરિડોરમાં અચાનક રોંગ સાઈડથી ધસી આવેલા એક ટેમ્પો ચાલકે બસને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસના આગળના ભાગના કાચના કુરચા ઉડી ગયા હતા અને રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં ટેમ્પો ચાલકની ગંભીર બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. સદનસીબે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ નિયમોના લીરેલીરા ઉડાડતા વાહનચાલકો સામે હવે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

**તુષાર ઘેલાણી આપઘાત કેસ**

# કોર્ટમાં પૂનમની જામીન અરજી પર બપોરે ફરિયાદ પક્ષની દલીલ

## ડીજીપી સુખાવાલા તથા સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ પણ દલીલો રજુ કરશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

સુરતના બિલ્ડર તુષાર ઘેલાણીના આત્મહત્યા દુષ્પ્રેરણાના કેસમાં પુનમ ભદોરીયાએ કરેલી જામીન અરજીના તબક્કે આરોપી પક્ષની દલીલો બાદ આજે બપોર બાદ ફરિયાદ પક્ષ પોતાની દલીલો રજૂ કરશે.

આ કેસની વિગત એવી છે કે થોડા દિવસો પહેલા સુરતના સીટી લાઈટ ખાતે સંગમ સોસાયટીમાં રહેતા બિલ્ડર તુષાર ઘેલાણીએ પુત્રી તનવીના લગ્નના ગણતરીના દિવસો પહેલા જ આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે તુષાર ઘેલાણીની પુત્રી તન્વીએ ફરિયાદ આપતા ઉમરા પોલીસ સ્ટેશનમાં વેસુની પૂનમ ભદોરીયા સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થયો હતો. બે દિવસ પહેલા પૂનમે વકીલ વિનય શુક્લા મારફતે જામીન અરજી કરી હતી. જામીન અરજીના વિરોધમાં પોલીસે અને ફરિયાદ પક્ષે સોગંદનામુ રજૂ કર્યું હતું. આ જામીન અરજીના તબક્કે શનિવારે આરોપી પક્ષ તરફે વકીલ વિનય શુક્લાએ મૃતક તુષાર ઘેલાણી જમણેરી હતા તો પછી જમણા કાન પાસેથી ગોળી બહાર કેવી રીતે નીકળે...? તેમજ પોલીસે તુષારભાઈના પરિવારના સભ્યોના નિવેદનો શા માટે નથી નોંધ્યા..? તેવા આક્ષેપો સાથે આક્ષેપિત પૂનમબેન તરફે જામીન અરજીની દલીલો કરવામાં આવી હતી. તદુપરાંત આ આખી ઘટના હત્યા હતી અને તેને આત્મહત્યામાં ફેરવવાના આક્ષેપો પણ આરોપી પક્ષે કરવામાં આવતા સૌ ચોકી ઉઠ્યા હતા. દરમિયાન આજે બપોર બાદ આરોપી પક્ષની દલીલોના જવાબમાં ફરિયાદ પક્ષે ડીજીપી નયન સુખડવાલા અને સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ પોતાની દલીલો રજૂ કરશે.

# છેતરપિંડીના કેસમાં આરોપી દલાલની અપીલ રદ કરતી કોર્ટ

## ટ્રાયલ કોર્ટના ચૂકાદાને આરોપીએ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

ટેક્સટાઈલ સિટી સુરતમાં વેપારી સાથે થયેલી છેતરપિંડીના મામલે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ચેક રિટર્ન કેસમાં આરોપી દલાલે કરેલી અપીલ કોર્ટે રદ કરી દીધી હતી.

મની એન્ટરપ્રાઈઝના માલિક જીતેશ સતાણી પાસેથી પર્વત પાટિયા ખાતે રહેતા કાપડ દલાલ આરોપી પ્રવિણ બલદાણીયા અને તેના કરશન બલદાણીયાએ વિવિધ વેપારીઓ માટે માલ અપાવ્યો હતો. જેની પેમેન્ટની જવાબદારી આરોપી પ્રવિણ અને કરશનએ સ્વીકારી હતી.

લેણી રકમ પેટે આરોપી પ્રવિણએ આપેલો ૧૮ લાખનો ચેક બેંકમાંથી પરત ફરતા જીતેશ સતાણીએ એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.કેસની સુનાવણી બાદ, ટ્રાયલ કોર્ટે આરોપી પ્રવિણને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદ અને ૧૮ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. આરોપીએ આ ચુકાદા સામે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ સેશન્સ કોર્ટે પણ એડવોકેટની રજૂઆતો ગ્રાહ્ય રાખી અપીલ રદ કરી ટ્રાયલ કોર્ટની સજા યથાવત રાખી હતી.

# વરેલીમાં પાણીની કોથળી ફેંકવા મુદ્દે પિતા-પુત્ર દ્વારા હુમલો કરાયો

## ગેરેજ સંચાલકને માર મરાતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

હોળી પર્વે વરેલી વિસ્તારમાં પાણીની કોથળી મારવા બાબતે બોલાચાલી બાદ પિતાની મદદથી એક ગેરેજ સંચાલકને ઝાપટ મારતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ સુરતના પુણા વિસ્તારમાં રહેતા રમેશચંદ્ર ભગીરથ યાદવ (ઉં.વ. ૪૫), જેઓ મોટર રિપેરિંગનો વ્યવસાય કરે છે, તેમની વરેલી સ્થિત શાંતિ પેલેસમાં દુકાન આવેલી છે. ગત તારીખ ૨૮/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યાના અરસામાં, એક અજાણ્યો છોકરો તેમની દુકાનમાં પાણીની પ્લાસ્ટિકની કોથળી ફેંકીને ભાગી રહ્યો હતો. રમેશચંદ્રએ તેને પકડીને આવું ન કરવા બાબતે ઠપકો આપ્યો હતો.

આ બાબતની અદાવત રાખી આરોપી રાકેશકુમાર રામસજીવન યાદવ ત્યાં દોડી આવ્યા હતા અને 'મારા છોકરાને કેમ પકડ્યો' તેમ કહી રમેશચંદ્રના બંને હાથ પકડી લીધા હતા. તે જ સમયે રાકેશકુમારના પુત્ર આદર્શકુમારએ રમેશચંદ્રને ડાબા ગાલ તેમજ કાનના ભાગે જોરદાર લાફો ઝીકી દીધો હતો.

બંને પિતા-પુત્રએ એકબીજાની મદદગારી કરી મારપીટ કરતા ભોગ બનનારે આ અંગે કડોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

# ગુગલ પર પોર્ન વીડિયો જોતા યુવકને ગુનાની ધમકી આપી સાયબર ફ્રોડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

કડોદ ગામે સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુગલ પર અશ્લીલ વિડીયો જોવાની ફરિયાદ થઈ હોવાનું કહી અજાણ્યા ઠગએ એક આધેડ પાસેથી હજારો રૂપિયા પડાવ્યા લીધા હતા..

કડોદ ગામના ખોખર ફળીયામાં રહેતા ૫૧ વર્ષીય મનોજભાઈ ભીખુભાઈ પ્રજાપતીને ગત ૧૩ ફેબ્રુઆરીના રોજ અજાણ્યા મોબાઈલ નંબરો પરથી ફોન આવ્યા હતા. ફોન કરનાર ઈસમએ મનોજભાઈને ધમકી આપી હતી કે, "તમે ગુગલ પર પોર્ન વિડીયો જોયા છે અને તેની તમારી વિરુદ્ધ કમ્પ્લેન થઈ છે." આ ખોટી ફરિયાદમાં સમાધાન કરવાના બહાને ઠગોએ વિશ્વાસમાં લઈ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૨૩,૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. મનોજભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા મનોજભાઈએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.. પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ આઈટી એક્ટની વિવિધ કલમો આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# વીઆર મોલ પાસે હારમોની એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૨**

શહેરના પોશ ગણાતા ડુમસ રોડ પર ગત રાત્રે આગની એક ઘટના બની હતી. વીઆર મોલની સામે આવેલા હારમોની એપાર્ટમેન્ટના બી-૪૦૭ નંબરના એક બંધ ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે ફ્લેટમાંથી ધુમાડો નીકળતો જોઈ પડોશમાં રહેતા અભિષેકભાઈએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ ફાયર ઓફિસર અભિષેક ગઢવીના નેતૃત્વમાં વેસુ અને મજુરા ફાયર સ્ટેશનની ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.તપાસમાં જાણવા મળ્યું હતું કે બેડરૂમમાં રાખેલા એસી (AC) માં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. આગને લીધે બેડરૂમમાં રહેલો બેડ અને અન્ય ફર્નિચર સામાન્ય રીતે બળીને ખાખ થઈ ગયું હતું.સદનસીબે જે સમયે આગ લાગી ત્યારે મકાન બંધ હતું, જેના કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.



આજે હોળી મહા પર્વ બાદથી શિયાળાની વિધિવત વિદાય સાથે ઉનાળાની ઋતુનું આગમન થતું હોય છે. બળબળતા ઉનાળામાં પરંપરાગત માટીના માટલાનું શિતળ પાણી રાહતદાયક હોય છે. બળબળતો ઉનાળો શરૂ થાય તે પૂર્વે જ સુરતની બજારોમાં માટીના નવા નક્કોર માટલા વેચાણ અર્થે મોટી માત્રામાં આવી ગયા છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
SGCCI
SURAT INTERNATIONAL auto expo 7th Edition
વિઝિટર રજીસ્ટ્રેશન
POWERED BY Mobil
રફતાર અને નવી ટેકનોલોજીનો ભવ્ય ઉત્સવ
૧૩ માર્ચ ૨૦૨૬, બપોરે ૧.૦૦ થી સાંજે ૭.૦૦ | ૧૪ થી ૧૬ માર્ચ ૨૦૨૬, સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત.
વધુ માહિતી માટે સંપર્ક કરો +૯૧ ૯૦૨૩૬ ૭૭૪૫૨

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૯૦ ૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, હર્ષીલ ત્રીવેદી મો. ૭૯૮૪૦૮૯૧૩૮, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭,
E-mail auction@hindujahousingfinance.com

**સરફેસી એક્ટ હેઠળ સિક્યોર્ડ અસ્ક્યામતોની ખાનગી સંધિ ( Private Treaty )દ્વારા વેચાણ**

હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ SARFAESI એક્ટના હેઠળ શેડ્યૂલ પ્રોપર્ટીનો કબજો લઈ લીધો છે. સામાન્ય રીતે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે શેડ્યુલમાં ઉલ્લેખિત સુરક્ષિત મિલકત ખાનગી સંધિ દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે, જે "જેમ છે તે પ્રમાણે છે" અને " જ્યાં જે છે તે પ્રમાણે છે" પર તેના લેણાંની વસૂલાત માટે HHFLને સંમત છે. ખાનગી સંધિ દ્વારા મિલકતના વેચાણ માટેના માનક નિયમો અને શરતો નીચે મુજબ છે : ૧. ખાનગી સંધિ દ્વારા વેચાણ "જ્યાં છે તે પ્રમાણે" અને "જેમ છે તે પ્રમાણે" પર રહેશે. ૨. ખરીદદારે એચએચએફએલ દ્વારા પ્રોપર્ટીની ખરીદી માટે ઓફરની સ્વીકૃતિ મળ્યાના આગલા કામકાજના દિવસે વેચાણની વિચારણાના ૨૫% અને બાકીની રકમ ત્યારપછીના ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. ૩.ખરીદદારે ઓફર કરેલી રકમના ૧૦% અરજી સાથે જમા કરાવવાની રહેશે જે ઉપરોક્ત કલમ (૨) મુજબ કરવામાં આવનાર ડિપોઝિટના ૨૫% સામે એડજસ્ટ કરવામાં આવશે. ૪. ઉપરોક્ત કલમ (૨) હેઠળ જરૂરી રકમ મોકલવામાં નિષ્ફળતા અરજી સાથે ચૂકવેલ રકમના ૧૦% સહિત પહેલાથી ચૂકવેલ રકમની જપ્તીનું કારણ બનશે. ૫. HHFL દ્વારા ખરીદીની ઓફરનો સ્વીકાર ન કરવાના કિસ્સામાં, અરજી સાથે ચૂકવેલ ૧૦% રકમ કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે. ૬. HHFL ને જાણીતી હોય કે અજાણી હોય તે તમામ વર્તમાન અને ભાવિ બોજો સાથે મિલકત વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ લેણદાર કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ / અધિકારો / લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ૭. ખરીદદારે તેના સંતોષ માટે મિલકત (ખાનગી સંધિ દ્વારા વેચાણ હેઠળ) સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય ધ્યાન રાખવું જોઈએ. ખરીદનાર પછીની તારીખે આ સંબંધમાં અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈપણ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. ૮. HHFL કોઈપણ કારણ આપ્યા વિના ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે. ૯. એક કરતાં વધુ ઓફરના કિસ્સામાં, HHFL સૌથી વધુ ઓફર સ્વીકારશે. ૧૦. રસ ધરાવતા પક્ષો વધુ વિગતો/સ્પષ્ટતા માટે અને તેમની અરજી સબમિટ કરવા માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. ૧૧. ખરીદદારે મિલકતની ખરીદીના સંદર્ભમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી અને અન્ય ખર્ચાઓ, કર, ફરજો ભોગવવા પડે છે. ૧૨. વેચાણ SARFAESI એક્ટ/નિયમોની જોગવાઈઓ અનુસાર થશે. ૧૩. સિક્યોર્ડ ક્રેડિટર હિન્દુજા હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ સદરહુ સિક્યોર્ડ અસ્ક્યામતનો નિકાલ કરવાનુ નક્કી કરેલ છે. **વેચાણની આ નોટિસ આજે પ્રકાશિત થયેલ છે કે ઉપરની વિગતની સિક્યોર્ડ અસ્ક્યામતોનું ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ હિન્દુજા હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ, બ્રાન્ચ ઓફિસ : યુ.જી. ૪,૫ અને ૬, જે. કે. ટાવર, જુની સબ જેલ પાસે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨. ખાતે વેચાણ કરવાનું નક્કી કરેલ છે.**

| ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ, અને જમીનદારો ના નામ અને લોન ખાતા નં. | અનામત કિંમત | મિલકતનું શેડ્યૂલ વર્ણન (સુરક્ષિત સંપત્તિનો ભાગ) |
|---|---|---|
| ઉધારકર્તા :- શ્રી વિષ્ણુકુમાર રાજપુત<br>સહ-ઉધારકર્તા :- શ્રીમતી બવિતાદેવી રાજપુત<br>A/c. No. GJ/SRT/DNDL/A000000074 | રૂા. ૧૦,૮૨,૦૦૦/- અંકે રૂા. દસ લાખ બ્યાંસી હજાર પુરા | સુરત શહેરના મોજે ગામ કરડવાના મહેસૂલ સર્વે નં. ૭૬, બ્લોક નં. ૮૦ ખાતે આવેલ ૪૮૯૯૩ ચોરસ મીટર માપના 'શિતલ રેસિડેન્સી' માં, બિન-કૃષિ સ્થાવર રહેણાંક પ્લોટ નં. ૩૦૬ ના તમામ ભાગો અને પાર્સલ, ૪૨.૩૮ ચોરસ મીટર માપના, કુલ ૬૧.૬૫ ચોરસ મીટર માપના, રોડ અને સી. ૦. પી. ની જમીનમાં અવિભાજિત હિસ્સો, કુલ ૨૯૩૯૫.૮૦ ચોરસ મીટર માપના, પુનઃગઠિત કુલ ૨૯૩૯૫.૮૦ ચોરસ મીટર માપના, (૧) બાવિતાદેવી વિષ્ણુકુમાર રાજપૂત અને |

(૨) વિષ્ણુકુમાર જમુનાપ્રસાદ રાજપૂત દ્વારા ખરીદવામાં આવશે. નીચે મુજબ સીમાઓ સાથે: પ્લોટ નં. ૩૦૭, પ્લોટ નં. ૩૦૫, પ્લોટ નં. ૧૦૮ અને ૧૦૯ અને સોસાયટી રોડ

સ્થળ : સુરત | તારીખ : ૦૨-૦૩-૨૦૨૬ | અધિકૃત અધિકારી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ